
કુમાર

સંસ્થાપક
સ્વ. રવિશંકર મ. રાવળ
આદ્યતંત્રી
સ્વ. બચુભાઈ રાવત

આવતી
કાલનાં
નાગરિકોનું
માસિક

વર્ષ ૫૯મું
અંક ૬ઠ્ઠો
જૂન · ૧૯૮૨
સળંગ અંક
૭૦૨
તંત્રી
બિહારીલાલ ટાંક



ગરીબનું સ્વર્ગ

કલાકાર : સ્વ. રસિકલાલ પરીખ

(જુઓ આ અંકની કલાવાર્તા)

ઈ. સ. ૧૯૩૫-'૩૬ના અરસામાં પ્રદર્શિત થએલું રસિકભાઈનું આ ચિત્ર એ અરસાની ગુજરાતની ચિત્રકળાના એક સુંદર નમૂના તરીકે મુંબઈના મ્યુઝિયમે ખરીદી લીધેલું. રહેવાને એક કાચુંપાકું ઘર, આંગણામાં વૃક્ષના શીળા છાંયડો અને રતન જેવાં બે બાળકોથી કિલ્લોલતો ઘરસંસાર હોય પછી ગ્રામનારીને બીજું શું જોઈએ? એને મન તો આ જ જીવન અને આ જ સ્વર્ગ.

ઘરનો પોપટ

કલાકાર · સ્વ. રસિકલાલ પરીખ

▷



નર્તકી

અથવા 'દેવદાસી' નામથી યે
સ્વ. રસિકલાલનું આ ચિત્ર જાણીતું છે.
ચિત્રકળાનો અભ્યાસ પૂરો કર્યા પછી
તુરતના જ વર્ષમાં એમણે આ ચિત્ર કરેલું
અને ઈ. ૧૯૩૬માં તે
'બૉમ્બે આર્ટ સોસાએટી'ના વાર્ષિક
પ્રદર્શનમાં રજૂ થઈ શ્રેષ્ઠ ચિત્ર તરીકે
સુવર્ણચંદ્રક પામ્યું અને વેચાઈ ગયું હતું.
એ કાળે આ સુવર્ણચંદ્રક મેળવવો તે
ચિત્રકળા ક્ષેત્રે ભારતભરમાં શ્રેષ્ઠ
માન ગણાતું હતું. આ અગાઉ વીસ વર્ષ
પહેલાં આ માન સ્વ. શ્રી રવિશંકર રાવળને
મળેલું. એ રીતે એમના પછી આ ચંદ્રક
મેળવનાર રસિકભાઈ બીજા જ
ગુજરાતી કલાકાર હતા.
પશ્ચિમી ચિત્રશૈલીની પ્રતિષ્ઠાનાં
એ વર્ષોમાં આ માન તે
રસિકભાઈ, ગુજરાતની કળા
તથા ભારતીય ચિત્રશૈલી,
ત્રણેને માટે ગૌરવપ્રદ હતું.



રસિકભાઈનાં ચિત્રો શીતળ, પ્રેમળ હળવી ઊર્મિઓભર્યા રંગ અને રેખાની સચોટ હથોટી-વાળા નમૂનાઓ છે. જીવનની ફિલસૂફી બતાવતા પ્રસંગોનો વેધ કરતાં ચિત્રો નહિ, પણ નરી સરળતાપૂર્વક પોતાના વાતાવરણમાંથી કાવ્યમય પાત્રો અને દશ્યો સર્જતી એમની મનોહર સજીવ રંગાવટ એમની કલાક્ષમતા સિદ્ધ કરી આપે છે. તેમાંના લાલિત્ય, માર્દવ રંગ અને આકારોની સચોટ સ્પષ્ટતા એમની કળાનાં આગવાં અંગ રહ્યાં છે.

'કુમાર'નો આવતો અંક વિશેષ સામગ્રી સાથે જુલાઇ-ઑગસ્ટના સંયુક્ત અંક તરીકે પ્રગટ થશે. વાચકોને આ અનિવાર્ય નિર્ણય નિભાવી લેવા વિનતિ.

કૃતિ યોગ્ય કદના કાગળની એક જ બાજુએ પૂરતો હાંસિયો રાખીને શાહીથી જ તથા સ્પષ્ટ સુવાચ્ય અક્ષરે લખીને મોકલવી. લખાણમાં લીધેલાં અન્ય ભાષાનાં અવતરણો અનુવાદ સાથે, અને નામ, તારીખો, પારિભાષિક શબ્દો વગેરે છૂટા અક્ષરે સ્પષ્ટ લખવાં, ઇતર ભાષાનાં અલ્પ-પરિચિત નામ, ટેક્નિકલ વિષયના શબ્દો વગેરે સાથે કૌંસમાં અથવા હાંસિયામાં અલગ તેના મૂળ અંગ્રેજી, લૅટિન વગેરે જે શબ્દ હોય તે સુવાચ્ય રીતે દર્શાવવાં. લવાજમ, રવાનગી વગેરે વ્યવસ્થા અંગેનો પત્રવ્યવહાર 'વ્યવસ્થા વિભાગ' સાથે કરવો.

જૂન ૧૯૮૨
સળંગ અંક ૭૦૨

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી.

'કુમાર' કાર્યાલય લિમિટેડ તરફથી મુદ્રક અને પ્રકાશક: અશોકભાઈ બચુભાઈ રાવત - મુદ્રણ અને પ્રકાશન-સ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિમિટેડ ૧૪૫૪ રાયપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧, ફોન નં. ૩૬૩૭૪૫ - વાર્ષિક લવાજમ: રૂ. ૩૦-૦૦; પરદેશ: રૂ. ૬૦-૦૦ અથવા પાઉન્ડ ૪ અથવા ડૉ. ૧૦; છૂટક નકલ: રૂ. ૩-૦૦

ન જાણું શેં / ભાનુપ્રસાદ પંડ્યા

- શિખરિણી સૉનેટ -

રહ્યું વસ્ત્રોનું કૈં વળગણ નવેલું નજરને
પહેલેથી. ભાળે ગવનચીતર્યાં આમ્ર પરની
નમેલી શાખા તો મયૂર થઈ બેસે, ચુનરીના
નિહાળે પાસે બાવન ફરકતા બાગ, મહીં જૈ
કિલોલે સૂડા શું નજર! ચકચૂરી ચરણ જો
ચડે રાસે ચૌટે–નૂપુર પર અંભોધિફીણ શો
છવાતો પાનીપે ઘૂઘવી ઊઠતો ઘેર નીરખી
સરે તેમાં દૃષ્ટિ મીન સમ–તરે કેવું તરલ!

હવે કાં કાલાંથી તડતડી ફૂટેલી ધવલતા
ગમે ક્‌ની એને હિમશકલ શી? કોઈ યતિની
જુએ શુભ્રા કંથા તરત પછવાડે જઈ સરે!
ન જાણું શેં ઊંચે શિખર પર કો મંદિર તણા
જઈને મંડાતી મુજ મીટ–જહીં રૂહે ફગફગી
ધજા આઠે પ્હોરે ઈજન કરતી શ્વેત ભગવી!

રાધાનું ગીત / મનહર જાની

- ગાન -

મને રાધાને રાધા ન કહેશો હે શ્યામ
હવે રાધા તો રસ્તાની ધૂળ!

આંસુની યમુનાને કાંઠે કદમ્બનાં
પગલાં મૂકીને ચાલ્યા પંથ,
પોપચાનું મોરપીંછ આળેખે નજરુંની
વાંસળીમાં વહેતી સુગંધ,
શ્રાવણમાં ધોધમાર વરસે વૈશાખ
અને ચાંદનીમાં સળગે ગોકૂળ!
હવે રાધા તો રસ્તાની ધૂળ!

વેળાના વાયરાની વાયકામાં કાંકરી
જેવી ના સહેજે રંજાડ,
ખુલ્લા ખખડાટના ભણકારે ભીંત (એવા)
ઊઘડે ના ભીડ્યાં કમાડ,
દિવસ ને રાતની પાનીમાં પોશ પોશ
અણિયાળા ઓરતાની શૂળ!
હવે રાધા તો રસ્તાની ધૂળ!

મને રાધાને રાધા ન કહેશો હે શ્યામ
હવે રાધા તો રસ્તાની ધૂળ!

હાઇકુ / સ્નેહરશ્મિ

પુરી પુરાણી:
મકાન જૂનાં: દીવા
નવતર આ.

*

કોકિલરવ:
ગિરિ શિખરે થંભ્યો,
રવિ ડૂબતો.

*

આશ્ચર્યે ડૂબી
ઓળંગી નદી: ભૂલ્યા
પૂછવું નામ.

*

ફૂલો તો ખીલે
ને ખરે! કવિ કોને
અમર કરે!

*

વેર વિખેર
થાય ચંદ્રકિરણો:
કુંજમાં આંધી!

પૃથ્વીને તેજતિલક ભાલે
પિનાકિન્ ઠાકોર

- ગાન -

માથે મેલીને મધુર મોરલીની મર્મરને,
મથુરાના મારગ તો મલક મલક મ્હાલે.
ગોકુલ વ્રજ વનરાવન અણુસારે સૂરને,
વાટે હરખાય દૂર વરસ વરસ વ્હાલે.
પાવન એ પાનીઓ પખાળવાને ઝૂમતાં;
જળ રે જૂમનાનાં છલી ચરણકમળ ચૂમતાં;
હળુ હળુ લ્હેરાતી જતી લાગણીનાં પૂરને,
હેતે હિલ્લોળતાં હરખ હરખ હાલે. ગોકુલ૦

પ્રેમને પ્રકાશ પરખ પથની અંધારમાં,
મધરાતે સૂરની સ્હવારો સંસારમાં;
રુમઝુમતાં પ્હેરી પ્રગટ અમરતની ઝરમરને
નાદ બ્રહ્મ પૃથ્વીને તેજતિલક ભાલે. માથે૦

અલ્યા, ફળિયાભાઈ! / ભરત યાજ્ઞિક

- ગાન -

અલ્યા, ફળિયાભઈ! ઊઠો, ક્યમ થાક્યા ભઈ, હાસ કરી બેસવાના–
દન્ન ઘણા આઘા......

હમણે ભઈ જાતરાએ જંઈએ ગાડાની હાર્ય ચીલો થઈ સીમ ફરી વળીએ,
કોરા ધાકોર ચાલો નળીયાંમાં છાબડીક નવું-સવું ચોમાસું ઢળીએ,
ચકલાની જેમ ચણી જાતી વેળામાં આમ બેસી રહેવાશે સાવ બાઘા?
હોકલીમાં ઠાંસીને જંગલને ડુંગરાઓ–સૂરજનો લાલઘૂમ દેવતા;
ઘૂંટ એક લેવી આ ટેકરીની જેટલોક ધરખી લ્યો શ્વાસ એકવેંતા,
આપણે તો એક આભ પરથી ઠેકાય બીજું આભ એમ મારવા છે લાંઘા...

સત્કાર દે / હનીફ સાહિલ

- ગઝલ -

તું નહીં તો તારો કૈં અણસાર દે
કે સ્મરણ જેવું ય કોઈવાર દે

મારી પાંખોમાં ભરી દે ઉડ્ડયન
આંખમાં આકાશનો વિસ્તાર દે

શ્વાસ પણ મહેંકી ઊઠે ગુલમહોર થઈ
રક્તમા મારા ઋતુ – સંચાર દે

દે બહાનું આપવાનું આ તરફ
આ ઉદાસી સાંજને આધાર દે

એક એવો શબ્દ જે ગૂંજે સકલ
મારી ગઝલોમાં મને એકવાર દે

ઉમ્બરે આવીને ઊભો છું હનીફ
દ્વાર ખોલીને મને સત્કાર દે

અંધકાર

પ્રફુલ્લ રાવલ

અમાવાસ્યાની રાત્રિનું આકાશ જોવું એ પરમ લ્હાવો છે. એ અંધકારની કવિતા છે. તારલિયાના આછા તેજે અપ્સરા સૃષ્ટિ માણે છે. યક્ષો ઝીણી આંખ કરીને કંઈક શોધે છે. કોઈ પક્ષીયુગલ વિહારે નીકળે છે. મારી વિલુપ્ત થયેલી આશા એકલી રખડે છે. દિશાઓની ભાષા ખોવાઈ છે. વાતાવરણ અંધકારનો પ્રતિઘોષ કરે છે.

અંધકાર. આ અંધકારનું સૌંદર્ય નિરાળું છે. પરન્તુ વીજળીના દીવાએ એને ક્ષીણ બનાવ્યું છે. સૌંદર્ય છે માનવીય તૃપ્તિનું સાધન. એને માણવાનો આનંદ અલૌકિક. અંધકારના આરાધક કવિ મણિલાલ દેસાઈએ કોઈ અલૌકિક રમ્ય ક્ષણે કહ્યું છે :

'આજે

મારે (અરે મારે જ શા માટે? બધાએ બધાએ) અંધકાર માણવો છે.'

માણવું એ મેળવ્યાના આનંદની પરમ સીમા છે. આથી જ સંયમી રાત્રિએ જાગે છે, કશુંક ઉપલબ્ધ કરવાની જિજ્ઞાસાએ. અંધકાર જ એનો પથદર્શક છે. છતાં ય પ્રકાશ પ્રશંસાનું ભાજન છે, અંધકાર તિરસ્કારનું.

મારા ખંડનું અંધારું ક્યારેક બહારના અંધકારનું સાથી બને છે. એ ચૂપકીદીથી સરકે છે, લપાતાં-છુપાતાં બાળકની જેમ. શિયાળાની સમી સાંજે અંધકારના ઓળા ઊતરે છે ને ચોમેર એનું સામ્રાજ્ય ફેલાઈ જાય છે. પરંતુ ગામ અંધારામાં ગરકાવ થયું હોય ત્યારે તળાવની પાળ પરની દેરીમાં સ્થિત શિવ અંધકારને ભગાડે છે. નાનકડી દીવડીનું તેજ ગામના અંધકાર સામે યુદ્ધે ચડે છે. થોડુંક લડે છે ને પુનઃ અંધકારની આણ ફેલાઈ જાય છે. રાત્રે તમરાંનો અવાજ સાંભળું છું ત્યારે મને અંધકારના રોવાનો ભાસ થાય છે. અંધારાનું ઈંડું ફૂટે છે ત્યારે પૂર્વમાં સૂર્ય સળવળે છે. સૂર્ય એનો ભક્ષક છે. સંધ્યાકાળે કોઈ સંજીવનીએ અંધકાર સજીવ થાય છે ને સૂર્ય ઢળવાની પ્રતીક્ષા કરતો રહે છે. કોમળતાનો દેવ ચંદ્ર અંધકાર પાસે પરાભવ પામે છે. પંદર રાતનું સામ્રાજ્ય સ્થપાય છે. 'ખડક સમ દુર્ભેદ્ય' અંધકારના આગમનનું રાજેન્દ્ર શાહે કેવું ગતિમય રૂપ કલ્પ્યું છે!

'ધીરે ધીરે અરવ પગલે ઉતરે અંધકાર.'

આ રવવિહીન-વાચાવિહીન અંધકાર એક દુર્ભેદ્ય દીવાલ રૂપ છે. દ્યુતિ પ્રવેશે તે પહેલાં જ અજગર શો અંધકાર તેનું ભક્ષણ કરી લે છે. દ્યુતિ એનાથી ડરે છે. ઈંડું પક્ષીનું અંધારગૃહ છે. પૃથ્વી પર પાંગરેલું વૃક્ષ અંધકાર સામેના બળવાનું પ્રતીક છે. મારા શયનખંડમાં આળોટતું અંધારું ગરોળીનું આશ્વાસન છે. ક્યારેક મધરાતે બારણે ટકોરા પડ્યાનો ભાસ થાય છે ત્યારે અજગર પર સવાર થઈને રાત્રિચર્યા જોવા નીકળેલ અંધકારદેવનો ભ્રમ ઝબકે છે. એ સહુને અંધાપો વહેંચે છે. ચક્ષુવિહીન મનુષ્યો એના માનસસંતાનો છે. છતી આંખો આંધળા માનવો અજ્ઞાનનાં માનસસંતાનો છે. કેવળ પ્રકાશપ્રાપ્તિ એ જ્ઞાનપ્રાપ્તિ નથી. સુખલાલજીની તસવીર જોઉં છું ત્યારે ચક્ષુવિહીન માનવે પ્રાપ્ત કરેલા જ્ઞાનનો મર્મ ઉઘડે છે.

અમાવાસ્યાની એક રાત્રે કાંઠાને ડૂબાડી હિલ્લોળા લેતી જમનાનું દશ્ય સ્મરણ પર ઝબકે છે. એ રાત્રે જમના જાણે કે અંધકારનું કાળું વસ્ત્ર પહેરી બે કાંઠે વહેતી હતી. ગાઢ અંધકારમાં ઝાંખા પ્રકાશે જમનાનું એ રૂપ પંડિતજગન્નાથે જોયું હોત તો અવશ્ય જમનાષ્ટક રચત! સફેદ તાજમહેલ જમનાની કાળાશને નમણાશમાં રૂપાંતરિત કરતો હતો. અંધકારનો કાળો કામળો ઓઢીને સૂતેલી મુમતાજનો પ્રેમ પડઘાતો હતો.

અંધકારમાં ભય જન્મે છે. વિકાર વિકસે છે. ગુનાઓનો વંશવેલો ફાલે છે. સુષુપ્ત વાસનાઓ પ્રસવે છે, વૃદ્ધિ પામે છે અને નૂતન આકાર સર્જે છે. માનવીય એષણાઓ ઉદ્દીપ્ત થાય છે, આવિર્ભાવ પામે છે, એનો ગર્ભ બંધાય છે. મારો પ્રેમ દઢતાના વસ્ત્રો પહેરે છે. સીમાઓ ભુંસાય છે. આઠે ય દિશાઓના દિક્પાલોની ગોષ્ઠિનો એ કાળ છે. સતત દિશાઓની ચોકી કરતા દિક્પાલોનો એ આરામનો સમય છે. અંધકાર થતાં એ નિરાંતનો દમ ખેંચે છે. પુલકિત બનેલાં ફૂલોની કથની સંભળાય છે. રાતરાણીનું ફૂલ ઝીણા સ્વરે કણસે છે. પક્ષીનું રૂદન સંભળાય છે. તારાઓ વિલંબિત સ્વરે દુઃખના મરશિયા ગાય છે. વૃક્ષ પરના પર્ણો કોમળતાનું ગાન ગાય છે.

અંધારી રાતે વૈદર્ભીને વનમાં વલવલતી મૂકીને અદશ્ય થયેલા નળની કથા સાંભળી શોક અનુભવું છું. ત્યક્તા વૈદર્ભીની વેદનાનું ચિત્રણ શબ્દસ્થ કરવા એની વાચા જોઈએ. 'અંધકાર તને ગમે છે?' એવો પ્રશ્ન યશોધરાને પૂછી જુઓ! મધરાતે ઘુવડની આંખમાં અંધકાર અંજાયો છે.

અંધકાર બહુરૂપી છે.

અંધકાર આશંકાનું પ્રભવસ્થાન છે.

અંધકાર જિજીવિષાની જનની છે.

મને અંધકાર ગમે છે. એનું રૂપ ગમે છે. મારી ખોવાયેલી સ્મૃતિ અંધકારમાં સજીવ થાય છે. મારી સુષુપ્ત ભાષા નવજીવન પામે છે. અધૂરાં શમણાંઓ સાકાર થાય છે. ભારવિના અર્થગૌરવ જેટલું અંધકારનું ગૌરવ છે.

અંધકાર મારે મન પ્રકાશની કેડી છે. દ્યુતિ પામવાનું પહેલું પગથિયું છે. એ જ લક્ષ્યનું સાધન છે, એ જ શંકાનું સમાધાન છે. અંધકારમાં મારા વણઉકલ્યા પ્રશ્નોનું નિરાકરણ થાય છે. અકલ્પ્ય સૂઝી આવે છે. ક્યારેક અંધારામાં અતીત ઉખેળું છું ને વિસ્મૃત આકૃતિને પ્રત્યક્ષ થતી જોઈને આનંદિત બનું છું. મારી વિલુપ્ત યા મૃત આશાને સજીવન કરતી પ્રત્યેક અંધકારમય ક્ષણને હું ચાહું છું. એની જ અપેક્ષા – પ્રતીક્ષા છે. □

શિક્ષકે પૂછ્યું, 'તમારામાંથી અભયકુમારની વાત કોણ જાણે છે?' વિદ્યાર્થીઓ અનુત્તર રહ્યા. ફરી પૂછ્યું, 'તો ધન્ના શાલિભદ્રની વાત?' તેનો યે કોઈ જવાબ ન મળ્યો. આપણી જ કથા-વાર્તાઓ વિદ્યાર્થીઓ ન જાણે એ કેવું? અને એમણે વિદ્યાર્થીઓને આપણો આ મહામૂલો વારસો સરળ ભાષામાં ઉપલબ્ધ કરી આપવા નિરધાર કર્યો. પ્રકાશન અંગે કોઈ અનુભવ ન હોવા છતાં એમણે '**શ્રી** રીખવદેવ'ની વાર્તા લખી. એ આવકાર પામી. આ પરથી પ્રોત્સાહિત 'બાળ-ગ્રંથાવલિ'ની એવી અનેક શ્રેણી પ્રકટ કરી, એટલું જ નહિ, મહાપુરુષોની જીવનકથાઓ અને સૌન્દર્યધામોનો પરિચય કરાવતાં લગભગ ૧૮૦ જેટલાં સંપાદનો તથા ૮૧ જેટલાં મૌલિક પ્રકાશકો કર્યા. વિચારના એક સૂક્ષ્મ બીજમાંથી આ બધું પાંગર્યું. લક્ષ્ય નિશ્ચિત કરી તે દિશામાં સતત કાર્ય કરવાનું એ પરિણામ હતું. એ જ રીતે 'શ્રીમદ્ રાજચંદ્ર'નું ચરિત્ર લખતાં એમની અદ્ભુત અવધાન-શક્તિ પ્રત્યે એ આકર્ષાયા અને અનેક વિઘ્નો છતાં એ શક્તિ પોતે પણ કેળવી. પોતે શિક્ષક હતા, ચિત્રકામ પણ શીખવતા. લેખક અને અવધાન શક્તિના ધારક તથા મંત્રવિદ્યાના જ્ઞાતા તરીકે એ ખ્યાત થયા. ધીરજલાલ ટોકરશી શાહ એમનું નામ. મુંબઈથી 'જૈન જ્યોતિ' નામનું એક માસિક પત્ર પણ એમણે ચલાવેલું.

જ્યોતિર્ રાવલ

દક્ષિણ અમેરિકાના સ્પેઇન-શાસિત દેશોનો 'મુક્તિદાતા'

સાઇમન બોલિવાર

અશોક હર્ષ



સ્પેઇનના રાજપ્રાસાદના ઉદ્યાનમાં બે કુમારો વચ્ચે દ્વંદ્વ-યુદ્ધ ખેલાઈ રહ્યું હતું. એક હતો સ્પેઈનનો રાજકુમાર ફર્નાન્ડો, જ્યારે બીજો હતો દક્ષિણ અમેરિકામાંના સ્પેઈનના ત્યારના સંસ્થાન વેનેઝુએલાના એક સમૃદ્ધ જમીનદારનો પુત્ર સાયમન બોલિવાર, જે વિશેષ અભ્યાસ માટે કારાકાસથી માડ્રિડ આવેલો. મહારાણી મારિયા લુઈસા આ બંને કુમારો વચ્ચેના દ્વંદ્વને રસપૂર્વક નિહાળી રહી હતી. રાજકુમાર ધીમેધીમે દ્વંદ્વ પરની પોતાની પકડ અને મિજાજ ગુમાવતો જતો હતો, છેવટે સાયમને તેને પરાસ્ત કર્યો અને તેના માથા પરની મખમલની ટોપી ઊંચકી લીધી.

કમજોરીભર્યા ગુસ્સાથી લાલપીળા થતા રાજકુમારે પોતાની મા મહારાણી મારિયાને આ વિષે ફરિયાદ કરતાં તે બોલી, 'મૂરખ ન થા ફર્નાન્ડો! આ તો રમત છે. તારે એમાં જીત મેળવવી હોય તો તારે વધુ હોશિયાર થવું જોઇએ.'

આ એ જ સાયમન બોલિવાર હતો જેણે આગળ જતાં પોતાની માતૃભૂમિ પરની જ નહિ, પણ દક્ષિણ અમેરિકામાં સ્પેઇને જમાવેલાં અનેક સંસ્થાનો પરની સામ્રાજ્યવાદી ધૂંસરી ફેંકી દઇને તેમને મુક્ત કર્યાં અને મહાન 'મુક્તિદાતા' તરીકે વિશ્વભરમાં ખ્યાતિ પામ્યો. તેને મળેલા મુક્તિદાતાના આ બિરુદ પર ગૌરવ અનુભવતાં તે કહેતો, 'દુનિયાનાં તમામ રાષ્ટ્રોના સમ્રાટ બનવા કરતાં મુક્તિદાતા બનવામાં હું અધિક ગૌરવ અનુભવું છું.' ઉપર્યુક્ત દ્વંદ્વયુદ્ધ વખતે તેની ઉમર હતી માત્ર સત્તર વર્ષની, પણ વર્ષો બાદ આ પ્રસંગનો ઉલ્લેખ કરતાં તેણે કહેલું, 'બિચારા રાજકુમારને શી ખબર કે એક દિવસ એ જ રીતે હું એના માથા પરથી રાજમુગટ પણ ઉતારી લેવાનો છું!'

દક્ષિણ અમેરિકાના આ મુક્તિદાતાનું આખું નામ હતું સાયમન ઍન્ટોનિયો ડ લા સેન્ટિસિમા ટ્રિનિડાડ બોલિવાર ઈ પેલેસિયો. સ્પેનિશ સંસ્થાન વેનેઝુએલા (જેનો અર્થ થાય 'લઘુ વેનિસ')ના પાટનગર કારાકાસ મુકામેના સૌથી પુરાણા વસાહતી અને સૌથી શ્રીમંત કુટુંબોમાંના એકમાં ઈ. ૧૭૮૩ના જુલાઈની ૨૪મીએ તેનો જન્મ. દેશભરમાં ઠેરઠેર વિશાળ મહાલયો, ખેતરો, બગીચાઓ અને વિપુલ પશુધન ધરાવતું આ કુટુંબ એટલું શ્રીમંત હતું કે સાયમનને તેના જન્મથી જ વાર્ષિક ૨૦,૦૦૦ ડૉલર જેટલો હિસ્સો મળવો શરૂ થઈ ગયો હતો. પરિવારમાં એના ઉપરાંત બે બહેનો અને એનાથી મોટો એક ભાઈ હતાં.

ત્રણ વર્ષની ઉમરે પિતા ને નવ વર્ષની ઉમરે માતા ગુમાવી બેઠેલા સાયમનને બોલિવાર કુટુંબે ઈ. ૧૭૯૯માં વિશેષ અભ્યાસ માટે માડ્રિડ મોકલી આપ્યો. ત્યાં એક ઉમરાવની પુત્રી મારિયા ટેરેસાના પ્રેમમાં પડી ઈ. ૧૮૦૨માં તેની સાથે લગ્ન કર્યાં. થોડા સમય પછી એ પત્ની સાથે વેનેઝુએલા પાછો ફર્યો, પરંતુ મારિયા લાંબું જીવી નહિ. એના મૃત્યુથી સાયમનને ઊંડો આઘાત લાગ્યો, જીવન અકારું લાગવા માંડયું. ગમસૂમ બની તેણે પોતાના એક ફાર્મ પર એકાંતવાસ સ્વીકારી લીધો.

બોલિવાર પરિવારને લાગ્યું કે સાયમનને ફરી પાછો માડ્રિડ મોકલતાં તેનો આઘાત હળવો બની કદાચ તેની બેચેની દૂર થઈ જશે. એટલે તેને તેના શિક્ષક સાયમન રોડરિગ્સ સાથે આગ્રહપૂર્વક ફરી માડ્રિડ મોકલી દેવામાં આવ્યો.

સાયમન બોલિવારની ઉમર ત્યારે માત્ર ૨૧ વર્ષની હોવા છતાં તે અનેક પ્રશ્નો ગંભીરતાપૂર્વક વિચારવા માંડયો હતો. રોડરિગ્ઝ પોતે પણ જબરો વાંચનારો હોઈ બંને વચ્ચે અનેક વિષયો પર ચર્ચા ચાલતી. માડ્રિડમાં રહેરહે બંનેએ જોયું કે સ્પેઈનવાસીઓ દક્ષિણ અમેરિકાનાં સંસ્થાનોમાં વસતા પોતાના ભાઇઓને કેવી તુચ્છકારભરી નજરે જોતા. ખુદ સ્પેઈનનો સમ્રાટ પણ સાંસ્થાનિકોને એ જ નજરે જોતો. સંસ્થાનોમાંથી તે બધું ઉશેટતો રહેતો, પણ બદલામાં સાંસ્થાનિકોને કશો લાભ ન અપાતો. સંસ્થાનોને કેવળ સ્પેઈન સિવાય બીજા કોઈ દેશ સાથે વેપાર કરવાની છૂટ નહોતી, અંદરોઅંદર પણ નહિ. કરનો બોજો પણ કેડ ભાંગી નાખે એટલો હતો. એનો વિરોધ કરનાર કે રાજરાણી વિરુદ્ધ બોલનારને તેનું સર્વસ્વ ગુમાવવું પડતું – જીવન સુદ્ધાં. એવાઓને કેટલીક વાર તો જાહેરમાં જલાવી દેતાં પણ એ દુર્દાન્ત સામ્રાજ્યવાદી સત્તા પાછું વાળીને જોતી નહોતી.

બોલિવારને પણ આ તુચ્છકારનો અનુભવ થતાં તે પારીસ ચાલ્યો ગયો. તેને ખાતરી થઈ ચૂકી હતી કે સ્પેઈનની ધૂંસરી નીચેથી મુક્ત થયા વિના દક્ષિણ અમેરિકાનાં સંસ્થાનો પોતાનો કશો જ વિકાસ નહિ સાધી શકે, એટલું જ નહિ, સ્વમાનભેર જીવી પણ નહિ શકે. પારીસના વિલાસી જીવનથી થોડા જ સમયમાં ઊબકી જઈ તે રોડરિગ્ઝ સાથે યુરોપના પરિભ્રમણ માટે ઊપડી ગયો.

બંને ફરતાંફરતાં રોમ પહોંચ્યા. એ મહાનગરી જેની ગોદમાં આવેલી એ ટેકરીઓમાંની એક પર બેઠાંબેઠાં સ્પેઈનની સીતમખોરીની ચર્ચા કરતાંકરતાં બોલિવાર ખૂબ જ આવેશમાં આવી ગયો, કારણ રોડરિગ્ઝે તેને તાજા જ રૂસો અને ટૉમસ પેઈનના કેટલાક ફકરા વાંચી સંભળાવ્યા હતા. ઈ. ૧૮૦૫ના ઉનાળાની એ સાંજે આત્મનિરત બની

દક્ષિણ અમેરિકામાંથી બોલિવારે સ્પેઇનનું શાસન તો હટાવ્યું, પણ એણે આઝાદ કરેલા દેશો ઐક્ય જાળવી શક્યા નહિ. એના જ એક વખતના સાથીઓ અને મિત્રો પણ એ પછી એને છોડી જવા લાગ્યા. એમાંના ઘણાને બોલિવારને મળતા યશથી ઇર્ષા થતી. એક મહાન સંયુક્ત પ્રજાસત્તાક રાષ્ટ્ર ઊભું કરવાની બોલિવારની યોજના પાછળ ઘણાને સરમુખત્યારીની ગંધ આવતી. એના જ નેતૃત્વમાં રહીને આગળ આવેલા ઘણા પદાધિકારીઓ પોતાના આ સરસેનાપતિ પ્રત્યે નાફરમાની પણ દાખવવા માંડેલા. એટલું જ નહિ, બોલિવારનું ખૂન કરવાના પણ પ્રયાસો થયા. સ્વાતંત્ર્યની ગંભીરતા સમજવાની લાયકાત કેળવ્યા વિના મેળવાએલી આઝાદી પછી લગભગ બધે આમ જ થતું જોવા મળે છે. અહીં પણ એવું જ થયું. એકતા અને આઝાદી ટકાવી રાખવા બોલિવારે સામ દામ ભેદ દંડની બધી રીતો અજમાવી. એક વેળા તો એકસાથે પાંચસો માણસોને એણે મોતની સજા પણ ફરમાવવી પડેલી. પરંતુ બોલિવાર ક્રૂર નહોતો. જેવા સાથે તેવા થવાની સંજોગોએ જ એને ફરજ પાડી હતી. ઇર્ષાખોર, સંકુચિત બુદ્ધિથી સ્વાર્થ સાધવા મથનારા અને સત્તા માટે લોલુપ એવા માણસોને યે એક પછી એક એ પહોંચી વળ્યો. ચારે દિશામાં ઘૂમી એ વીજળીની જેમ ઓચિંતો અને અણધારી જગ્યાએ ત્રાટકી પડતો. વેનેઝુએલા, ન્યૂ ગ્રેનેડા, કોલંબિયા. ઇક્વાડોર, ચિલી અને બોલિવીઆની આમ પ્રજા તો એને પોતાના ‘મુક્તિદાતા’ તરીકે માન જ આપતી હતી.

પરંતુ દક્ષિણ અમેરિકાના સ્પેઇન શાસિત દેશોને સ્વતંત્ર કર્યા પછીનું બોલિવારનું જીવન કરુણતાભર્યું બની ગયું હતું. એણે લીધેલા અતિ પરિશ્રમથી એનું સ્વાસ્થ્ય બગડ્યું. વારંવાર એ તાવથી પીડાવા લાગ્યો. પોતે એક કરવા ધારેલા બધા દેશો અંદરોઅંદર લડીને છૂટા પડવા લાગ્યા. પનામામાં પાન-અમેરિકન કોંગ્રેસમાં પણ ઐક્યના એના વિચારોને ટેકો મળ્યો નહિ. ‘દરિયા વચ્ચે કોઈ ખડકની ટોચે ઊભા રહી આસપાસ આથડતાં જહાજોને દોરવણી આપતો હોય’ એવું એને લાગ્યું. વ્યક્તિગત ઈર્ષા અને સ્વાર્થ તથા રાજકીય કાવાદાવાઓથી પોતે જેના માટે આટઆટલું કરી છૂટ્યો એ દેશોને આમ અરાજકતા ભણી સરી જતા જોઇ એ અત્યંત દુઃખ પામતો. એ બધા દેશોમાં જાતે જઇને કહેતો, ‘આપણે પ્રાદેશિકતા રહેવા ન દઇએ. વેનેઝુએલા નહિ, ઈક્વાડોર નહિ; ચિલી, પેરુ કે બોલિવીઆ નહિ, પણ આપણે બધા એક વિશાળ પરિવાર બનીને સંપથી રહીએ.’ એના આવા બોલને સૌ રાજદ્વારીઓ ને પદધારીઓ ઉત્સાહથી વધાવી લેતા, એના પાલનનાં વચનો પણ આપતા, પણ પછી બોલિવારની પીઠ ફરે કે તુરત એ બધું વિસારી દેતા.

ચડસાચડસી, દગાખોરી ને ખૂનખરાબી મટતી નહોતી. બોલિવીઆમાં ત્રણ પ્રમુખો આવ્યા એમાંના બેની તો એક અઠવાડિયામાં જ હત્યા થઈ. ઇક્વાડોર, ન્યૂ ગ્રેનેડા ને વેનેઝુએલામાં બળવા થયા. પરંતુ હવે આ બધાં સામે પગલાં લેવા અશક્તિમાન બોલિવારે લોકોને સમજદારીપૂર્વક વર્તવા માટે સમજાવવાનું તો જારી જ રાખ્યું. પણ એને બોલતો બંધ કરવા નવા શાસકોએ ૩૦,૦૦૦ પેસોનું પેન્શન બાંધી આપવાનું વિચાર્યું. આઝાદીની લડતમાં પોતાનું સર્વસ્વ આપી દેનાર અને એથી હવે લગભગ નિર્ધન જેવા બોલિવારે તે સ્વીકારવાનો ઈન્કાર કર્યો.

પરંતુ મોટા ભાગના મિત્રો મરી જવાથી યા ઘણા એને છોડી જવાથી બોલિવાર એકલો પડી ગયો હતો. રહેલા માત્ર, એક એની સેનાનો એક જનરલ સુક્રે, બીજો એનો શિક્ષક રોડરિગ્ઝ, એનો એક આઇરિશ હિતેચ્છુ ઓ’લેરી અને એક એની ચાહક માન્સુએલ.. આ માન્સુએલા બોલિવારનાં પરાક્રમો પર વારી જઈ પોતાના અંગ્રેજ ડાક્તર પતિને ત્યાગી એની પાછળ ચાલી નીકળી હતી. દુઃખના કપરા દિવસોમાં યે એણે બોલિવારનો સાથ છેક છેવટ સુધી નિભાવ્યો હતો.

પરંતુ અનેક બાજુથી હતાશ બોલિવાર હવે પોતાના લશ્કરી વિજયો તથા રાજકીય પરાજયની ભૂમિથી દૂર જઈ વસવા માગતો હતો.

જઈ પડખે જ વહેતી ટાઈબર નદીનાં નીર નિરખી રહેલા બોલિવારે એકાએક ઊભા થઈ જઈ પ્રતિજ્ઞા લીધી કે, ‘હું ઇશ્વરની સાક્ષીએ, મારી જન્મભૂમિની સાક્ષીએ સોગન લઉં છું કે, અમને જકડી રાખતી સ્પેઈનની શૃંખલાઓ તોડી પાડ્યા વિના હું જંપીશ નહિ.’

ત્રણત્રણ સૈકાઓથી સ્પેઇને દક્ષિણ અમેરિકાના વિવિધ પ્રદેશો પર કબજો જમાવી તેમનું શોષણ ચાલુ જ રાખ્યું હતું. તે તો એ પ્રદેશોને પોતાનો દ્રવ્યભંડાર સમજીને તેની સમૃદ્ધિ જેટલી લૂંટાય એટલી લૂટતું રહેલું. દેશમાંથી ત્યાં આવી વસેલા સ્પેનિશો પ્રત્યે પણ તેને મુદ્દલ હમદર્દી ન હતી. આવા પરાધીન અને પામર જીવનથી મુક્ત થવા કૃતનિશ્ચય બનેલો સાયમન બોલિવાર તેની ઉપર્યુક્ત પ્રતિજ્ઞા બાદ તે અમલમાં મૂકવા તરત જ વેનેઝુએલા પાછો ફર્યો. રોડરિગ્ઝથી છૂટો પડી તે હામ્બુર્ગથી ઊપડતા એક જર્મન જહાજમાં યુનાઇટેડ સ્ટેટ્સના બોસ્ટન બંદરે ઊતર્યો.

યુનાઇટેડ સ્ટેટ્સમાં તેણે એક ગુલામ પ્રજા અને એક સ્વતંત્ર પ્રજા વચ્ચેનો તફાવત નજરોનજર જોયો. એ મુલ્કને સ્વતંત્રતા અપાવનાર જ્યૉર્જ વૉશિંગ્ટન વિષે તેણે ખૂબ વાંચેલું અને તેના મનમાં એને વિષે હમેશાં અહોભાવ રહેતો આવેલો. પોતે પણ વેનેઝુએલાના વૉશિંગ્ટન બનવાનાં સોણલાં સેવતો તે વતનમાં પાછો ફર્યો.

યુરોપમાંથી તેના આ પુનરાગમન પહેલાં ફ્રાન્સિસ્કો મિરાન્ડા નામના એક દેશભક્તે વેનેઝુએલાને સ્પેઈનની એડી નીચેથી મુક્ત કરવાના કરેલા પ્રયાસ વિષે એના સાંભળવામાં આવ્યું, પરંતુ મિરાન્ડાના ખુદ હમવતનીઓ જ તેના આ પ્રયાસની વિરુદ્ધ પડતાં તેને દેશ છોડી ઇંગ્લૅન્ડ નાસી જવું પડેલું. બોલિવારે મિરાન્ડાએ અધૂરું મૂકેલું કાર્ય પૂરું કરવાનું નક્કી કર્યું, પરંતુ તે પહેલાં પોતાની વિશાળ જમીન-જાયદાદને વ્યવસ્થિત કરવાનું તેણે વિચાર્યું, કારણ તેનો મોટો ભાઈ આ બાબતમાં જરા ય લક્ષ આપતો નહોતો.

દરમિયાન ફ્રાન્સમાં નેપોલિયન બોનાપાર્ટનો ઉદય થઈ ચૂકેલો. ઈ. ૧૮૦૫માં તેણે સ્પેઈનનું શાસન પોતાને હસ્તક સોંપવાના ખરીતા પર ત્યારના સ્પેઈનના સમ્રાટ ચાર્લ્સ ચોથાની ફરજિયાત સહી કરાવી લઈ પોતાના ભાઈ જૉસફને સ્પેઈનનો સમ્રાટ નિયુક્ત કરી દીધો હતો. સ્પેઈનના દમનશોષણ છતાં સાંસ્થાનિકોને પોતાના પરની આ વિદેશી હકૂમત ન ગમી. ખુદ સ્પેઈનની પ્રજાએ તો રાજકુમાર ફર્નાન્ડોને પોતાનો સમ્રાટ જાહેર કરી જૉસફ સામે બંડ ઉઠાવ્યું. તરત ફ્રેન્ચ સેના માડ્રિડ આવી પહોંચી અને અનેક બંડખોરોને મોતને મોંએ ધકેલી દીધા.

જૉસફે પછી દક્ષિણ અમેરિકામાંનાં સંસ્થાનો પર પણ પોતાની આણ ફરકાવવા પોતાના કેટલાક પ્રતિનિધિઓને કારાકાસ મોકલી આપ્યા. આ સામે બોલિવારના ફાર્મ પર તે, તેનો ભાઈ, તેનો કાકો તથા બીજા અનેક અગ્રગણ્ય લોકો એકઠા મળ્યા. તેઓ જાણતા હતા કે વેનેઝુએલાની પ્રજા ફ્રેન્ચ કરતાં સ્પેનિશ શાસન વધુ પસંદ કરતી હતી, એટલે પ્રજાનો પૂરો સાથ મળવાની અપેક્ષા સાથે તેમણે ફ્રેન્ચ પ્રતિનિધિઓને શરણે આણી વેનેઝુએલાની પોતાની સરકાર ઊભી કરી દીધી.

બોલિવારે સૈનિક તરીકેની કેટલીક તાલીમ મેળવી હોઈ નવી સરકારે તેને પોતાની સરદારી હેઠળ સૈન્ય ઊભું કરવાની છૂટ આપી. આ નવી સરકારનો અન્ય સ્વતંત્ર દેશો દ્વારા સ્વીકાર કરાવવાને બોલિવારે તેના

એણે એવા લોકોને સ્વાતંત્ર્ય લાવી આપ્યું હતું જેઓ એનો સાચો ઉપયોગ જાણતા નહોતા. બોલિવારના નેતૃત્વમાં લડાઇઓમાં તેઓ જીત્યા હતા, પણ સ્વાર્થી કાવાદાવાથી આપસની શાંતિ ગુમાવી દીધી હતી. કેટકેટલા પરિશ્રમ અને મથામણ, અને એની આ પ્રાપ્તિ? આ જોઈ બોલિવારે જ નિરાશ થઈ કહેલું : 'આપણામાંના જેમણે આ ક્રાંતિમાં કાર્ય કર્યું છે એમણે દરિયા પર ખેડ કરી છે.' મતલબ, એમના બધા જ પ્રયાસો પાણી પર ચાસ પાડવા બરાબર નીવડયા હતા.

અને અંતે પોતે આઝાદ કરેલા દેશોનું ઐક્ય સાધી એક મહાન પ્રજાસત્તાક સ્થાપવાનું પોતાનું સ્વપ્ન રોળાતું જોઈ હતાશ થએલા બોલિવારે શાંતિથી ચૂપચાપ જમાઈકા ચાલ્યા જવાનો નિશ્ચય કર્યો. લોકોએ એને ટોળે મળી વળાવ્યો, પણ એને પોતાને એનો કંઈ આનંદ નહોતો. જમાઈકા જવા એ જહાજમાં ચડ્યો, પણ તેમાં એની તબિયત વધુ બગડતાં કપ્તાને જહાજને કોલંબિયાને કાંઠે સાન્ટા માર્તા તરફ વાળ્યું. કિનારે પહોંચી તેઓએ દ. અમેરિકાના એ મુક્તિદાતાના માંદલા નંખાઈ ગએલા જર્જરિત શરીરને જહાજ પરથી ઉતાર્યું. એ પછી બહુ થોડા દિવસ એ ટકી શક્યો. છેલ્લેછેલ્લે યે એણે એટલું જ કહ્યું : 'હવે મરતી વખતે યે મારી અંતિમ ઇચ્છા એ જ છે કે મારા દેશબંધુઓ એક થઇને રહે.' પોતાનું સર્વસ્વ આપી દઇને અદ્ભુત એવાં પરાક્રમો કરી માત્ર પોતાના જ નહિ, આસપાસના સ્પેઈનશાસિત બધા દેશોને આઝાદી અપાવનાર દક્ષિણ અમેરિકાનો એ મુક્તિદાતા વીર માત્ર ૪૭ વર્ષની આયુમર્યાદા ભોગવી અંતે પોતાના એક મહાન પ્રજાસત્તાક સ્થાપવાના સ્વપ્નને રોળાતું જોઈ હતાશામાં ઈ. ૧૮૭૦ની ૧૭ ડિસેમ્બરે અવસાન પામ્યો. એના મૃત્યુ પછી બાર વર્ષે એની અંતિમ ઇચ્છા આંશિક રીતે ફળી. ઈ. ૧૮૪૨ના ડિસેમ્બરના એક દિવસે એણે આઝાદ કરાવેલા દેશોના કાફલાએ સાથે મળી એના શબને એની માતૃભૂમિમાં આણ્યું. હવે એમને ભાન થયું હતું કે પોતાનો તારણહાર સાઇમન બોલિવાર કેવો મહાન માનવી હતો. —સં.

પ્રતિનિધિઓ મોકલી આપવા જણાવ્યું. સરકારે જવાબ આપ્યો કે એટલાં નાણાં પોતાની પાસે નથી. બોલિવારે જવાબ આપ્યો, 'હું ને મારો મોટો ભાઈ એ નાણાં કાઢીશું.' પરિણામે તેની ઑફર સ્વીકારી લેવામાં આવી અને તેને ઇંગ્લૅંડ મોકલવામાં આવ્યો, જ્યારે તેના ભાઇને વેનેઝુએલાના સૈન્ય માટે બંદૂકો તથા અન્ય યુદ્ધસામગ્રી ખરીદવા યુનાઇટેડ સ્ટેટ્સ મોકલ્યો.

ઇંગ્લૅંડે બોલિવારને શાંતિપૂર્વક સાંભળ્યો, પણ તેને કશી દાદ ન આપી. હતાશ બોલિવારે ઇંગ્લૅંડમાં જ નિર્વાસિત જીવન ગાળી રહેલા મિરાન્ડાની લંડન મુકામે મુલાકાત લીધી અને પોતાની સાથે વેનેઝુએલા જવા સમજાવ્યો. કેટલીક આનાકાની પછી મિરાન્ડા તે માટે તૈયાર થયો. તેની ઉમર ત્યારે ૬૦ વર્ષની હતી, જ્યારે બોલિવારની કેવળ ૨૭ વર્ષની.

વેનેઝુએલા પાછા ફરતાં તેને સમાચાર મળ્યા કે તેનો ભાઈ યુનાઈટેડ સ્ટેટ્સથી પાછો ફરતાં જહાજને નડેલા તોફાનમાં ડૂબી ગયો હતો. બોલિવાર પરિવારમાં આથી સાઇમન હવે એકલો જ રહ્યો. તે માનતો કે ક્રાન્તિમાં સમાજનો નીચલો થર વધુ સહાયક નીવડે, પરંતુ આખી જિંદગી સૈનિક જીવનમાં જ ગુજારનાર મિરાન્ડાના ખ્યાલ એથી જુદા હતા. જો કે વેનેઝુએલાને સ્પેઇનની ધૂંસરી નીચેથી મુક્ત કરવા બાબતમાં બંને સહમત અને કૃતનિશ્ચય હતા. એમનાં ભાષણો અને લેખોએ લોકો પર ધારી અસર ઉપજાવી, અને વેનેઝુએલાની ૪૪ સભ્યોની કૉંગ્રેસને અંતે 'સ્વતંત્રતાનું જાહેરનામું' બહાર પાડવું પડ્યું. આમ, દક્ષિણ અમેરિકામાં પ્રથમ પ્રજાસત્તાકનો જન્મ થયો.

પરંતુ પ્રજાનો અમુક વર્ગ હજુ સ્પેઈનને વફાદાર હોઈ તે સામ્રાજ્યથી તદ્દન છૂટાછેડાની તરફેણમાં નહોતો. વેનેઝુએલાને પ્રજાસત્તાક જાહેર કરતી ઘોષણાને હજુ તો અઠવાડિયું પણ નહોતું વીત્યું ત્યાં તો રાજાવાદીઓ ફર્નાન્ડોની છબિ સાથે 'ઘણું જીવો સમ્રાટ!'ના સૂત્રોચ્ચાર સાથે ધસી આવ્યા. સામસામે થવા પામેલી ઝપાઝપીથી ૧૬ રાજાવાદીઓ માર્યા ગયા, પણ તેમણે બિલકુલ નમતું ન જોખતાં કારાકાસ પછી વેનેઝુએલાના બીજા નંબરના મોટા શહેર વેલેન્સિયાનો કબજો લઈ લીધો. કૉંગ્રેસે તેમની સામે મોકલેલા એક નાનકડા સૈન્યને તેમણે મારી હઠાવ્યું. કૉંગ્રેસે આથી મિરાન્ડાને સરસેનાપતિ બનાવી વેલેન્સિયા સર કરવા મોકલી આપ્યો. તેની ઉમર ત્યારે ખૂબ વધી ગઈ હોઈ બોલિવારે તેનો વિરોધ કરેલો, પરંતુ રાજાવાદીઓના પ્રત્યાક્રમણને મારી હઠાવવામાં બંને સહમત હતા. તુમુલ યુદ્ધ બાદ વેલેન્સિયા તેમણે સર કર્યું.

પ્રજાસત્તાકવાદીઓની ખુશીના આ અવસરને એકાદ વર્ષ વીત્યું હશે ત્યાં કારાકાસ ભયંકર ધરતીકંપનો ભોગ બન્યું, જેમાં લગભગ ૧૨૦૦૦ લોકો નાશ પામ્યા. કારાકાસ ઉપરાંત બીજાં ય કેટલાંક શહેરો આ આપત્તિનો ભોગ બનેલાં. રાજ્યનાં સૈન્ય અને સામગ્રીનો પણ મોટો ભાગ તેમાં નાશ પામ્યો. રાજાવાદીઓ તો આ બદલ પ્રજાસત્તાકવાદીઓને જવાબદાર ગણાવતા કહેવા લાગ્યા કે, 'સ્પેઈન સાથેનો સંબંધ તોડવા બદલ કુદરતનો આ કોપ હતો.' બોલિવારે ઠેરઠેર ફરી લોકોને પાનો ચડાવવા માંડ્યો કે, 'જો કુદરત આપણા જુલ્મગારો સાથે હાથ મેળવશે તો આપણે કુદરત સામે પણ લડી લઈશું.' પરંતુ ત્યાં તો સ્પેનિશ લશ્કર આવી પહોંચ્યું. તેણે પાટનગર કારાકાસ કબજે કરતાં દક્ષિણ અમેરિકાનું પ્રથમ પ્રજાસત્તાક અવસાન પામ્યું. સ્પેનિશ સેનાપતિએ મિરાન્ડાને કેદ કર્યો, પણ તેને કેડીઝના કારખાનામાં ગોંધી દેવા માટે જે જહાજમાં ચડાવેલો એ જહાજમાં જ તેનું અવસાન થયું.

બોલિવાર ભૂખતરસ વેઠતો ભટકતોભટકતો ન્યૂ ગ્રેનેડાના કાર્ટેજીના બંદરે પહોંચ્યો અને ત્યાંના સ્વદેશભક્તોની સહાય મેળવી સ્પેઈન સામે લડવા માટે સૈન્ય ઊભું કર્યું. સ્પેનિશ સાંસ્થાનિકો, દેશીઓ અને બંનેની મિશ્ર ઓલાદના ઊભા કરેલા એ સૈન્ય વડે તેણે છ દિવસમાં છ ખૂનખાર યુદ્ધ જીત્યાં અને ઈ. ૧૮૬૩ના ફેબ્રુઆરીમાં તે પાંચસો સૈનિકો સાથે કારાકાસ ઊપડ્યો. નેવું દિવસમાં પાંચસો માઈલ કાપી તેણે છ યુદ્ધમાં સ્પેનિશોનો પરાભવ કરી વેનેઝુએલાનો પશ્ચિમ પ્રદેશ સર કરી લીધો. પાટનગર કારાકાસે તેનું ઇતિહાસમાં અપૂર્વ એવું સ્વાગત કર્યું. સફેદ વસ્ત્રો પરિધાન કરેલી બાર કુમારિકાઓએ તેનો રથ ખેંચ્યો, તેના માનમાં તોપો ફોડવામાં આવી, અને લોકોએ હર્ષનાદો તથા હારતોરાઓથી તેને વધાવી લીધો.

સ્પેઈન વધુ ને વધુ સૈન્ય મોકલતું ગયું. તો સ્પેઈનની એડી નીચેથી આઝાદ થવા માગતા સાંસ્થાનિકોનો સાથ પણ બોલિવારને વધતો ગયો. ઠેરઠેરના યુદ્ધમાં સ્પેનિશ સૈન્યોને હરાવી બોલિવારે માત્ર વેનેઝુએલા જ નહિ, પરંતુ આજના કોલંબિયા, ઈક્વાડોર, બોલિવીઆ અને પેરુનો જેમાં સમાવેશ થાય છે એ દક્ષિણ અમેરિકાના આખા યે ઉત્તર ભાગને એણે આઝાદ કર્યો. પરંતુ માત્ર આટલાથી જ એને સંતોષ ન હતો. અંગોસ્તુરા મુકામેના એક ભાષણમાં પોતાનો મનોભાવ તેણે આ શબ્દોમાં વ્યક્ત કરેલો : 'એકતા, એકતા, એકતા જ આપણો મુદ્રાલેખ હોવો જોઇએ. આપણી પ્રજા જુદાજુદા લોહીની છે. એકતા સાધવા આપણે એ તમામ લોહીને મિશ્રિત કરીએ.'

અંગોસ્તુરાથી ઓરિનોકો નદીના નિમ્નપ્રદેશ સુધી કરેલી કૂચ એ બોલિવારની એક અનન્ય લશ્કરી સિદ્ધિ હતી. જ્યાં આજે ય હજી રસ્તા નથી બંધાયા એ ૭૫૦ માઈલનો ગીચ જંગલવિસ્તાર અને ૧૩૦૦૦ ફૂટ ઊંચી ઍન્ડિઝની ગિરિમાળાઓ એણે સોળસોના પાયદળ અને આઠસોના હયદળ સાથે ઓળંગી. અતિશય ઠંડી અને અતિશય



બોલિવીઆ

સાઇમન બોલિવારના નેતૃત્વમાં દક્ષિણ અમેરિકામાં સ્પેઇનની ધૂંસરીમાંથી જે પ્રદેશોએ મુક્તિ મેળવી તેઓએ તે પછી ટૂંકી દૃષ્ટિના સ્વાર્થથી અંદરોઅંદર વિખવાદો ન કર્યા હોત તો 'ગ્રેટ કોલંબિયા'નું બોલિવારનું મહત્ત્વાકાંક્ષી સ્વપ્નું સાકાર થઈ એક મોટું પ્રજાસત્તાક રાષ્ટ્ર સર્જાયું હોત. પણ એ ન થઈ શક્યું અને જે અલગ-અલગ રાષ્ટ્રો રચાયાં તેમાંનું એક તે બોલિવીઆ. પોતાના મુક્તિદાતા બોલિવારની યાદમાં તેણે આ નામ ધારણ કર્યું. અહીં તેનો આછો શો પરિચય આપીએ છીએ.

દક્ષિણ અમેરિકા ખંડમાં બ્રાઝિલ, પારાગ્વે, આર્જેન્ટિના, ચિલી અને પેરુની વચ્ચે ભારતના મધ્ય પ્રદેશ રાજ્ય કરતાં યે ઓછા વિસ્તાર-વાળું આ બોલિવીઆ પ્રજાસત્તાક રાષ્ટ્ર છે. પૂર્વ તરફનો એનો અર્ધા ઉપરાંતનો સપાટ પ્રદેશ મોટે ભાગે ઘાસિયાં મેદાનો અને ક્યાંકક્યાંક ગીચ જંગલોવાળો છે, પણ ભેજ અને ગરમીના કારણે માનવ-વસવાટ માટે અસહ્ય હોઈ બહુ જ ઓછા લોકો ત્યાં વસે છે. અને બાકીની વસતિનો મોટો ભાગ પશ્ચિમે આવેલી ઍન્ડિઝની પર્વતમાળાના ઉચ્ચ પ્રદેશમાં વસે છે. પણ ત્યાં યે તેમનું જીવન સરળ તો નથી જ. કારણ ૧૨૦૦૦ ફૂટથી યે વધુ ઊંચાઇએ આવેલો આ પહાડી પ્રદેશ પણ તદ્દન સૂકો હોઈ લોકોને પૂરતું બળતણ મળી રહે એટલાં વૃક્ષો યે ત્યાં ઊગતાં નથી, અને રાતે ત્યાં એટલી જ સખત ઠંડી રહે છે. આથી, તેલ, ચાંદી, સોનું, ઍન્ટિમની, તાંબુ, સીસું અને કદાચ દુનિયાભરમાં વધુમાં વધુ ટીન સહિત અન્ય ખનિજોથી સમૃદ્ધ હોવા છતાં આ પહાડી પ્રદેશમાં માનવવસવાટ વિકાસ પામી શક્યો નથી. અલબત્ત, ઍન્ડિઝના પૂર્વ તરફના ઢાળમાં હવામાન કંઈક ઠીક છે અને કેટલોક ફળદ્રુપ વિસ્તાર પણ છે, પણ અહીં જે કંઈ વસતિ છે તે પર્વતોના કારણે બહારની દુનિયાથી અલગ પડી જાય છે. તેઓ જે કંઈ ઉગાડે તેને વેચવા માટે યે તેમને બધો માલ ઊંચકીને પહાડો ખૂંદી આવ-જા કરવી પડે છે. અને ૧૨,૦૦૦ ફૂટથી યે વધુ ઊંચાઇએ રહેતા લોકોને નીચાણવાળા પ્રદેશમાં આવવું કે રહેવું માફક પણ ન જ આવે.

આ પર્વતમાળામાં ઉત્તરે ૨૦,૯૫૮ ફૂટ ઊંચું ઍન્કોહુમા શિખર છે. દક્ષિણે આનાથી યે વધુ – ૨૧,૩૯૧ ફૂટ ઊંચું સાજામા નામનું એક બીજું શિખર છે. પશ્ચિમી સીમા પર ૧૩,૦૦૦ ફૂટથી યે વધુ ઊંચાઇએ દક્ષિણ અમેરિકામાં મીઠા પાણીનું મોટામાં મોટું 'ટિટિકાકા' સરોવર છે. એનું પાણી અત્યંત ઠંડું રહે છે, પરંતુ તેના પર બરફ જામતો ન હોઈ બોલિવીઆ અને પેરુ વચ્ચે તેમાં જહાજી વ્યવહાર ચાલે છે. અહીં લોકો મચ્છીમારી પણ કરે છે. ઍન્ડિઝનો આ ઊંચો પહાડી પ્રદેશ ખનિજોથી સમૃદ્ધ છે, પણ સમુદ્રની સપાટીથી ત્રણ માઈલ ઊંચે પાતળી હવામાં અને નિપજની હેરફેરની પૂરતી સુવિધા શક્ય ન હોઈ અહીં ખાણો નિભાવવી બહુ મુશ્કેલ છે. છતાં બોલિવીઆની જે કંઈ આવક છે તેમાં અહીંની ખાણોનો ઘણો મોટો હિસ્સો છે. બાકી લોકો જ્યાં શક્ય છે ત્યાં આછીપાતળી ખેતી કરે છે, કેટલાક મીઠું એકઠું કરે છે, કેટલાક 'લામા'ની વણઝારો ફેરવે છે. એક કાળે સોનારૂપાની પેદાશ માટે આ પ્રદેશની ખ્યાતિ હતી. અહીંના આદિવાસી ઇન્ડિયનો-ની એક આગવી સંસ્કૃતિ અહીં વિકસી હતી. ઈ. ૧૨૦૦ના અરસામાં ઈન્કા લોકોએ આ પહાડી પ્રદેશમાં જે આગવી સંસ્કૃતિ રચી તેના અવશેષો આજે યે આશ્ચર્ય પ્રકટાવે છે. એ પછી અહીંથી રૂપું ઘસડી જવા સ્પેઈનનાં ધાડાં ઊતરવા લાગ્યાં અને ૧૫૩૮ સુધીમાં તો તેમણે ભલા ઈન્કાઓ પાસેથી આ પ્રદેશ કબજે કર્યો.

અને પછી 'અપર પેરુ' નામે ઓળખાતો આ પ્રદેશ સ્પેનિશ શાસન તળે દબાતો જ રહેલો, પણ અંતે તેણે સ્પેઈન સામે માથું ઊંચક્યું. સ્પેઈન-શાસિત આ તરફના પ્રદેશોએ સ્વાતંત્ર્ય માટે પ્રયાસ આદર્યા. ઈ. ૧૮૦૯ થી ૧૮૨૪ સુધી તો આ લડતો ચાલી હતી અને જનરલ સાઇમન બોલિવારે તેનું નેતૃત્વ કરેલું. આઝાદી પછી પોતાના ઉદ્ધારકની યાદમાં આ પ્રદેશે બોલિવીઆ નામ ધારણ કર્યું. એ પછીયે પડોશી રાષ્ટ્રો સાથે તેને વિખવાદ ચાલતો જ રહેલો, જેમાં ૧૮૭૯માં ચિલીએ એનો દરિયાકાંઠો તથા કેટલોક ખનિજસમૃદ્ધ પ્રદેશ પડાવી લીધો. ૧૯૦૩માં બ્રાઝિલે તેનો રબર ઉત્પાદન કરતો વિસ્તાર લઈ લીધો. ૧૯૩૨ થી '૩૫માં પારાગ્વે સાથે યુદ્ધ થયું જે 'ચાકો-વૉર' નામે

ગરમી વચ્ચે એની આ આગેકૂચ દરમિયાન સ્પેનિશ સૈન્ય સાથે અવાર-નવાર એની અથડામણો તો ચાલુ જ રહેલી, જેમાં કેટલીક વાર તો કેડકેડ સમાણા કાદવમાં દુશ્મનો સામે ઝઝૂમવું પડેલું. ઍન્ડિઝનું પાસામો શિખર ઓળંગતાં ઠંડું ધુમ્મસ તેમને ઘેરી વળ્યું. કેટલાય એ ઠંડીમાં ઠરી ગયા, કેટલાય ખીણોમાં ગબડી પડ્યા. પાયદળ-હયદળ સહિત કુલ ત્રણ હજાર માનવીઓમાંથી ઍન્ડિઝનો ઢાળ ઊતરતાં માત્ર બારસો માનવી રહેલા, છતાં એટલી જૂજ સંખ્યા વડે બોલિવારે વેલિંગ્ટનની સરદારી નીચેના સ્પેનિશ સૈન્યને જબરી શિકસ્ત આપી.

બોલિવારે આ રીતે સતત યુદ્ધરત રહી દક્ષિણ અમેરિકામાંથી સ્પેનિશ સામ્રાજ્યવાદની જડ ઉખેડી નાખી, પરંતુ સ્પેઈનના તાબાનાં બધાં સંસ્થાનોનું એક જ રાષ્ટ્ર સરજવાની એની મહેચ્છા પાર ન પડી. સામ્રાજ્યવાદને હાંકી કાઢવા એક થએલા તમામ પ્રદેશો, એ ઉદ્દેશ-સિદ્ધ થતાં, એકબીજાથી લડી અલગ પડતા ગયા અને ત્યાં સરમુખત્યાર-શાહી સ્થપાતી ગઈ. આજના વેનેઝુએલા, કોલંબિયા અને ઈક્વાડોરને સ્વતંત્ર કર્યા પછી એણે પેરુને સ્વતંત્ર થવામાં મદદ કરેલી. આ પેરુનો અપર પેરુ નામે ઓળખાતા અમુક વિસ્તારે એના આ મુક્તિદાતાના નામ પરથી 'બોલિવીઆ' નામ ધારણ કરેલું, પણ આગળ જતાં ત્યાં યે સરમુખત્યારશાહીએ પગરણ માંડયાં.


વીઆ બોલિવારે એ પર પોતાનો અફસોસ વ્યક્ત કરતાં કહેલું: 'મેં નવી દુનિયાને મુક્તિ અપાવી, પણ એકેય રાજ્ય મજબૂત સરકાર

ખ્યાત છે. બોલિવીઆની દક્ષિણ-પૂર્વના ખનિજ તેલવાળા વિસ્તાર પર પારાગ્વેની આંખ હતી ને અંતે તેણે તે ભાગ પડાવી જ લીધો. આ લડાઇઓમાં ઊંચા ઠંડા પ્રદેશમાંથી આવતા બોલિવીઅન સૈનિકો નીચાણવાળા ચાકો પ્રદેશનું હવામાન વેઠી શક્યા નહિ અને યુદ્ધ ઉપરાંત, તાવ અને જંતુઓથી ત્રાસી હાર પામેલા. છતાં પોતાના ઉત્પાદનને માટે સાગરકંઠાર સુધી રેલમાર્ગો બાંધી શક્યા, પણ પહાડી પ્રદેશમાં ત્યારે દર માઇલે તેનો ૧૦,૦૦૦ પાઉન્ડ જેટલો ખર્ચ થએલો.

વળી, આ યુદ્ધમાંથી સામાજિક અને આર્થિક સુધારાની ચાહક એવી એક નવી જ પેઢી વિકસી. 'મૂવમેન્ટ ઑવ નેશનલ રેવોલ્યુશન'ના નામે તેઓ એકઠા થયા અને ૧૯૫૨માં તેમણે સત્તા હાથ કરી અનેક સુધારા દાખલ કર્યા, જેમાં તેમણે અહીંના આદિવાસી ઇન્ડિયનોને પણ સમાન અધિકારો આપ્યા, જમીન સુધારણા આરંભી, વિદેશી ખાણ ઉદ્યોગનું રાષ્ટ્રીયકરણ કર્યું અને જૂના સૈન્યને વિખેરી નાખ્યું. ૧૯૬૪ સુધી આ પક્ષે શાસન કર્યું. તે પછી આ પક્ષે જ રચેલા નવા સૈન્યે સત્તા હાથ કરી. જો કે આ નવા શાસને અગાઉના સુધારાઓને ટેકો આપ્યો અને બોલિવીઆ સૈન્યશાસિત પ્રજાસત્તાક બની રહ્યું.

વિસ્તારના પ્રમાણમાં ભૌગોલિક પ્રતિકૂળતાને કારણે બોલિવીઆની વસ્તી બહુ જ ઓછી છે. તેના ૪,૨૪,૧૬૨ ચોરસ માઇલના વિસ્તારમાં વસ્તીનું પ્રમાણ દર ચો.માઇલે માત્ર ચારેક માણસ જેટલું છે, એટલે કે આ સમગ્ર દેશની વસ્તી આપણા મદ્રાસ શહેર કરતાં થોડીક જ વધારે થાય એટલી – લગભગ ૪૬ લાખ જેટલી છે. આ વસ્તીમાંય ૭૦ ટકા જેટલા તો અહીંના ઇન્ડિયનો છે. બાકીનો મોટો ભાગ વર્ણસંકર અને પાંચેક ટકા યુરોપીઅનોનો છે. લગભગ ૯૪ ટકા પ્રજા રોમન કૅથોલિક ધર્મ પાળે છે. ભણતરનું પ્રમાણ કેવળ ૩૭ ટકા જેટલું અને રાજભાષા સ્પેનિશ છે. ખનિજમાં મુખ્ય પેદાશ ટીનની છે, જ્યારે ખેતીમાં શેરડી, ચોખા, કૉફી, બટાટા, મકાઈ, ઘઉં, કપાસ વગેરે પાકે છે, પણ તેનું પ્રમાણ બહુ વધુ નથી.

લા પાઝ એ બોલિવીઆની રાજધાનીનું શહેર છે. દુનિયાભરમાં ઊંચામાં ઊંચા સ્થાને એ વસેલું છે. અહીં દેશનાં સરકારી દફતરો છે. સ્પેનિશ ઢબનાં મકાનો તથા ઊંચાનીચા ઢાળવાળા પથ્થરજડિત રસ્તાઓને લીધે એ બહુ દેખાવડું લાગે છે. હાટ કે ઢોરબજાર ભરાય તે દિવસે આસપાસના પહાડોમાંથી હાથવણાટની રંગબેરંગી 'પાન્કો' ઓઢીને લોકો પોતાનો માલ વેચવા અહીં આવે છે. લામા કે ગધેડાની યા ખુદ પોતાની પીઠ ઉપર લાદીને તેઓ ફળ, શાકભાજી—ખાસ કરીને મરચાં, બટાટા, ગરમ કાપડ અને કોકોનાં પાન વગેરે વેચવા લાવે છે. બોલિવીઅન લોકો આ કોકોનાં પાન મોંમાં ચગળ્યા કરતા હોય છે. આ તરફના લોકોનું આ એક બહુ વ્યાપક વ્યસન છે. કોકોનાં પાનમાં કોકેઈન હોય છે. આ પાન ચાવ્યાથી ભૂખ મરી જાય. આમે ય બહુ જ નીચા જીવનધોરણમાં જીવતા આ લોકોની આ લતને કારણે વયમર્યાદા



બોલિવીઆમાં ઍન્ડિઝ પર્વતમાળામાં સમુદ્રની સપાટીથી ૧૨,૦૦૦ ફૂટ ઊંચે વસેલા લા પાઝ નગર નજીકનો એક પહાડી માર્ગ. ઢાળ-ચઢાણને કારણે અનેક વળાંક લેતા આ માર્ગ પર ત્યાંની અત્યંત પાતળી હવાને લીધે થોડી શી સફર પણ બહુ મુશ્કેલ બની રહે છે. આ પર્વતોને કારણે પણ બોલિવીઆ પડોશના અન્ય દેશોથી અલગ પડી જાય છે.

પણ ઘટી જતી જોવા મળી છે. માર્ગ પર તેઓ પોતાનો માલ પાથરીને બેસે ત્યારે અન્યથા શાંત ને ખાલીખાલી લાગતા આ શહેરમાં એક રોનક આવી જાય છે. બહુ ઊંચાઇએ વસ્યાને કારણે આ શહેર લગભગ 'ફાયરપ્રુફ' ગણાય છે. અલબત્ત, શહેરમાં અગ્નિશામક ખાતું અને આગ ઓલવવા માટે બંબા તો છે જ, પણ એની જરૂર ભાગ્યે જ પડે છે. કારણ એટલી ઊંચાઈ જે પાતળી હવા હોય છે તેમાં ઑક્સિજનનું પ્રમાણ બહુ ઓછું હોય છે. અને આગને ફેલાવા માટે હવામાં પૂરતો ઑક્સિજન હોવો જરૂરી છે.

સુક્રે એ બોલિવીઆનું બીજું મોટું શહેર છે. સાઇમન બોલિવારના એક બહાદુર જનરલની યાદમાં આ શહેરને તેનું નામ અપાયું છે. પેરુમાં એણે સ્પેઈનના સૈનિકોને આખરી ફટકો માર્યો હતો. એ પણ હજારેક ફૂટની ઊંચાઇએ વસેલું છે. અહીં બોલિવીઆની મુખ્ય અદાલતો છે, પણ શહેરની વસ્તી પૂરી લાખ માણસોની યે માંડ હશે.

ત્રીજું કોચાબામ્બ ખેતી-વિસ્તારમાં હોઈ ત્યાં ઘઉં, મકાઈ, નારંગી, અંજીર, દ્રાક્ષ ને જામફળ વગેરે સારા પ્રમાણમાં જોવા મળે છે. આ ઉપરાંત, સપાટ વિસ્તારમાં સાન્ટાક્રુઝ વસેલું છે. અલબત્ત, અહીં પણ વસ્તી તો થોડી જ છે, પરંતુ આ બંને પરંતુ આ દેશનાં શહેરોમાં ગણના પામે છે. —સં.

સ્થાપી શક્યું નહિ.' સામ્રાજ્યશાહીના અંત પછી ઉદય પામતી જતી આ સરમુખત્યારશાહીમાં એક વખત તો તેનું ખૂન કરવાનો પણ પ્રયાસ થએલો. આ બધાંથી હતાશ બની એણે નિવૃત્તિ લેવાનું નક્કી કર્યું. અને એ નિર્ણય અમલમાં મૂકી બાગોટા શહેર છોડી એ ચાલી નીકળ્યો ત્યારે તેને વળાવવા પ્રધાનમંડળ અને સરકારી અમલદારોથી માંડી વિપુલ જનસંખ્યા એકઠી થએલી. બોલિવારે તેમની વિદાય લેતાં કહ્યું, 'મારો અંતસમય નજીક આવી ગયો છે, મારું આયુષ્ય ખૂટવા આવ્યું છે, ઇશ્વર મને તેના સાન્નિધ્યમાં બોલાવી રહ્યો છે.' માંડમાંડ એ ઘોડા પર ચડી શક્યો, લોકોએ અશ્રુભરી આંખે એને વિદાય આપી, અને થોડી વારમાં ઘોડો એને લઇને અદૃશ્ય થઈ ગયો.

પોતાની તેજસ્વી પણ ટૂંકી જિંદગીમાં યે બોલિવારે લખવા માટે ઘણો સમય કાઢેલો. એણે લખ્યા જ કર્યું હતું—યુદ્ધસમયમાં તેમ જ શાંતિસમયમાં. એના મૃત્યુ પછી દસ પેટીઓ ભરીને એનાં લખાણો મળી આવેલાં. તેના વિચારોના ધોધ સાથે ગમે તેવો ઝડપી લહીઓ પણ રહી શકે તેમ ન હોઈ તે ઘણી વાર તો એકસાથે ત્રણત્રણ મંત્રીઓને પોતાનું બોલેલું લખી કાઢવા બેસાડતો. પોતાનો તમામ પૈસો તેણે ગરીબોમાં વહેંચી દીધો હતો.

ઈ. ૧૮૭૦ના ડિસેમ્બરની ૧૭મી તારીખે દક્ષિણ અમેરિકાનો આ સર્વશ્રેષ્ઠ પુરુષ કોલંબિયાના સાન્તા માર્તા મુકામે એકાકી અને અકિંચન હાલતમાં અવસાન પામ્યો. □

અતિ સ્નેહ......

અવંતિકા ગુણવંત

શૈલજાને ભાન આવ્યું. એણે આંખો ખોલી. જોયું તો સામે મનીષ નથી, કાંતાબહેન છે. એને આઘાત લાગ્યો. તરત એણે આંખો મીંચી દીધી. હાય! આવડા મોટા ઑપરેશનમાંથી હું પસાર થઈ, કોને ખબર કેટલા કલાકે ભાનમાં આવી હોઈશ, અને મને ભાનમાં આવેલી જોવા મનીષ હાજર નથી? એને મારી જરાય ચિંતા નથી?

જ્યારથી ઑપરેશનનું નક્કી થયું ત્યારથી શૈલજાના મનઃચક્ષુ સમક્ષ એક દૃશ્ય વારંવાર દેખાયા કરતું હતું. ઑપરેશન દરમિયાન મનીષ જાણે ધ્રૂજતા પગે, ફફડતા હૈયે, કંપતા સ્વરે ઈશ્વરનું નામ લેતો ઑપરેશન થીએટરની બહાર ઊભો છે. એ કોઈની સાથે બોલતો નથી. એના મોં પર એવી કોઈ ઉદાસી છે કે કોઈ એની નજીક જવાની હિંમત કરી શકતું નથી. કલાકો થયા મનીષ આમ જ ઊભો છે. એની આતુર આંખો ઑપરેશન થીએટરનાં બંધ બારણાં પર ખોડાયેલી છે. અંતે બારણું ખૂલે છે, ડૉક્ટરને જોતાં એ ખૂબ અધીરાઈથી શૈલજા વિશે પૂછે છે. ડૉક્ટર રજા આપે કે તુરત તે શૈલજાની બાજુમાં આવીને ઊભો રહે છે. શૈલજા ક્યારે આંખો ખોલે તેની રાહ જોતો એ ઊભો રહે છે.

પણ શૈલજાએ ખરેખર જ્યારે આંખો ખોલી ત્યારે મનીષ ત્યાં નથી. એને આંચકો લાગ્યો. એણે આંખો મીંચી દીધી. મનીષ સિવાય એને બીજા કોઈનું કામ નથી. આ બાહ્ય જગત સાથેનો કોઈ સંબંધ ખપતો નથી. એનું મન ઊંડાણમાં સરી પડે છે: અરે આ મનીષને જ્યારે-જ્યારે કંઈ થતું ત્યારે હું મારો જીવ કાઢી આપતી. એને ઠેસ વાગે ને લોહી મને નીકળે. હું તદ્દન એનામય થઈ ગઈ હતી. લગ્ન થયે વીસ-વીસ વર્ષ વીતી ગયાં છતાં પ્રથમ દિવસના જેટલી જ ઉત્કટતાથી, અરે, એથી ક્યાંય વધારે ઉત્કટતાથી હું એને પ્રેમ કરતી હતી, ત્યારે એને તો મારી કંઈ જ પડી નથી!

શૈલજાના હૈયામાં જાણે વજ્રઘાત થયો. આના કરતાં તો મને ભાન ન આવ્યું હોત તો સારું. તેનું મન ચીસ પાડી ઊઠ્યું : ઓહ ચેતન તું ચાલ્યું જા, હું મારો જીવ કાઢી આપું છું. ઓહ જીવ, તું ઊડી જા, મારે નથી જીવવું, નથી બચવું.

એ જ ક્ષણે ડૉક્ટર રૂમમાં પ્રવેશ્યા. એમની નજર શૈલજાના ચહેરા – ચહેરાના રંગ પર ગઈ. તે ચમક્યા. ચિંતાથી બોલી ઊઠ્યા, 'શૈલજાબહેન... શૈલજાબહેન!' પણ કંઈ પ્રત્યુત્તર ન મળ્યો. જુએ તો શૈલજાનું શરીર ઠંડું પડતું જાય છે. થોડી દોડાદોડ થઈ ગઈ. ડૉક્ટરે તાત્કાલિક ઈન્જેક્શનો આપ્યાં. શૈલજાના પલ્સ, બ્લડપ્રેશર વગેરેનું ધ્યાન રાખતા ડૉક્ટર બેસી રહ્યા. થોડી વારે બધું નૉર્મલ જણાતાં એ ફરી વાર બોલ્યા, 'શૈલજાબહેન.'

ઊંડાણમાંથી બોલતી હોય તેમ શૈલજા બોલી, 'હં...' અને ધીરેધીરે આંખો ખોલી. ડૉક્ટરે રાહત અનુભવી, ખૂબ આતુરતાથી પૂછ્યું, 'કેમ છો?'

શૈલજા સહેજ હસીને બોલી, 'સારું છે.'

'જુઓ અમારું કામ પૂરું થયું. ઑપરેશન ખૂબ સરસ રીતે પાર પડી ગયું. હવે ઝડપથી રીકવર થવું તમારા હાથમાં છે. ખૂબ આનંદમાં રહો, જરા ય ચિંતા ન કરશો.'

ડૉક્ટરે નર્સને એકાદ-બે સૂચન કર્યાં, અને ગયા. શૈલજાને ગ્લુકોઝ ચડાવાતો હતો. નર્સ બાજુમાં ઊભી હતી. કાંતાબહેન બેઠાં હતાં.

હવે મનીષ આવ્યો. તેણે નીચા વળી શૈલજાના કાન નજીક પોતાનું મોં લઈ જઈને ધીમેથી પૂછ્યું, 'કેમ છે?'

શૈલજા મનીષને જોઈ રહી. કોઈ અપરિચિતને જોતી હોય તેમ એકાદ-બે સેકન્ડ જોઈ રહી અને આંખો મીંચી દીધી. એના મનમાં હતું મનીષ એના કપાળ પર હાથ મૂકશે, માથે હાથ ફેરવશે. પ્રેમથી કહેશે, શૈલ ગભરાઈશ નહિ. બધું સરસ પતી ગયું છે. પણ મનીષે ન તો એને માથે હાથ મૂક્યો, ન એને પંપાળી, ન કંઈ હેતનાં વચન બોલ્યો કે ન કાંતાબહેનને ઉઠાડીને પોતે તેની પાસે બેઠો. અરે, ત્યાં થોડી વાર ઊભો પણ ન રહ્યો, બહાર જતો રહ્યો.

શૈલજાનું મોં કડવુંકડવું થઈ ગયું. એક ઊબકો આવી ગયો. ઘેરી-ઘેરી ઉદાસીનતા એના પર છવાઈ ગઈ. એક પછી એક સગું આવે છે, અને ચૂપચાપ એનું મોં જોઈ બહાર ચાલ્યું જાય છે. આખો દિવસ આમ જ વીત્યો. કાંતાબહેન ઊઠ્યાં અને ઈન્દુભાભી બેઠાં. ઈન્દુભાભી ગયાં અને બચુભાઈ આવીને બેઠા. પણ ક્યાંય મનીષ નથી.

શૈલજાનો જીવ ઘોળાવા લાગ્યો. એને ઊબકો આવ્યો. કડવુંકડવું ચીકણું પ્રવાહી મોંમાંથી નીકળ્યું. બચુભાઇએ તુરત રૂમાલ ધરીને એ લૂછી નાખ્યું. સ્નેહથી એના માથે હાથ ફેરવ્યો.

શૈલજાએ અત્યાર સુધી રોકેલાં આંસુ આંખમાં ધસી આવ્યાં. બચુભાઈ ખૂબ લાગણીથી કહેવા લાગ્યા, 'લે, ગાંડી છે ને, રડે છે શું? ભરદરિયો તો તેં વટાવી દીધો. જોખમ જતું રહ્યું. બધું કેવું સરસ પતી ગયું! હવે તો થોડા દિવસોમાં તું હરતીફરતી થઈ જઈશ. રડીશ નહિ, ચાલ હસ તો.' અને એમણે શૈલજાનાં આંસુ લૂછી નાખ્યાં.

શૈલજા બચુભાઈથી દસ વર્ષ નાની હતી. તે આવડી મોટી થઈ તો ય બચુભાઈની નજરોમાં તો હજી યે એ નાની બાળકી જ હતી.

બચુભાઈ કહેવા લાગ્યા, 'યાદ છે શૈલા તને, તું સાવ નાની હતી, મને પોલિયો થયો હતો, હું પથારીવશ હતો, ત્યારે તું આખો દિવસ મારી રૂમમાં જ રમતી. બા એક ચાવીવાળી મોટર લાવ્યાં હતાં. હું ચાવી આપીને ભોંયે મૂકું. મોટર દોડવા લાગે, એની પાછળ તું તાળીઓ બજાવતી દોડતી. ચાવી થઈ રહેતાં મોટર અટકે, એટલે તું પાછી એ લઇને દોડી આવતી. ફરી હું ચાવી આપી મોટર ભોંયે મૂકું. એને દોડતી જોઇને તું ખીલી ઊઠતી. તને જોઇને મને આનંદઆનંદ થઈ જતો. તું મોટરથી થાકે એટલે આપણે રમત બદલતાં. અને હું તને ગલીગલી કરું ત્યારે તું કેવી હસતી? હું ય મારું દુઃખ ભૂલીને ખૂબ હસતો. મારા એ પીડાના દિવસોમાં તું જ મારી મિત્ર હતી.' બચુભાઈ ખૂબ હેતથી બાળપણની વાતો કરતા હતા.

શૈલજા પોતાની વ્યથા ભૂલી. આનંદભર્યા બાળપણમાં સરી પડી. બચુભાઈ આખી રાત એની પાસે જ બેસી રહ્યા. શૈલજા જાગતી, ઊંઘતી રહી. પણ બચુભાઈ એક ક્ષણ માટે પણ ત્યાંથી ખસ્યા નહિ.

બીજો દિવસ થયો. મનીષ આવ્યો. શૈલજાની ખબર પૂછી બે-પાંચ મિનિટ ઊભો રહ્યો ને બહાર નીકળી ગયો. આજે યે ગ્લુકોઝ ચડાવાય છે. આજે પણ એક જ જણને પાસે બેસવાની છૂટ છે. સગાં વારાફરતી એની પાસે બેસે છે; અને ધ્યાન રાખે છે.

શૈલજાને થાય છે, નર્સો અને ડૉક્ટરોની જેમ સગાંઓની ડ્યૂટી પણ બદલાય છે. મારી પાસે એકધારું બેસનારું કોઈ નહિ. એણે તો માન્યું હતું મનીષ ખડેપગે એની ચાકરી કરશે. એની પાસેથી એક ક્ષણ પણ વેગળો નહિ ખસે. મનીષના મોં પર બસ ચિંતા જ ચિંતા હશે. એની આંખોમાં વેદના હશે. એના બોલવામાં આર્જવતા હશે. હલન-ચલનમાં વ્યગ્રતા હશે. પોતે એને નજીક બોલાવી એના વાળમાં આંગળા પરોવી લાડ કરશે. એને હસાવશે. એ જમ્યો કે નહિ, શું જમ્યો,

કેટલું જમ્યો તે બધું પૂછશે. આગ્રહ કરીને એને ઘેર જમવા અને આરામ કરવા મોકલશે. દિવસમાં બે વાર એને કપડાં બદલવાનું કહેશે. પોતે સાજી હતી, ઘરમાં હરતીફરતી હતી ને એનું જેવું ધ્યાન રાખતી હતી તેવું ધ્યાન રાખશે. પણ રે, મનીષ તો રૂમમાં બેસતો જ નથી. તે આવે છે ને જતો રહે છે.

શૈલજાનું દિલ ભાંગી પડયું. પણ મહેણાં મારવાનું કે કટાક્ષમાં બોલવાનું એના સ્વભાવમાં નથી. રિસાવામાં તે પોતાનું જ અપમાન સમજે છે. તે ખૂબ સ્વમાની છે તેથી બોલવામાં પણ સંયમ રાખે છે. તે બોલતી નથી, ફરિયાદ કરતી નથી, રડતી નથી. બસ ચૂપ જ રહે છે. એના દિલના જખમની કોઇને જાણ થતી નથી, તે થવા દેતી નથી. મનીષને પણ નહિ. મનીષ જ્યારેજ્યારે એની ખબર પૂછે છે, ત્યારે એ વિવેકથી જવાબ આપે છે. પણ એની આંખોમાં કે અવાજમાં ક્યાંય પ્રેમનો ઉમળકો નથી. ભાવવિહીન આંખો મીંચી એ પડી જ રહે છે. દર્દની ફરિયાદ કે પીડાનો ઉંહકાર પણ એ નથી કરતી.

મનીષ મનમાં ને મનમાં મૂંઝાય છે. શૈલજા આમ નિષ્પ્રાણની જેમ પડી કેમ રહે છે? કંઈ વાતચીત કેમ કરતી નથી? ડૉક્ટરે બોલવાની તો પૂરી છૂટ આપી છે. એના જેવા બીજા દર્દીઓ કેવી વાતો કરે છે, તો સદાય બોલકણી શૈલજા શાંત કેમ છે? પણ આવી નાજુક તબિયત હોય ત્યારે શૈલજાને પૂછીપૂછીને હેરાન કરવાનું એને યોગ્ય નથી લાગતું. એટલે એ એને કંઈ પૂછતો નથી. અરે, હવે તો કેમ છો? એટલું ય પૂછવાનું એણે લગભગ બંધ કર્યું છે.

તે મનમાં વિચારે છે. શૈલજાને કંઈ થતું હોય તો તે તુરત ડૉક્ટરને ફરિયાદ કરે જ. શું આ આવડા મોટા ઑપરેશનની અસર હશે?

મનીષને ખયાલ નથી આવતો કે આજે ચાળીસ વરસની ઉંમરે શૈલજા એક બાળક જેવી લાડભૂખી થઈ ગઈ છે. લાડ નહિ મળતાં હતાશાથી તેણે હૃદયમનનાં દ્વાર બંધ કરી દીધાં છે. આજે કોઈ એનું અંગત નથી રહ્યું. એ કોઇને પોતાનાં નથી ગણતી. એના જીવનમાં સગાંને એણે દૂર કર્યાં હતાં. જે એની સૌથી વધુ નિકટ હતો તે મનીષ પણ આજે એને દૂરદૂર લાગે છે. તે તદ્દન એકલી પડી ગઈ છે.

હૉસ્પિટલમાં દાખલ થવાના આગલા દિવસે એણે કેટલા ઉલ્લાસથી મનીષને કહ્યું હતું, 'ચાલો ફરવા જઇએ'.

'ક્યાં?' મનીષે પૂછ્યું.

'અરે ગાડી તો બહાર કાઢો.' શૈલજા વટથી બોલી હતી. ખૂબ ઉમંગથી તે તૈયાર થઈ હતી. રાજરાણીની અદાથી ગાડીમાં બેસીને તેણે કહ્યું, 'મારાં-આપણાં બધાં પ્રિય સ્થળોએ લઈ જાઓ.'

સૌથી પહેલાં તેઓ 'ભૂતિયા મહેલ' ગયાં. શૈલજાની એ પ્રાથમિક શાળા હતી. શૈલજાએ મન ભરીને એ જોઈ. શાળાનું એ આંગણું જ્યાં એ રમી હતી, ગીત-ગરબા ગાયાં હતાં. જેના પરનાં કાચાંપાકાં શેતૂર પાડીને તે ખાતી એ શેતૂરનું ઝાડ જોયું. ઘેઘૂર લીમડા જોયા જેની છાયામાં રોજ બપોરે એ નાસ્તો કરતી. બાળપણના એ દિવસોમાં જાણે એ ખોવાઈ ગઈ. પછી તેઓ હાઈસ્કૂલે ગયાં. ત્યાંથી કૉલેજ આવ્યાં. અહીં એ એક મુગ્ધા રૂપે પ્રવેશી હતી, અને બહાર નીકળી ત્યારે તેના હૈયામાં અને જીવનમાં મનીષ પ્રવેશી ચૂક્યો હતો. પછી તો મનીષ સાથે એ જ્યાંજ્યાં ફરી હતી એ બાગબગીચા, મંદિર બધું જોઈ વળી. ભૂતકાળની અનેક મધુર સ્મૃતિઓને યાદ કરતી એ પુલકિત થઈ રહી. કહે, 'હવે મને ઑપરેશનનો ડર નથી. અરે, હવે કદાચ ઑપરેશનની જરૂર જ નથી. હું તદ્દન સાજી નરવી થઈ ગઈ છું.'

અને બીજે દિવસે દવાખાનામાં દાખલ થઈ ત્યારે શૈલજા ગાતી પંખીણી જેવી જ હતી. તે શૈલજા આમ નંખાઈ કેમ ગઈ? મનીષ મનમાં ને મનમાં વિમાસી રહ્યો હતો. શૈલજા મન દઇને બોલતી કેમ નથી? હળવાશથી હસતી કેમ નથી? આજે વીસવીસ દિવસ થયા શૈલજા ઘર વિષે કશું પૂછતી જ નથી? હૉસ્પિટલમાં આવતાં પહેલાં ઘરના ઓરડેઓરડે એ ફરી વળી હતી. નીકળતાં પહેલાં હીંચકા પર ઝૂલીયે લીધું હતું. આંગણામાં ફૂલછોડને યે હેતથી પંપાળી લીધા હતા. અરે, નૃપા અને નિશાન્ત તો એના જિગરના ટુકડા છે. તે વહાલાં સંતાનોને પણ કેવી ઉદાસીથી જુએ છે. બાળકો પૂછે છે એનો ઉત્તર માત્ર આપે છે. એનામાં જાણે કોઈ મોહ-માયા જ નથી રહ્યાં.

શૈલજાને શું થતું હશે? તેણે એનું મન આમ કેમ વાળી લીધું હશે? કોઈ અજ્ઞાત ભયથી મનીષ બહાવરો બની જાય છે. શૈલજાને કંઇ વધારે પૂછપૂછ કરું તો રખેને એને વધારે ચિંતા થાય, એને કંઈ શંકા જાય, એમ માનીને એ ચૂપ જ રહે છે. માત્ર ડૉક્ટરને તે વારંવાર પૂછે છે અને 'બધું નૉર્મલ છે' એમ સાંભળીને પોતાનું મન મનાવવા કોશિશ કરે છે. પણ એના મનની બીક જતી નથી. તે શૈલજાની રૂમમાં જાય છે તો તેની સામે જોવાનું ટાળી બારી બહાર જોયા કરે છે, અને રૂમની બહાર આવી છાનોમાનો આંખો લૂછી લે છે.

જો કે મનીષ પહેલેથી જ ઓછાબોલો હતો. એ માટે શૈલજા ક્યારેક ટકોર પણ કરતી. ક્યારેક ચિડાતી પણ ખરી. પણ પછી ધીરેધીરે તેનાથી ટેવાઈ ગઈ, એટલું જ નહિ, મનીષના આ ખાસિયતને જ એ ચાહવા લાગી હતી. અને કદાચ તેથી જ આટલાં વરસે ય મનીષ લાગણી વ્યક્ત કરવાનું - પ્રેમનાં શબ્દો બોલવાનું શીખી શક્યો જ ન હતો.

પરંતુ આજે શૈલજા મનીષની આ ટેવ કદાચ ભૂલી જ ગઈ છે. અને એથી જ એ દુઃખીદુઃખી થઈ રહી છે. એ બોલતી નથી પણ એનું હૈયું રડે છે. અત્યારે શૈલજા નિર્બળ બની ગઇ છે. તેને લાગે છે મનીષનો પ્રેમ ઓસરી ગયો છે. તેથી જ તે હેતથી બોલતો નથી. માત્ર ફરજ ખાતર મારી પાસે આવી બોલવા ખાતર બે શબ્દો બોલી જતો રહે છે. ઘરમાં રાજરાણી જેમ રહેલી એ મનોમન પામરતા અનુભવી મુરઝાય છે.

અંતે ઘેર જવાનો દિવસ આવી પહોંચ્યો. પણ શૈલજાના મનમાં કોઇ ઉત્સાહ નથી. કદાચ રોજ કરતાં આજે તે વધારે ઉદાસ છે.

ત્યાં મનીષ આવ્યો. આજે તે ખુશ છે. શૈલજાનો હાથ પોતાના હાથમાં લઇને તે બોલ્યો, 'શૈલા, કાલ ઘેર જવાનું છે!'

'હા.' શૈલાએ એની સામે જોયા વગર જ કહ્યું.

'કેમ કંઇ બોલતી નથી, શૈલ?'

'શું બોલું?' ખૂબ થાક ચડચો હોય તેમ કંટાળાથી તે બોલી, પણ આજે મનીષનું એ તરફ ધ્યાન નથી. શૈલાનો હાથ સહેજ દબાવતાં બોલ્યો, 'આ દિવસો દરમિયાન હું એક વાત શીખ્યો.'

'હું પણ શીખી.' લૂખા અવાજે શૈલજા બોલી.

'શું?' મનીષે ઉત્કટતાથી પૂછ્યું.

'પહેલાં તમે કહો. તમે શું શીખ્યા?'

'કહું. તને કંઇ થયું હોત તો તારા વગર મારાથી ન રહેવાત. તું મારા જીવનમાં આટલી બધી વણાઇ ગઇ છે એનો ખરો ખયાલ તો હવે જ આવ્યો. આ બાટલા, તારા શરીરમાં ભેરવેલી નળીઓ, આ તારો નંખાઇ ગયેલો ચહેરો વગેરે જોઇને હું સાવ હિંમત ખોઇ બેઠો હતો. રૂમની બહાર બેસીને દિવસ-રાત હું તો ભગવાનને પ્રાર્થના જ કર્યા કરતો હતો.'

હવે જ શૈલજાને મનીષના ચહેરા પર આવી ગએલી ફિક્કાશ દેખાઇ, એના ઊતરી ગએલા શરીર પર અજાણતાં જ એનો હાથ ફરી રહ્યો.

'કહે તું શું શીખી?' શૈલજાએ કશો ઉત્તર ન આપ્યો. એની આંખ ભરાઇ આવી, પણ ચહેરો મરકતો હતો. મનીષ એ આનંદથી જોઇ રહ્યો. શૈલજાનો ઉત્તર સાંભળવાની એને હવે ક્યાં કંઇ પડી હતી? □

અરડૂસી

[અમદાવાદના 'નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑાવ ડિઝાઈન'ની ફૅકલ્ટી ઑાવ વિઝ્યુઅલ કૉમ્યુનિકેશન' વિભાગમાં અભ્યાસ દરમિયાન એક પ્રોજેક્ટ તરીકે ગ્રંથરચનાના નમૂના રૂપે લેખકે દસ ઔષધીય વનસ્પતિઓનો પરિચય આપતી એક સચિત્ર પુસ્તિકા તૈયાર કરેલી, જેમાં જે તે વનસ્પતિની લાક્ષણિકતા દર્શાવતાં રેખાંકનો ઉપરાંત તે વનસ્પતિનાં વિવિધ નામ, તથા વર્ણન વગેરે નિષ્ણાતોની પાસેથી માહિતી મેળવી તેના ઔષધીય ઉપયોગો આપ્યા છે. 'કુમાર'ને પણ આ વિષયમાં રસ હોઈ લેખક પાસેથી તે માગી લઈને થોડી વિશેષ નોંધ ઉમેરી એ લખાણ તથા લેખકે કરેલાં રેખાંકનો અહીં રજૂ કરીએ છીએ.]



આયુર્વેદિક ઔષધીઓમાં અરડૂસીનો છોડ બહુ જાણીતો છે. અડુસા, અડુલસી, વાસુક (મરાઠી), વાસક, વાસા, વાશિકા. આટરુષા, વાજિદંતા, વૃષ, તામ્ર, સિંહિકા, સિંહાસ્ય, સિંહપર્ણી. સિંહી વગેરે નામથી પણ તે ઓળખાય છે. અંગ્રેજીમાં તેને 'મલબાર નટ' (Malbar nut) કહે છે. એનું શાસ્ત્રીય નામ **Adhatoda Vas.ca (L.) nees.**

અરડૂસીના છોડ ૧થી ૨ મીટર ઊંચા થાય છે. એની સામસામી ઊંચી વધતી ડાળીઓ પર ૧૦ થી ૧૨ સે.મી. લાંબાં અને ૫ થી ૬ સે.મી. પહોળાં અણિયાળાં પાન સામસામાં હોય છે. આના ઉપર આછીશી રુવાંટી અને કિનારી થોડી લહેરિયાં લેતી હોય છે.

ફૂલ: ડિસેમ્બરથી જૂન માસ દરમિયાન શાખાના છેડે કલગી જેવી ડાંડલી પર ફિક્કી જાંબુડી કે ભૂરી છાંટવાળાં નાગફેણના આકારનાં સફેદ ફૂલ આવે છે.

ફળ: બહુ જોવા મળતાં નથી, પણ તે મોગરાની કળી જેવા આકારનાં બેએક સે.મી. લાંબાં, તથા ચાર ચપટાં બીજવાળાં હોય છે.

સ્થાન: વાડી, વાડા અને બાગ-બગીચામાં અરડૂસી ઉગાડાય છે. કયારેક એ આપમેળે પણ ઊગી નીકળે છે.

ચિકિત્સાપ્રયોગો : અરડૂસી એ ઔષધીય છોડ હોઈ અનેક રીતે ઉપયોગી છે:

કફ: મોં વાટે સફેદ કે પીળો, જાડો-પાતળો ચીકણો કફ પડતો હોય તો અરડૂસીનાં પાનને પાણીથી ધોઈ સાફ કરીને પથ્થર ઉપર લસોટી, તેને કાપડની પોટલીમાં મૂકી દબાવીને રસ કાઢવો. આવા દસ ગ્રામ રસમાં પાંચ ગ્રામ જેટલું મધ મેળવી સવારસાંજ પીવાથી બેએક સપ્તાહમાં આરામ થાય છે.

ખાંસી: સૂકી કે કફયુક્ત ખાંસીમાં પણ ઉપર દર્શાવ્યા મુજબ રસ લઈ શકાય. આનાથી સુધારો લાગે તો પ્રયોગ લંબાવી શકાય.

ક્ષય: આજે તો ઍલોપથીની દવાઓ નિયમિત લેવાથી અને બરાબર આરામ કરવાથી ક્ષય તદ્દન મટી જાય છે. આ રોગમાં ખાંસી પણ આવે છે. આ ખાસી પર દાક્તરની દવાઓ ઉપરાંત, તેની મંજૂરી અરડૂસીના રસનો પ્રયોગ પણ કરી શકાય.

લોહી પડવું: શરીરમાં પિત્તની ગરમી વધી જવાથી નસકોરી ફૂટીને લોહી પડે છે. આ જ રીતે કવચિત્ મોંમાંથી કે મળમાર્ગે પણ લોહી પડે છે. આમાં એક ચમચી સાકર સાથે ૧૦ ગ્રામ જેટલો અરડૂસીનો રસ સવાર-બપોર-સાંજ, એમ દિવસમાં ત્રણ વાર લઈ શકાય. આ પ્રયોગ દરમિયાન અને તે પછી પણ એકાદ માસ સુધી, લસણ, મરચાં, ડુંગળી, ગોળ, બાજરી, રીંગણાં વગેરે જેવા ગરમ પદાર્થો ખાવાનાં બંધ કરવાં. દૂધ લેવાનું પ્રમાણ વધારવું અને તેમાંય બકરીનું દૂધ લેવાય તો સારું. આમ છએક દિવસ પ્રયોગ કર્યા પછી પણ લોહી પડતું અટકે નહિ અથવા એકધારું ને વધુ પ્રમાણમાં પડતું હોય તો વૈદ્ય-દાક્તરની સલાહ લેવી.

ખસ: અરડૂસીનાં પાન ઉકાળીને તે પાણીથી સ્નાન કરવું, અને રોજ સવાર-સાંજ અરડૂસીનાં કુમળાં પાનને ગોમૂત્રમાં લસોટીને ખસ ઉપર તેનો લેપ કરવો. એકાદ-બે કલાક પછી એ ભાગને ગરમ પાણીથી ધોઈ નાખવો. બેએક દિવસમાં સુધારો દેખાય તો ખસ મટતાં સુધી આ પ્રયોગ જારી રાખવો.

વિશેષ: ઉધરસ, શ્વાસ, દમ, ક્ષય વગેરે જેવા રોગમાં ગુણકારી અરડૂસી જ્વર, ત્રિદોષ મરડો, રક્તાતિસાર ઉપર કવાથ, કલ્ક તેમ જ સ્વરસના રૂપમાં લઈ શકાય છે. છાતીના અને ફેફસાંના સોજા ઉપર અરડૂસીનાં પાન મૂકીને શેક કરાય છે. અરડૂસી શીતવીર્ય હોઈ હૃદ્ય, એટલે કે હૃદયને સુખ આપનાર, હલકી, તીખી કડવી ને સ્વર્ય-સ્વરને સુધારનાર તથા શીળસ, વિષ, મેહ, તરશ, અરુચિ અને ઊલટી મટાડનાર તથા રક્તપિત્ત પર અકસીર મનાય છે. શ્વેત પ્રદર ઉપર અરડૂસીનાં મૂળનો રસ મધમાં આપવાથી ફાયદો થાય છે.


અરડૂસી અને અરડૂસો બંને ભિન્ન વનસ્પતિ છે. અરડૂસાનું મોટું વૃક્ષ થાય છે. તેનાં પાન લીમડાનાં પાન જેવી કાંગરીવાળાં તથા ફળ આવળના પરડા જેવાં ચપટાં હોય છે. અરડૂસાની છાલ તજના જેવી સુવાસિત હોય છે. અજીર્ણ, ખાંસી, અરુચિ, તાવ, સંગ્રહણીમાં તે કવાથ અથવા હિમના રૂપમાં લેવાય છે. આયુર્વેદમાં ગણાવેલાં દશમૂળમાં અરડૂસીનાં મૂળની પણ ગણના છે.

પવનકુમાર જૈન





▷ અરડૂસીનાં ફૂલ તથા પાન



લોકમહેશ્વર હિમાલય

ગુણવંત શાહ

પર્વતો સાથે માણસનાં અનેક કલ્પનો જોડાયાં છે. પર્વતને 'ક્ષિતિધર' એટલે કે 'પૃથ્વીને ધારણ કરનારો' ગણવામાં આવ્યો છે. પૃથ્વી પરના જીવનનું ધારણપોષણ પર્વત પરથી વહેતી જીવન-ધારાને કારણે થતું હોય છે. પર્વત સાથે જોડાયેલું એક અત્યંત લોકપ્રિય કલ્પન આ રહ્યું :

समुद्र वसने देवी पर्वतस्तन मण्डले ।
विष्णुपत्नि नमस्तुभ्यं पादस्पर्शं क्षमस्व मे ॥


સમુદ્રોનાં વસ્ત્રોવાળી, પર્વતોનાં સ્તનવાળી હે વિષ્ણુપત્ની (પૃથ્વી-માતા)! હું તને નમસ્કાર કરું છું. હું તને પગ વડે સ્પર્શું છું તે માટે મને ક્ષમા કર!


ચીની તત્ત્વજ્ઞાનમાં પર્વતની છાંયડાવાળી અને તડકાવાળી બાજુ-ઓ માટે 'યિન' અને 'યાંગ' શબ્દો પ્રયોજીને બંનેના સંતુલન પર ખૂબ જ ભાર મૂકવામાં આવ્યો છે. આ સંતુલન ખોરવાય ત્યારે શરીરમાં શક્તિનો એટલે કે 'ચિ'નો પ્રવાહ ખોરવાય. ખોરવાયેલા પ્રવાહને થાળે પાડવાની પ્રયુક્તિ 'એક્યુપંક્ચર' તરીકે જાણીતી છે. પર્વતને પૌરુષનું પ્રતીક ગણવામાં આવ્યો અને ખીણને માતાના પોલા ગર્ભ સાથે સરખાવવામાં આવી. લાઓત્સે તો નીચાણ તરફ વહેનારાં નમ્ર જળની ખૂબ પ્રશંસા કરે છે અને કહે છે કે નદી (નિમ્નગા) નીચાણ તરફ વહે છે તેથી તો બીજાં અનેક ઝરણાં એમાં ભળી શકે છે!

'હિમાલય' શબ્દ કાને પડે એટલે આપણા મનમાં કેવાં બધાં સંવેદનો સળવળી ઊઠે છે! એવો ભાવ જાગે જાણે હિમાલય એ જગતનું સૌથી મોટું શિવાલય છે! પ્રત્યેક પર્વત કે ડુંગર શિવનું લિંગસ્વરૂપી પ્રતીક છે; સાક્ષાત્ શક્તિનું ઉપસ્થાન છે. શિવને 'શક્તિનાથ' કહે છે. પર્વતને આલિંગીને પડખે આવેલી ખીણ એ પાર્વતીનું પ્રતીક છે. 'ખીણ' શબ્દ 'ક્ષીણ' પરથી આવ્યો જણાય છે. ખીણ સદાય ઘસાતી રહે છે અને ક્ષીણ થતી રહે છે. સતત ધસમસતા જળપ્રવાહને કારણે ઘસાઈ ઘસાઇને એ ઊંડી થતી રહે છે. પાંદડાં પણ ખાવાનાં છોડી દઇને તપ કરનાર પાર્વતીને 'અપર્ણા' કહી છે. પર્વત પર જે વરસાદ પડે એ જ તો શિવલિંગ પર થતો અભિષેક! પર્વત પરનાં ગાઢાં જંગલો એ જ તો ગંગાને ઝીલનારી શિવજીની જટા!

પર્વત એ માત્ર પદાર્થ (matter)નો વિપુલ જથ્થો જ નથી, પરંતુ ઊંચાઇને કારણે સાક્ષાત્ શક્તિ (energy)નો વિરાટ પુંજ પણ છે. એક રીતે જોઇએ તો હિમાલય એ ભારતીય ઉપખંડની કલ્પનામાં ન આવે એવડી મોટી અને કદીય નિરાશ ન કરનારી દિવ્ય, ભવ્ય અને જીવનદાયિની 'ઓવરહેડ ટૅન્ક' છે! પર્વતની ઊંચાઈ સુષુપ્ત ગુરુત્વબળને સાચવી રાખે છે. નીચે ધસમસતા જળપ્રપાતમાંથી જળવિદ્યુત ઉત્પન્ન થઈ શકે છે. ઉપરવાસથી નીચે વહેતી નદી સેંકડો જોજનો વટાવીને મેદાનોને લીલાં બનાવે તે પણ પ્રતાપ પર્વતની ઊંચાઇનો.


હિમાલય વગરના ભારતીય ઉપખંડની કલ્પના કરવાનું મુશ્કેલ છે. હિમાલય હોવા છતાં આપણી ગરીબી ટકી રહી એમાં આપણો જ વાંક જણાય છે. ભાકરાનંગલ યોજનાને પંડિત નેહરુએ નૂતન ભારત-ના મંદિર તરીકે નવાજેલી કારણ કે જમીનના બહુ મોટા વિસ્તારને સિંચાઈ અને મોટા ઉદ્યોગોને વીજળી મળી રહે એ માટેની એ યોજના હતી. પંજાબ અને હરિયાણાની અભૂતપૂર્વ સમૃદ્ધિનું નિમિત્ત એ





હિમાલયનાં ઉત્તુંગ શિખરોમાંથી ઊતરી આવતા એક વિશાળ હિમપ્રવાહમાં સમુદ્રની સપાટીથી ૧૩૦૦૦ ફૂટ ઊંચે ભારતની પવિત્રતમ લોકમાતા ગંગાનું મૂળ છે. વિરાટ હિમરાશિની વચ્ચે એક નાનકડા સ્રોત રૂપે પ્રકટ થતી ગંગાનું એ પ્રાકટ્ય-સ્થાન 'ગંગોત્રી' નામે પ્રત્યેક ભાવિક હિંદુના હૃદયમાં અનોખી ભક્તિ પ્રેરે છે. ગઢવાલની પર્વતમાળામાં છેક ઉત્તરે હિમાલયની ભારતીય બાજુએ અને સતલજ, સિંધુ તથા બ્રહ્મપુત્રના મૂળથી લગભગ સોએક માઈલ દૂર આ સ્થાનની યાત્રાની એક ઊંડી અભિલાષા દરેક ભારતવાસીના હૃદયમાં સદીઓથી રહેતી આવી છે. અહીં ગંગા ભાગીરથીના નામથી ઓળખાય છે. ઉપર ગંગાનો જનક હિમપ્રવાહ તથા જમણી બાજુ ગંગોત્રીનું સ્થાન દર્શાવ્યું છે.

યોજના બની એ યસાચું, પણ આપણા એંજિનિયરો એક વાત ભૂલી ગયા. હિમાલય પરની વનશ્રી એકધારી ખતમ થતી રહી તેથી જમીનનું ધોવાણ મોટા પાયા પર થયું. પર્વત પરથી વહેતું પાણી વૃક્ષોના અભાવે બ્રેક વગરની મોટરગાડીની માફક વેગપૂર્વક નીચે ધસી જાય અને માટી, કાંકરા એટલા મોટા પ્રમાણમાં ધસડાઈ આવે કે નહેરો પુરાઈ જાય. એવી ગણતરી માંડવામાં આવી છે કે જો આ પ્રમાણે જ ધોવાણ ચાલુ




ગૌમુખ ગ્લેસીઅર-ગંગોત્રીથી આઠેક માઈલ દૂર સમુદ્રની સપાટીથી ૧૦૩૧૯ ફૂટની ઊંચાઇએ ભાગીરથીના જમણા કાંઠે આવેલું ગંગોત્રીમંદિર. વીસેક ફૂટ ઊંચું આ મંદિર ગઢવાલના એક ગુરખા સરદાર અમરસિંઘ થાપાએ અઢારમી સદીમાં બંધાવેલું. ઉનાળામાં જ ખુલ્લા રહેતા આ મંદિરમાં ભાગીરથી ગંગા સહિત અન્ય દેવદેવીઓની પણ સ્થાપના છે.

રહ્યું તો ભાકરા બંધનું સરોવર ટાપુમાં ફેરવાઈ જશે ! આ રીતે ધસી આવેલા કાંપથી થતા પુરાણને અંગ્રેજીમાં **'Silting'** કહે છે. હિમાલયને બચાવવાની જરૂર ઊભી થઈ છે. પર્વતીય જંગલોમાંથી આડેધડ વૃક્ષો કાપીને કાગળોનાં કારખાનાં (કે કાળખાનાં ?) ચલાવનારાઓ તથા લાકડાંના વેપારીઓ હિમાલયને બોડો બનાવી રહ્યા છે. વૃક્ષોને કપાતાં અટકાવવા માટે વૃક્ષને વળગી રહીને પ્રતિકાર કરવા માટે 'ચિપકો' આંદોલન થયું હતું. હિમાલયને બચાવવા માટે વર્લ્ડ બૅન્ક અને **FAO** જેવી સંસ્થા કટિબદ્ધ બની છે એ સંતોષની વાત છે. હિમાલયની ખોરવાયેલી સંતુલન વ્યવસ્થા **(Ecosystem)**ને ફરીથી સરાણે ચઢાવવા માટે લાંબા ગાળાના સ્વાર્થને ધ્યાનમાં રાખી હિમાલય પરના પાણીના જથ્થાનું બજેટ બનાવવું પડશે અને વૃક્ષોને જાળવી લઈ વનદેવતાનું આરાધન કરવું પડશે.

સદીઓના સંસ્કારને કારણે હિમાલયમાં કોઈ અનોખા વાયુમંડળનો અનુભવ થયા કરે છે. અહીંના ભાવાવરણમાં અસંખ્ય સાધુમહાત્માઓની તપશ્ચર્યાનાં આંદોલનો સચવાયાં છે. આલ્પ્સ કે કિલિમાંઝારો માટે આવું નહિ કહી શકાય. ભારતનો લોકાત્મા હિમાલય અને ગંગા પાછળ કેવો આર્દ્ર છે તે સુન્દરમની નીચેની પંક્તિઓમાં જોવા મળે છે :

વહો સમર્પણ ગંગા,
જલજલ છલછલ સ્થલસ્થલ ભરતી
વહો પ્રમત્તતરંગા... વહો.
અહો, પરમપ્રભુ ચરણ થકી ઓ
પ્રગટી પ્રેમલધારા



દેવપ્રયાગ. તેહરી ગઢવાલની પહાડીઓમાં સમુદ્રની સપાટીની ૨૨૬૫ ફૂટની ઊંચાઈએ ભાગીરથી અને અલકનંદાનો સંગમ થાય છે. ગંગા નદીના પાંચ મોટા પવિત્ર સંગમ સ્થાનોમાંનું આ એક સ્થાન છે. અહીં સુધી ગંગા ભાગીરથી નામે ઓળખાય છે. નદીના પ્રવાહથી સોએક ફૂટ ઊંચે આઠસો ફૂટ ઊંચી પહાડીઓની ગોદમાં આ નાનકડું યાત્રાધામ વસ્યું છે. અહીં ચૂનાના ચણતર વગર બાંધેલું અને સોનાના કળશવાળું રઘુનાથજીનું એક પ્રાચીન મંદિર છે. બ્રાહ્મણો તેને દસ હજાર વર્ષ જૂનું ગણાવે છે. અલકનંદાને કાંઠે વસિષ્ઠકુંડ અને ભાગીરથીને કાંઠે બ્રહ્મકુંડ નામે બે કુંડ છે. ઈ. ૧૮૦૩માં ધરતીકંપને કારણે મંદિર તથા ગામને થોડું નુકસાન થએલું પણ દોલતરાવ સિંધિયાએ તેનું સમારકામ કરાવી આપેલું.

શિવ સરખે નિજ શીશ ધરી, તેં
સ્પર્શ્યાં ભૂમિ-કિનારા;
માનવને કુલ વસી રહી તું
પાવક પુણ્ય તરંગા...વહો.
જય ગંગે મા...... જય ગંગે......
અહો, મધુર રસ આ અર્પણના
વિશાળ આ ડગ ભરવાં
અખિલ પરમનાં વિરાટ જલના
સકલ સાગરો તરવા
અકલ પ્રભુના પ્રસાદ પીવા
નિર્મળ ગહનતરંગા...... વહો.
જય ગંગે મા...... જય ગંગે......
અહો, જલો આ અમ જીવનની
દીન જીર્ણ સૌ ઘટના,
પરમ પિતા, તવ વરસો કરુણા—
એ જ સદા અમ રટણા;
ધન્ય ધન્ય પ્રભુ, સ્પર્શી ધરાને
મૈયા દિવ્યતરંગા...... વહો.
જય ગંગે મા...... જય ગંગે......

હરદ્વાર આગળ વેગપૂર્વક વહેતી રમ્યઘોષા ગંગાનાં પાણીમાં કલાકો સુધી પગ બોળીને બેસી રહેવાનું થયું ત્યારે અચેતન મનમાં નિરાંતે પડી રહેલી અનેક સદીઓ પ્રવાહમાં ઝપાટાભેર વહી રહી હોય એવો ભાવ જાગ્યો. થીજી ગયેલા નગાધિરાજની શીતળતાને ગંગા દૂરદૂર વસનારા છેક છેવાડેના આદમી સુધી તાણી જાય છે. હિમાલયની ઊંચાઈ અંકબંધ રહે છે અને ગંગા છેક સમુદ્રની સપાટી સુધી ઊતરી આવે છે. બદરીનાથ અને કેદારનાથ પહોંચતી વખતે અવનવા વળાંકો લેતી બસમાંથી આસપાસ ચાલતી 'શિખર-પરિષદ'ને જોતાં મનને ધરવ જ ન થાય. પ્રતિક્ષણ સૂર્યસ્નાન કરી રહેલી નયનાભિરામ દૃશ્યાવલીઓ **(Landscapes)** હૃદયને તરબતર કરી મૂકે. મંદાકિની ને અલકનંદા ખડકો વચ્ચેથી માર્ગ કાઢીને વહ્યા કરે ત્યારે ગંગાની આ બાલ્યાવસ્થા પર આપણે મુગ્ધ થઈ જઇએ. નદી કેટલી જીવંત હોઈ શકે તેનો પરચો અહીં મળી રહે છે. ગંગા હરદ્વાર સુધી પહોંચે ત્યાં સુધીમાં તો કેટલાં બધાં સંગમતીર્થો રચાયાં છે! દેવપ્રયાગ આગળ અલકનંદા અને ભાગીરથીનો ભેટો થાય છે. રુદ્રપ્રયાગ આગળ અલકનંદા અને મંદાકિની, સોનપ્રયાગ આગળ સોનગંગા અને મંદાકિની, કર્ણપ્રયાગ આગળ અલકનંદા અને પિંડારી, નંદપ્રયાગ આગળ અલકનંદા અને નંદાકિની અને વિષ્ણુપ્રયાગ આગળ વિષ્ણુગંગા (ધૌલીગંગા) અને અલકનંદા એકબીજાંમાં ભળીને એકાકાર થઇને આગળ વધે છે. દેવ-પ્રયાગ પછી ગંગા કુમારિકા બનીને વહેતી રહે છે. હરદ્વાર આગળ

(અનુસંધાન પૃષ્ઠ ૧૭૫)

આમ્નાય	ક્ષેત્ર	તીર્થ	મઠ	દેવ	દેવી	સંપ્રદાય	વેદ	મહાવાક્ય	આચાર્યપદ	બ્રહ્મચારીપદ	મુખ્ય મહાચાર્યપદ	ધર્મપ્રચાર-ક્ષેત્ર
પૂર્વામ્નાય	જગન્નાથપુરી	મહોદધિ	ગોવર્ધન	જગન્નાથ	વિમલા	ભોગવાર	ઋગ્વેદ	પ્રજ્ઞાનં બ્રહ્મ	અરણ્ય, વન	પ્રકાશ	અરણ્ય	અંગ, બંગ, કલિંગ. મગધ, ઉત્કલ, બર્બર
પશ્ચિમામ્નાય	દ્વારકા	ગોમતી	શારદા	સિદ્ધેશ્વર	ભદ્રકાલી	કીટવાર	સામવેદ	તત્ત્વમસિ	આશ્રમ, તીર્થ	સ્વરૂપ	આશ્રમ	સિન્ધુ, સૌવીર, સૌરાષ્ટ્ર, મહારાષ્ટ્ર
ઉત્તરામ્નાય	બદ્રિકાશ્રમ	અલકનંદા	જ્યોતિ	બદરીનાથ	પુન્નાગિરી	આનંદવાર	અથર્વવેદ	અયમાત્મા બ્રહ્મ:	પર્વત, ગિરિ, સાગર	આનંદ	પર્વત	કુરુ, કાશ્મીર, કામ્બોજ, પાંચાલ
દક્ષિણામ્નાય	રામેશ્વર	તુંગભદ્રા	શૃંગેરી	આદિવરાહ	કામાક્ષી	ભૂરીવાર	યજુર્વેદ	અહં બ્રહ્માસ્મિ	ભારતી, સરસ્વતી, પુરી	ચૈતન્ય	ભારતી	આંધ્ર, દ્રાવિડ કર્ણાટક, કેરલ

ભારતની ધાર્મિક વ્યવસ્થા અક્ષુણ્ણ રાખવા આદ્ય શંકરાચાર્યે દેશની ચારે દિશામાં ચાર મહામ્નાયની સ્થાપના કરી તે તે મઠના અધિકારક્ષેત્ર, કાર્ય અને બંધારણ તથા ગાદી-પરંપરા વગેરે નિશ્ચિત કરી આપેલાં, જેનું નિદર્શન 'મહામ્નાય સેતુ'માં મળે છે. એપ્રિલ અંકમાં 'આદ્ય શંકરાચાર્ય'ના લેખક પ્રફુલ્લ રાવલે તેનો ખયાલ આપતો એક કોઠો મોકલ્યો છે જે આ સાથે આપ્યો છે. તેમાં દર્શાવ્યા પ્રમાણે પૂર્વ દિશામાં 'ગોવર્ધન મઠ'ની સ્થાપના કરેલી છે, જ્યાં ઋગ્વેદનું અધ્યયન અને તેના 'પ્રજ્ઞાનં બ્રહ્મ' મહાવાક્યનો ઉપદેશ એ મુખ્ય પ્રવૃત્તિ છે. અહીં નવદીક્ષિત બ્રહ્મચારી પોતાના નામને છેડે 'પ્રકાશ' પદ ધારણ કરે છે. આ બ્રહ્મચારી સંન્યસ્ત લઈને મઠનો શિષ્ય બને તો 'અરણ્ય' અથવા 'વન' પદ ધારણ કરે છે, અને એ પદધારી જ એ મઠમાં આચાર્યપદ પામી શકે એવો નિયમ છે. એટલે આ મઠમાં શંકરાચાર્ય પદ પર 'અરણ્ય' પદધારી આચાર્ય જ આવી શકે. ને એ પદધારી યોગ્ય આચાર્ય ન મળે તો 'વન' પદધારી આચાર્ય શંકરાચાર્ય બની શકે. બંને પદમાં યોગ્ય આચાર્ય ન મળે તો 'પ્રકાશ' પદધારી બ્રહ્મચારી સંન્યસ્ત લઇને 'અરણ્ય' અથવા 'વન'ની ઉપાધિ ધારણ કરીને શંકરાચાર્ય એટલે કે મઠના મુખ્ય અધિપતિ બની શકે.

અહીં 'અરણ્ય' એટલે લૌકિક જગતની વાસનાઓ તથા કામક્રોધથી નિર્ભય રહે તે; અને 'વન' એટલે લૌકિક જગતથી ઉદાસીન એવો અર્થ છે.

સંન્યાસી બે પ્રકારના હોય છે: દંડી સંન્યાસી. અને સંન્યાસી. દંડી સંન્યાસી હાથમાં દંડ ધારણ કરે છે અને તે બ્રાહ્મણ કુળના જ હોવા જોઇએ; જ્યારે સંન્યાસી બ્રાહ્મણ, ક્ષત્રિય કે વૈશ્યમાંથી હોઈ શકે. ઉભય સંન્યાસી નિયમાનુસાર અધ્યયન-ઉપાધિ ધારણ કરી શકે છે, પરંતુ શંકરાચાર્યપદ માત્ર દંડી સંન્યાસી જ—એટલે કે એ પદે માત્ર બ્રાહ્મણ જ હોય એવી વ્યવસ્થા આદ્ય શંકરાચાર્યે કરેલી છે.

આ જ રીતે અન્ય ત્રણ આમ્નાયો–મઠોનાં નામ, ક્ષેત્ર, કાર્ય, પદ-ઉપાધિ વગેરેની વિગતો સાથેના કોઠામાં આપી છે, અને ત્યાં પણ આ પ્રકારના જ નિયમો છે.

પશ્ચિમામ્નાય એટલે કે દ્વારકાક્ષેત્રની શારદાપીઠમાં સંન્યસ્ત લઇને મઠના શિષ્ય બનનારને માટે 'આશ્રમ' અથવા 'તીર્થ' પદ છે, જેમાંથી 'આશ્રમ' પદધારી અને તે ન હોય તો 'તીર્થ' પદધારી આચાર્ય 'શંકરાચાર્ય' પદ પ્રાપ્ત કરી શકે. અને જો આચાર્ય પદે યોગ્ય વ્યક્તિ ન મળે તો 'સ્વરૂપ' પદધારી સંન્યસ્ત સ્વીકારી 'આશ્રમ' કે 'તીર્થ' પદ ધારણ કરીને આચાર્ય બન્યા પછી શંકરાચાર્ય બની શકે.

અહીં 'આશ્રમ' એટલે બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યાસનાં સુખદુઃખથી પર રહેનાર, તથા 'તીર્થ' એટલે જાતને જાણનાર એવો અર્થ છે.

ઉત્તરામ્નાયમાં આ રીતે આચાર્ય માટે 'પર્વત', એટલે કે સચોટ જ્ઞાન પ્રાપ્ત કરીને સ્થિરતા મેળવનાર, અને 'ગિરિ' એટલે ઊર્ધ્વ ચેતનાવાળો, તથા 'સાગર' અર્થાત્ સાંસારિક સુખોને પોતાનામાં સમાવિષ્ટ કરનાર એ અર્થ અભિપ્રેત છે.

દક્ષિણના શૃંગેરી મઠમાં આચાર્ય માટે 'ભારતી' એટલે કે વાણીને વશ કરનાર 'સરસ્વતી' એટલે જ્ઞાનની પવિત્રતા-ગહનતામાં રમમાણ રહેનાર અને 'પુરી' અર્થાત સર્વ વિદ્યા પ્રાપ્ત કરી પૂર્ણ થનાર એ અર્થ અભિપ્રેત છે. આમ, આદ્ય શંકરાચાર્યે સમગ્ર દેશમાં પોતાના ધર્મવિચારોનું જાણે કે સામ્રાજ્ય સ્થાપિત કર્યું હતું.

આ ચાર પ્રમુખ પીઠો ઉપરાંત કાશીના સુમેર મઠ અને કાંચીની કામકોટિપીઠ પણ એમણે જ સ્થાપેલી એમ મનાય છે. એવું પણ મનાય છે કે કામકોટિપીઠ બધી પીઠોમાં પ્રધાનપદે છે. ઉપર દર્શાવી તે ચાર પીઠોના અધિપતિ તરીકે પોતાના ચાર મુખ્ય શિષ્યોની નિયુક્તિ કર્યા પછી સ્વયં પોતાના આધિપત્ય તળે આદ્ય શંકરાચાર્યે તેની સ્થાપના કરી હતી અને ત્યાં કૈલાસથી આણેલા યોગલિંગની પ્રસ્થાપના કરેલી તથા કામાક્ષી દેવીની ઉપાસના કરતાંકરતાં ત્યાં જ એમણે દેહત્યાગ કરેલો.

આ મુખ્ય પીઠોની અંતર્ગત કૂડલી, અંકેશ્વર, પુષ્પગિરિ, વિરૂપાક્ષ, હવ્યક, કોપ્પાલ, શ્રીશૈલ, રામેશ્વર તથા બાગડમાં ઉપપીઠો પણ છે.

તંત્ર-મંત્રશાસ્ત્રના તેઓ મર્મજ્ઞ વિદ્વાન હતા. એમની ત્રિપુરસુંદરીની ઉપાસના તાંત્રિક હતી. પોતે સ્થાપેલા મઠોમાં એમણે આ પૂજાપદ્ધતિ સ્થાપેલી જે હજી યે પ્રચલિત છે. તેઓ આત્મજ્ઞાની હોવા સાથે કર્મપ્રવણ હતા. જ્ઞાનના ઉપાસક છતાં ઉપાસનાના સમર્થક હતા. વર્ણાશ્રમ ધર્મની મર્યાદા ટકાવી રાખવા ને વૈદિક ધર્મનો ધ્વજ ફરકતો રાખવા એમને એ સ્વીકાર્ય હતું. આજે દેશમાં વેદ વિષે જે શ્રદ્ધા તથા જ્ઞાન પ્રતિ જે આદર દેખાય છે તેના પ્રસાર અને ટકાવનો યશ આદ્ય શંકરાચાર્યને જ ઘટે છે. —સં.

પ્રસ્થાનત્રયી

પ્રસ્થાનત્રયી: ઉપનિષદો, વેદાંતસૂત્રો અને ભગવદ્‌ગીતા એ ભારતીય તત્ત્વજ્ઞાનના મૌલિક ગ્રંથો. એ ત્રણનો સમૂહ તે પ્રસ્થાનત્રયી કે પ્રસ્થાનત્રય તરીકે ઓળખાય છે. આમાંના—

ઉપનિષદ ગ્રંથો તે શ્રુતિપ્રસ્થાન કહેવાય છે. તેમાં ઈશ, કેન, કઠ, પ્રશ્ન, મુંડક, માંડુક્ય, તૈત્તિરીય, ઐતરેય, છાંદોગ્ય, બૃહદારણ્યક, કૌષીતકી અને શ્વેતાશ્વેતર એ બાર પ્રધાન ઉપનિષદો ગણાય છે. કૌષીતકી અને ઐતરેય ઋગ્વેદનાં, કેન અને છાંદોગ્ય સામવેદનાં, ઈશ અને બૃહદારણ્યક શુક્લ યજુર્વેદનાં તથા કઠ, તૈત્તિરીય અને શ્વેતાશ્વતર તે કૃષ્ણ યજુર્વેદનાં ઉપનિષદો છે.

વેદાંત સૂત્રો ન્યાયપ્રસ્થાન કહેવાય છે. તેને બ્રહ્મસૂત્રો, શારીરિક મીમાંસા કે ઉત્તર મીમાંસા પણ કહે છે. બાદરાયણ કે કૃષ્ણદ્વૈપાયન તેના કર્તા છે, જે વેદવ્યાસના નામે પણ ઓળખાય છે. પરંતુ વેદવ્યાસ અને બાદરાયણ તે બંને એક જ કે અલગ છે તે વિષે મતભેદ છે. વેદાંત પર સૂત્રો લખનાર તો અનેક આચાર્યો થઈ ગયા, જેમાં બાદરાયણ છેવટના સૂત્રકાર મનાય છે અને આજે એમનાં સૂત્રો ઉપલબ્ધ છે.

ભગવદ્‌ગીતા એ સ્મૃતિપ્રસ્થાન છે. આદ્ય શંકરાચાર્યે ગીતાને સ્મૃતિ માનીને એ રીતે અનેક સ્થળે તેનો ઉલ્લેખ કરેલો છે.

પ્રસ્થાનત્રયીના આ ગ્રંથો પ્રવૃત્તિમાર્ગ અને નિવૃત્તિમાર્ગ એ બંને સંબંધી તાત્ત્વિક વિવેચન કરે છે. તેથી એ વૈદિક ધર્મના ત્રણ આધારસ્તંભો છે. એમનું પ્રામાણ્ય પ્રાચીન કાળથી પ્રસ્થાપિત થએલું છે. અનેક ધાર્મિક કે તાત્ત્વિક સંપ્રદાયોના પ્રવર્તકોએ આ પ્રમાણભૂત એવી પ્રસ્થાનત્રયી પર ભાષ્યો અથવા ટીકા લખીને પોતાનો મત પ્રસ્થાનત્રયીથી વિસંગત નથી અને પોતાનો સંપ્રદાય જ પ્રસ્થાનત્રયીને માન્ય એવો સંપ્રદાય છે તેવું સિદ્ધ કરવાના પ્રયત્નો કર્યા છે. આ રીતે પ્રસ્થાનત્રયી પર જે ભાષ્યો પ્રસિદ્ધ છે તેમાં આદ્ય શંકરાચાર્ય, રામાનુજાચાર્ય, માધવાચાર્ય તથા વલ્લભાચાર્યનાં ભાષ્યો મુખ્ય છે.

ઉપનિષદો તો સેંકડો છે અને તે વિવિધ સમયે રચાએલાં છે. આથી સ્વાભાવિક રીતે તેમાં વિચારભેદ પણ જોવા મળે છે. ઉપનિષદોનો આ વિચારવિરોધ બાદ કરતાં સર્વ ઉપનિષદો જીવ-શિવ સંબંધી એકમત છે એ દર્શાવવા બાદરાયણાચાર્યે વેદાંતસૂત્રો લખ્યાં તેથી ઉપનિષદો જેટલું જ મહત્ત્વ વેદાંતસૂત્રોને પણ પ્રાપ્ત થયું. બંનેમાં મુખ્યત્વે નિવૃત્તિમાર્ગ પર જ ભાર અપાયો છે, એથી વૈદિક ધર્મના પ્રવૃત્તિમાર્ગનું વિવેચન તેમાં નથી. આ ઊણપ ભગવદ્‌ગીતાએ પૂરી કરી છે. સ્વયં ભગવાનના મુખમાંથી એ પ્રકટી હોઈ ઉપનિષદો અને વેદાંતસૂત્રો જેટલી જ માન્યતા એને પણ મળી. આમ, પરમાર્થ વિચારોનું સાંગોપાંગ વિવેચન કરનાર આ ત્રણ મૂળભૂત ગ્રંથોને પ્રસ્થાનત્રયીનું મહત્ત્વપૂર્ણ પદ પ્રાપ્ત થયું છે. આ પ્રસ્થાનત્રયીમાંથી અદ્વૈતમત, દ્વૈતમત અને દ્વૈતાદ્વૈતમત એવી ત્રણ મુખ્ય વિચારશાખાઓ પ્રકટી. આમાં અદ્વૈતમાંથી સમુચ્ચયવાદી ભર્તૃપ્રપંચ, કેવલાદ્વૈત (શાંકરમત), શુદ્ધ દ્વૈત (વલ્લભમત), વિશિષ્ટદ્વૈત અને વિજ્ઞાનભિક્ષુના અવિભાગાદ્વૈતની ભિન્નભિન્ન ધારાઓ તથા વિશિષ્ટાદ્વૈતમાંથી રામાનુજ ને શ્રીકંઠમતની બે ઉપધારાઓ પ્રકટી અને વિસ્તરી છે. —સં.

અનુસંધાન] **લોકમહેશ્વર હિમાલય** [પૃષ્ઠ ૧૭૩થી

વહેતી ગંગા સૌષ્ઠવયુક્ત નવયૌવના જેવી દીસે છે અને મહાપ્રયાગે (અલ્લાહાબાદ) યમુનાને મળે પછી એ પ્રૌઢી પ્રાપ્ત કરીને સ્વસ્થતાપૂર્વક આગળ વધતી રહે છે. ઠેરઠેર જોવા મળતી 'શિખરપરિષદો જોઇને ડેનમાર્કના કવિ બેન્ની આંડરસેને છેક ૧૯૨૯માં લખેલી પંક્તિઓ યાદ આવી જાય:

ઘણી જ સાવચેતીપૂર્વક
એકબીજાના ખભા પાછળથી
ડોકિયાં કરે છે રેતીના ઢગલાઓ.
સુદૂર આવેલી ક્ષિતિજ ભણી તાકે છે.
દેવદારનું ઝાડ!

હિમાલયનું સૌથી માનીતું વૃક્ષ, દેવદારનું વૃક્ષ. એ વૃક્ષને જોઇને કવિ કાલિદાસના 'રઘુવંશ'નું અને એ દ્વારા સૂર્યવંશીય રાજા દિલીપનું અને પત્ની સહિત એણે જેની સેવા કરેલી એવી નંદિની ગાયનું સ્મરણ પણ થાય. કેદારનાથજીના મંદિરની પાછળ આદિ શંકરાચાર્યનું સ્થાનક છે. સ્થાનકમાં શંકરાચાર્યની ભવ્ય મૂર્તિ છે જેની પછીતે લખ્યું છે:

प्रज्ञानं ब्रह्म
प्रत्यक्ष फलं तु
ब्रह्मात्मैमाकत्वविज्ञानम् ।

અહીંથી મેરુની પૂર્વે આવેલો સુગંધયુક્ત જંગલો માટે જાણીતો પુરાણપુરાતન 'ગંધમાદન' પર્વત દેખાય છે. એક બર્ફિલી સવારે ઉગમણી કોરેથી કિરણોનું એક મોટું ધાડું ચડી આવ્યું તો ય ગંધમાદનનું મૌન ન જ પીગળ્યું! છેક નીચે વહેતી મંદાકિની સુધી પહોંચવા માટે અધીરું બનીને દોડી આવતું ઝરણું અધવચ જ ઠંડીમાં થીજી ગયું! કાળાં ડિબાંગ વાદળો ન તો ગરજી શક્યાં કે ન તો વરસી શક્યાં! આવાં અધવચ થીજીને અટકી ગયેલાં કેટલાંય ઝરણાં જોવા મળ્યાં. ગંગામૈયાનાં આવાં તો કેટલાંય પિયરિયાં મળ્યાં!

બદરીનાથમાં ગણેશગુફા અને વ્યાસગુફા પાસે ભીમપુલ આગળ સરસ્વતી એવી રીતે વહે છે જાણે ખડકોને ડરાવતી ન હોય! અહીં પણ સરસ્વતી અને અલકનંદાનું સંગમતીર્થ રચાયું છે. વળી પાતાળગંગા અને ઋષિગંગા નામના નિર્ઝરો પણ અહીં અલકનંદામાં આત્મવિલોપન કરે છે. હિમાલયની આવી તો અસંખ્ય અમૃતધારાઓ ભેગી થઇને ગંગા, યમુના, સિંધુ અને બ્રહ્મપુત્રા જેવી લોકમાતાઓને સદાય વહેતી રાખે છે.

ભારતવર્ષ પર અનેક રાજાઓ, સમ્રાટો, મહારાજાઓ ને નવાબો રાજ્ય કરી ગયા. અહીં પરદેશીઓ પણ આવ્યા અને ગયા. કંઈ કેટલાય રાષ્ટ્રપ્રમુખો અને વડાપ્રધાનો આવશે અને જશે. કાલદેવતાની લીલા એનું કામ કર્યા જ કરશે. ઋતુઓનાં આવર્તનો ચાલ્યાં કરશે. સમુદ્રનો સળવળાટ અને નદીઓની દોડંદોડા ચાલુ રહેશે. રાજની ઊથલપાથલ, સત્તાની ફેરબદલી અને પ્રજાની ચડતી-પડતી થયા કરશે. આ બધી પ્રમાણમાં નાની ઘટનાઓ વચ્ચે ય એક બાબતને અસર નહિ પહોંચે. આ વિશાળ ઉપખંડ પર નગાધિરાજ હિમાલયની આણ સદાય રહેશે! પરમ કલ્યાણકારી એવા શિવની સત્તા અને શક્તિની કૃપા અનંતકાળ સુધી ભારતવર્ષને પ્રાપ્ત થશે. ગીતાએ એક અનોખો શબ્દ આપ્યો છે: 'લોકમહેશ્વર'.

હિમાલય એ ખરા અર્થમાં 'લોકમહેશ્વર' છે અને એ જ એની લોકપ્રિયતાનું રહસ્ય છે.

એની યાત્રા કર્યા વગર મરવાનું આપણને ન જ પાલવે. □

કલાવાર્તા

સ્વર્ગસ્થ કલાકાર
રસિકલાલ પરીખ

ગુજરાતમાં ચિત્રકળાની પુનઃપ્રતિષ્ઠા થયા પછી જે કેટલાક કલાકારો ખ્યાતિ પામ્યા તેમાં રસિકલાલ પરીખનું નામ પણ અગ્રગણ્યોમાં ગણના પામેલું છે. જીવનની મધુરી પળોને મીઠા રંગોમાં ઉતારવા સાથે એમણે એને શિલ્પોમાં પણ બહુ સુંદર રીતે ઉતારી છે. ગઈ તા. ૨૩ જૂન અને બુધવારે રથયાત્રાના પવિત્ર દિવસે એમણે પણ મહાપ્રયાણ કર્યું. અમદાવાદના શેઠ ચી. ન. કલામહાવિદ્યાલયના આચાર્યપદેથી નિવૃત્ત થયા બાદ એમનું શારીરિક તેમ જ માનસિક સ્વાસ્થ્ય બરાબર રહેતું નહોતું, અને છેલ્લા વીસપચીસ દિવસો હૉસ્પિટલમાં વિતાવી અંતે તેઓ ચિરનિદ્રામાં પોઢી જતાં ગુજરાતની ચિત્રકળાના ઇતિહાસનું એક પ્રકરણ જાણે અંતની વધુ નજીક આવી પડ્યું.



'વળતા પડછાયા': રસિકભાઈ કવચિત્ કવચિત્ આવાં ચિત્રો કેવળ સ્મૃતિથી પણ ઉપજાવતા. એક જ દિવસની બેઠકે કરેલું આ તૈલચિત્ર કોઈ એકલા બેઠેલા સંગીતકારના નિજાનંદ-ભર્યા આલાપ સમું લાગે છે. વાદળો ચીતરતાં જાણે એમની પીછી હવામાં ઊડતી ચાલે છે, તે પહાડો પર કઠણ ઓજારની જેમ ઘા કરતી, તો ઊગેલાં વૃક્ષોમાં વર્ષોનો ઇતિહાસ કહેતી પાંદડાં કે ફૂલો સુધી લહેરાય છે. અને તેમાં માનવીઓ દૂરદૂરથી ચાલ્યાં આવતાં છતાં ચિત્રની પૂરણી કરવા યોગ્ય જગ્યાએ જ અને યોગ્ય પળે પગ ધરે છે. રસિકભાઈએ તૈલચિત્રો બહુ ઝાઝાં કર્યાં નથી, પણ એમનો આ માધ્યમ પરનો કાબૂ આ ચિત્રમાં સ્પષ્ટ જોઇ શકાય છે. આ અંકના પૂઠા પર અંદર-બહાર આપ્યાં છે તે તથા આ સાથે આપેલાં ચિત્રો એમનાં કેટલાંક બહુ જાણીતાં ચિત્રોમાંનાં છે.




સુરપાણેશ્વર નજીક નર્મદાકિનારે રસિકભાઈ (૧૯૫૬) ફોટો: નટુ પરીખ

રસિકભાઈ એક સમર્થ ચિત્રકાર તો હતા જ, પણ એથી યે વિશેષ તેઓ એક સજ્જન માનવી હતા. લોકસમુદાયમાં એ ચિત્રકાર તરીકે શોભતા અને ચિત્રકારોમાં એક ઋજુ સજ્જન તરીકે. જે વર્ષોમાં એમણે ચિત્રકાર બનવાનું સ્વપ્ન સેવ્યું તે કાળે ચિત્રકળાએ સામાજિક પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી નહોતી. એક 'ચિતારા'થી વિશેષ કલાકારની કોઈ અગત્ય સમાજમાં સ્વીકારાઈ નહોતી. એવા સંજોગોમાં ચિત્રકળાને જ પોતાની કારકિર્દી બનાવવાની મહેચ્છા સેવવી એ સાહસ જ નહિ, વ્યાવહારિક જગતને મન એ એક નરી ઘેલછા સમું હતું. પણ રસિકભાઇએ એવી ઘેલછાભરી કારકિર્દી અપનાવીને પોતાનાં ચિત્રસર્જનો દ્વારા સમાજમાં કળાની પ્રતિષ્ઠા કરવામાં ઘણો મોટો ફાળો આપવા સાથે પોતાની પછીની પેઢીને આ માર્ગે જવા માટે પ્રેરક ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

રાજપીપળા એમનું મૂળ વતન. પિતા નરસિંહદાસ પરીખ ત્યાં મામલતદાર હતા. પ્રાથમિક શિક્ષણ પૂરું કરી તેઓ માધ્યમિક શિક્ષણમાં આવ્યા પછી એમની સુષુપ્ત કલા-પ્રતિભા રૂંધામણ અનુભવવા લાગી. સાતપુડાની ગિરિમાળાઓ અને નર્મદાનાં ખીણ-કોતરોનું નિસર્ગ-સૌંદર્ય જોઈ કૉળી ઊઠતી એમની કલાભાવના પુસ્તકિયા જ્ઞાનવર્તુલમાં બંધન અનુભવવા લાગી અને અંતે તેમાંથી મુક્ત થઈ શાળા છોડીને એમણે અમદાવાદમાં કલાગુરુ શ્રી રવિશંકર રાવળ પાસે ચિત્રકળાની તાલીમ લેવા માંડી. ઈ. ૧૯૨૬ની ૭ ઑગસ્ટ પછીના એ દિવસો. કુમાર કાર્યાલયમાં જ ચાલતા રવિભાઈના એ કલાવર્ગમાં સ્વભાવે મૂક, ટેવોમાં સ્વાશ્રયી ને રહેણીમાં સાદા તથા પોતાના કામમાં પરિશ્રમ ખંત અને નિષ્ઠા દાખવનારા રસિકભાઈ થોડા સમયમાં જ અહીંના બહુવિધ મંડળમાં સૌને એકસરખા પ્રિય થઈ પડ્યા. અહીં જ એમણે 'શુષ્ક ભૂમિનો અતિથિ' નામનું એક ચિત્ર બનાવ્યું. 'કુમાર'માં એ પ્રકટ થયું અને મદ્રાસના ચિત્રપ્રદર્શનમાં વેચાઈ ગયું. પણ એમની ચિત્રસાધનાનો તો હજી એ પ્રારંભ હતો. પછી તો રવિભાઇએ એમને મદ્રાસની સરકારી કલાશાળામાં ખ્યાતનામ કલાકાર દેવીપ્રસાદ રાયચૌધરી પાસે કલાભ્યાસ માટે મોકલી આપી ત્યાંના ખર્ચ અંગે પણ જોગવાઈ કરાવી આપી. રાયચૌધરી તો શિલ્પી પણ હતા. રસિકભાઇએ પણ તે અંગેનું પ્રત્યક્ષ જ્ઞાન મેળવ્યું અને ખૂબ સ્કેચિંગ, ચિત્રાલેખન, વૂડકટ, લીનોકટ વગેરે વિવિધ કલામાધ્યમોમાં પણ ઉમદા પ્રગતિ સાધીને એમની પ્રીતિ પ્રાપ્ત કરી. એમની એ પ્રગતિના કારણે એક



△ ઢીંગલી



ભાઈનાં ઘોડલાં ▷



ઝરૂખે ▷

જેવો નિખાલસ અને બાલોચિત સ્વભાવ એવાં જ રસિકભાઈનાં ચિત્રો પણ શીતળ અને પ્રેમાળ હવાની ઊર્મિઓથી સભર રહ્યાં છે, જીવનની ફિલસૂફી કે તીવ્ર આવેગો કે સંઘર્ષ વગેરે વગેરેનો આવેશ તેમાં નથી. લાલિત્ય, માર્દવ, રંગ અને આકારોની સ્પષ્ટતા એ એમનાં ચિત્રોનાં આગવાં અંગ રહ્યાં છે. એમાં એમને કહેવાનું થોડું હોય છે, છતાં ચિત્રમાં પાત્રો ને દૃશ્યની ગૂંથણી એવી બની જાય છે કે ક્રિયાકૌશલ્ય અને કલાત્મક શૈલીના ભેદ પર ચર્ચા કરવાનો આપણને અવકાશ રહેતો નથી. ઉપર 'ઢીંગલી' ચિત્રમાં એક અનોખી મધુરી મૃદુલતા જોવા મળે છે. 'ભાઈનાં ઘોડલાં' ચિત્ર એમની પ્રૌઢ બનેલી હથોટીનો એક સુંદર નમૂનો છે. વિગતોની ક્લિષ્ટતા ઉડાવી દઈ દૃશ્યમાં જરૂરી એટલી જ સામગ્રીને ઉચિત રૂપે મૂકીને એમણે શાંતિભર્યું સૌંદર્ય પ્રકટ કર્યું છે. ત્રીજું ચિત્ર 'ઝરૂખે' એમના આરંભકાળની પણ ગુજરાતી યુવતીને તાદૃશ કરતી એક સુંદર કૃતિ છે. આ પ્રકારનાં ચિત્રો એ કાળે સામાન્ય હતાં, પણ આગળ જતાં રસિકભાઈએ વિવિધ માધ્યમોના પણ ઘણા અને સફળ પ્રયોગો કરી બતાવ્યા હતા. સ્વચ્છ સુંદર રેખાંકનમાં તો એ રાજા હતા. વૂડકટ-લીનોકટમાં પણ એકસરખી સ્થિરતા ને જમાવટ દાખવી છે. એમની શિલ્પકૃતિઓ પણ એમનાં ચિત્રો જેવી જ નજાકતભરી મધુરતા પ્રકટ કરે છે. પાછલાં વર્ષોમાં એમણે આધુનિક ઢબે પણ કેટલાંક ચિત્રો કરવા પર હાથ અજમાવ્યો હતો, પરંતુ એ કૃતિઓ એ પહેલાંની કૃતિઓની તોલે કદાચ ઊણી ઊતરતી લાગે છે.

આર્ટ સ્કૂલમાં હેડમાસ્ટર થવાનો યોગ પણ થયો, પરંતુ રવિભાઈની સલાહથી રસિકભાઈ એક વર્ષ માટે મુંબઈની કલાશાળાનો અનુભવ લેવા ગયા. મુંબઈની કલાશાળામાં પણ એમની પ્રતિભા ઝળકી ઊઠી. ઉપરાંત શ્રી જગન્નાથ અહિવાસીના હાથ નીચે ચાલતા ભારતીય કલાશૈલીના વર્ગનો પણ તેમણે લાભ લીધો, અને અહીંની આગળની એકેય પરીક્ષા આપી ન હોવા છતાં સીધા ડિપ્લોમાની પરીક્ષામાં બેસવાની મંજૂરી મેળવી શકવા જેટલી લાયકાત બતાવી આપી. આ પ્રકારની છૂટ પામનારા અહીંના તેઓ પહેલા જ વિદ્યાર્થી હતા. પરીક્ષામાં પણ એમણે પ્રથમ નંબરે પાસ થઈને પોતાની યોગ્યતા સિદ્ધ કરી આપી.

આ પરીક્ષા આપી અમદાવાદ આવ્યા બાદ રવિભાઈએ એમના માટે શાંતિનિકેતનમાં નંદબાબુ પાસે મોકલવાની વ્યવસ્થા કરી, પરંતુ ત્યાં તો મુંબઈની કલાશાળાના આચાર્યે 'મ્યુરલ ડેકોરેશન'ના અભ્યાસ માટે એમને છાત્રવૃત્તિ મળતી હોવાનો તાર કરી ત્યાં બોલાવ્યા, અને રસિકભાઈએ એ પ્રસ્તાવ સ્વીકારી વધુ એક વર્ષ ત્યાં અભ્યાસ કર્યો. તે પછી પૂર્વસંકેત અનુસાર રવિભાઈએ શરૂ કરેલી 'ગુજરાત કલાસંઘ ચિત્રશાળા'માં સહાયક શિક્ષક તરીકે તેઓ જોડાઈ ગયા.

ઈ. ૧૯૩૬માં એમને 'મુંબઈ આર્ટ સોસાએટી'ના ચિત્રપ્રદર્શનમાં તેનો પ્રતિષ્ઠાસંપન્ન સુવર્ણચંદ્રક મળ્યો. ઈ. ૧૯૧૬માં રવિભાઈને એ ચંદ્રક મળ્યા પછી વીસ વર્ષ બાદ આ માન પામનાર તેઓ બીજા ગુજરાતી હતા.

આ પછી અમદાવાદમાં શેઠ ચીમનલાલ નગીનલાલ વિદ્યાવિહારમાં ચિત્રકામ શીખવતા આજના જાણીતા ફોટોકલાકાર જગન મહેતાને વીએના જવાનું થતાં એમને સ્થાને અર્ધા સમય માટે ચિત્રશિક્ષક તરીકે રવિભાઈએ રસિકભાઈની ગોઠવણ કરી, સાથોસાથ કર્વે મહિલા વિદ્યાલયમાં પણ તેમણે ચિત્રશિક્ષણનું કાર્ય સંભાળ્યું. ત્યાર પછી જ્યારે ચી. ન. વિદ્યાલયનો વિકાસ થઈ હાઈસ્કૂલ શરૂ થઈ ત્યારે બીજાં કામ છોડી પૂરા સમય માટે રસિકભાઈ તેમાં જોડાયા અને તેના વિસ્તારમાં જ નિવાસસ્થાન મેળવ્યું.

રસિકભાઈએ ચિત્રશિક્ષકનો વર્ગ ભરી તેનું પ્રમાણપત્ર મેળવ્યું નહોતું, એટલે કેળવણી ખાતું અન્ય શિક્ષકોના પગારની પેઠે એમની નોકરી માન્ય રાખતું નહોતું અને શાળાને ગ્રાન્ટ આપવામાં એમની ગણતરી કરતું નહિ, છતાં ચી.ન. વિદ્યાલયના સંચાલકોએ રસિકભાઈની યોગ્યતા પિછાની સંસ્થામાં અન્ય વ્યવસ્થાઓ કરીને પણ તેમને પોતાને ત્યાં ટકાવી રાખ્યા હતા, એટલું જ નહિ, આગળ જતાં કલા-મહાવિદ્યાલયની સ્થાપના કર્યા પછી યે ચિત્રશિક્ષક-તાલીમવર્ગના પ્રિન્સિપલ તરીકે તેમની નિમણૂક કરી હતી. અને કલાશાળાના ઈતર વર્ગના કામ ઉપરાંત એ કામ પણ રસિકભાઈએ ઉપાડી લઈને પોતાની ઉદ્યમશીલતા, ખંત તથા નિષ્ઠાપૂર્વક તે સ્થાન દીપાવ્યું હતું.

ઈ. ૧૯૫૧માં વડોદરા યુનિવર્સિટીની સ્થાપના થઈ ત્યારે યુનિવર્સિટી કક્ષાએ કલાભ્યાસ

માટે 'ફૅકલ્ટી ઑવ ફાઈન આર્ટ્સ' પણ રચાઈ ને તેમાં શિલ્પવિભાગના વડા તરીકે જવાનો યોગ પણ રસિકભાઈને સાંપડેલો; પરંતુ પોતાના જવાથી સંસ્થાનું તેજ હણાઈ જઈ એક સુંદર કલાકેન્દ્રનું સ્વપ્ન રોળાઈ જશે એમ લાગતાં એ માતબર સ્થાનનો મોહ જતો કરી તેઓ ચી. ન. વિદ્યાલય સાથે જ જોડાઈ રહ્યા. આજે ચી. ન. કલામહાવિદ્યાલયની જે વ્યાપક પ્રતિષ્ઠા છે તેના પાયામાં રસિકભાઈની પ્રધાન દેણગી છે.

જીવનના મધ્યાહ્નકાળે એમણે ગુજરાતને અનેક સુંદર ચિત્રોની ભેટ ધરી છે. આજે બદલાયેલી હવામાં એ ચિત્રો 'ઑલ્ડ માસ્ટરપીસ'ની કક્ષામાં આવે તેવાં સંપૂર્ણ ચિત્રો છે. એ ચિત્રો વડે રસિકભાઈની પ્રતિષ્ઠા અને કીર્તિની સુવાસ ભારતભરમાં પ્રસરી. ચિરંજીવ રહેવા સર્જાયેલાં એ ચિત્રોનો સમય એ રસિકભાઈના સર્જનનો સુવર્ણકાળ હતો. 'દેવદાસી', 'ઢીંગલી', 'નવધાન્ય', 'કૃષિ મહોત્સવ', 'પનિહારી', 'સરખેજની શેરી', 'ભાઈનાં ઘોડલાં', 'રંકનો વૈભવ' વગેરે એમનાં ઉત્તમ ચિત્રો લગભગ આ ગાળામાં જ થએલાં.

બૉમ્બે આર્ટ સોસાએટીના વાર્ષિક ચિત્રપ્રદર્શનમાં વર્ષના શ્રેષ્ઠ ચિત્ર તરીકે જેને સુવર્ણચંદ્રક મળેલો તે એમના 'દેવદાસી' ચિત્ર માટે જ. એ સમયમાં આ સુવર્ણચંદ્રક કલાકારો માટે કીર્તિકલશ ગણાતો. 'રંકનો વૈભવ' પણ એ જ અરસામાં થયેલું, અને મુંબઈ આર્ટ સોસાએટીના પ્રદર્શનમાંથી મુંબઈના 'પ્રિન્સ ઑફ વેલ્સ મ્યૂઝિયમ' માટે તે ખરીદાએલું. એમનાં ચિત્રો જ્યાંજ્યાં પ્રદર્શિત થયાં છે ત્યાંત્યાં આદરને પાત્ર થયાં છે અને ભાગ્યે જ ખરીદાયા વિના રહ્યાં હશે. વડોદરા, ત્રિવેન્દ્રમ, મૈસૂર ને વડોદરા રાજ્યના ચિત્ર-સંગ્રહાલયોમાં તેમનાં ચિત્રો સ્થાન પામ્યાં છે. ગુજરાતમાં કોઈ રાષ્ટ્રપ્રતિનિધિત્વવાળું ચિત્રાલય થશે ત્યારે રસિકભાઈનાં ચિત્રો તેની એક અગત્યની પૂર્તિરૂપ ગણાશે.

તેમનાં ચિત્રોમાં માનવપાત્રનું આલેખન સચોટ અને ભાવાવાહી છે. તેમનાં નિસર્ગદૃશ્યોમાં તો જાણે તેમની પીંછી તે સ્થળના વાતાવરણમાં ઝબોળાઈને જ ચાલતી હોય તેવું લાગે છે. પ્રકૃતિદૃશ્યોમાં સાહજિકતા સાથે દૃશ્યની લાક્ષણિકતા અને રંગવૈવિધ્ય ઉતારવામાં તેઓ અજોડ છે. તેમના વતન રાજપીપળાની આજુબાજુ ફરવાનું થતાં વિશાળ ફલક ઉપર રસિકભાઈનાં પ્રકૃતિદૃશ્યો જ જાણે પથરાયાં ન હોય તેવો ભાવ જાગે છે.

તેમનાં ચિત્રો સરળ, સાહજિક અને સુંદર હોય છે. મારીમચડીને પરાણે કે ગમે તેમ ચલાવી લીધેલી કોઈ આકૃતિ તેમની કૃતિઓમાં જોવા નહિ મળે. સર્વાંગ સંપૂર્ણ માર્દવવાળાં ચિત્રો જ તેમણે બનાવ્યાં છે. એમની કૃતિ જળરંગી હોય કે તૈલરંગી હોય, વૂડકટ કે લીનોકટ હોય, સ્કેચ કે રેખાચિત્ર હોય, મ્યૂરલ પેઇન્ટિંગ કે અન્ય સુશોભન હોય, બધે જ એમનો કલાસિદ્ધ હસ્ત વરતાઈ આવે છે.

ગાંધીયુગના ગુજરાતનો ગ્રામીણ સમાજ, તેના ઉત્સવો, રીતરિવાજો, ધાર્મિક પ્રસંગો, માન્યતાઓ, પ્રાદેશિક લાક્ષણિકતાઓ અને સામાન્ય લાગતા તળપદા લોકજીવનનું દર્શન, એ બધામાં સામાન્ય જણાતા પ્રસંગનાં અસામાન્ય ચિત્રો તેમણે બનાવ્યાં છે. ટૂંકમાં છેલ્લા પચાસ વર્ષના ગુજરાતનું વાસ્તવદર્શન આવતી પેઢીઓને રસિકભાઈની કૃતિઓમાંથી મળી રહેશે.

ચિત્રકળામાં સર્જનક્ષેત્રે જ્યારે તેઓ 'ટોચ' ઉપર હતા ત્યારે, એટલે કે આજથી ૪૦ વર્ષો પૂર્વે, તેમણે જે કંઈ પ્રાપ્ત કર્યું હતું તેથી અધિક આપવાનો યજ્ઞ આદરીને શેઠ ચી. ન. કલામહાશાળા દ્વારા ચિત્રકારોની એક નવી પેઢી સરજી બતાવી. આમ, 'કલાગુરુ' બનવા જતાં 'કલાકાર' રસિકભાઈનાં ચિત્રસર્જનો ઓછાં થયાં, પણ તેની સામે જમા પાસું એટલું વિશાળ છે કે તેમાં એમનાં વધુ ચિત્રસર્જનોની ખોટ કોઈ વિસાતમાં નથી.

સ્વ-આચરણથી શીખવે તે આચાર્ય, અને એ અર્થમાં રસિકભાઈ સાચા આચાર્યની જિંદગી જીવી ગયા. એમના લોહીમાં કલાશિક્ષણ અને કલાશાળા એવાં તો વણાઈ ગયાં હતાં કે હમણાં માંદગીની અર્ધ બેભાન અવસ્થામાં પણ 'પહેરણ લાવો મારે સી. એન. જવાનું છે' એમ બોલી જતા. અણીશુદ્ધ પ્રામાણિકતાથી શિક્ષકજીવન જીવનાર રસિકભાઈ જેવા ભાગ્યે જ કોઈ જોવા મળશે.

સમગ્ર જીવન કલાપ્રવૃત્તિમાં વિતાવનારને નિવૃત્ત જીવન જીવવાનું આવતાં તેઓ મનથી ભાંગી પડ્યા હતા. જેનું મન ભાંગ્યું તેનું તન કેટલું સાબૂત રહે? અને એટલે જ શરીરથી નંખાઈ ગયેલા રસિકભાઈએ આપણી વચ્ચેથી વહેલી વિદાય લઈ લીધી.

આજના આ અર્થપ્રધાન યુગથી નિર્લેપ એવું જીવન તેઓ જીવી ગયા. તેમની બાળસહજ સરળતા, વિનમ્રતા, માનવતા, અને કોઈ પણ સમયે કોઈને પણ ઉપયોગી થવાની તેમની લાગણીને તેમના સંપર્કમાં આવેલા કોઈ ભૂલી નહિ શકે. કદીયે તેમણે કશાની અપેક્ષા રાખી નહોતી. ભલભલાને કષ્ટસાધ્ય એવી અપેક્ષારહિત સ્થિતિ તેમણે સહજ રીતે મેળવી હતી.

સુંદર ચિત્રો તો એમણે આપ્યાં જ, પણ એથીયે સુંદર તો તેમણે જીવી જાણ્યું. તેમના સ્હેજ પરિચયમાં આવનાર પણ તેમની પ્રતિભાની સાથેસાથે તેમના સરળ અને સાત્ત્વિક જીવનથી પણ અચૂક આકર્ષાતો.

છેલ્લાં ૪૫ વર્ષથી મેં એમને કદી ગુસ્સે થતા–ક્રોધ કરતા જોયા નથી. સર્વને એ માનથી બોલાવતા, પોતાની રીતે કામની સુંદરતાના આગ્રહી હોઈ કોઈને કશુંય કામ ચીંધવા કરતાં, તેઓ જાતે જ કરી લેતા. તેમણે બધાયને પ્રેમ આપ્યો. કોઈનીય સાથેનો અણબનાવ સાંભળ્યો નથી. તેમનો કોઈ અમિત્ર નથી. તેઓ સાચા અર્થમાં અજાતશત્રુ હતા.

કલાકાર શ્રી સોમાલાલ શાહે રસિકભાઈ વિષે બોલતાં કહ્યું હતું કે રસિકભાઈની વાણી મધુર હતી. નયન મધુર હતાં, સમગ્ર મુખારવિંદ મધુર હતું, તેમની ભાષા મધુર હતી, તેમનું શરીર સૌષ્ઠવ મધુર હતું. તેમની ચાલ મધુર હતી.—રસિકભાઈનું તો સમગ્ર જીવન જ મધુરપથી મઘમઘતું હતું.

નોંધપાત્ર કલાસેવા બદલ ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી તરફથી દર વરસે અપાતો રૂ. ૧૦૦૦નો સત્કાર-પુરસ્કાર તથા તામ્રપત્ર અને શાલ-સરપાવ ઈ. ૧૯૭૦માં રસિકભાઈને આપીને રાજ્યસરકારે પણ એમને સમ્માન્યા હતા. પણ એથીયે પહેલાં તેઓ ગુજરાતના સુખ્યાત 'રણજિતરામ સુવર્ણચંદ્રક'નું માન પામ્યા હતા.

કલાક્ષેત્રે રસિકભાઈએ જે ભદ્રતા દાખવી એવી જ મીઠાશ અને સુવાસ એમના સંસાર અને ગૃહજીવનમાં પણ હતી. એમનાં સહધર્મચારિણી વિદ્યાબહેન અને પુત્રીઓમાં પણ એમનાં સદ્‌ગુણો અને ભાવના પ્રકટ્યાં છે. એમની ભાવનાઓમાં અબોલ સાથ સહકાર આપવા સાથે એમના જેવા કલાકારનાં પત્ની હોવાનું વિદ્યાબહેને સદા ગૌરવ અનુભવ્યું છે. અને એમનાં સૌથી નાનાં પુત્રી કુ. ઊર્મિએ તો પિતાના કલાવારસાને આગવી કલાપ્રતિભા વડે ઑર ગૌરવ આપ્યું છે.

ચંદનની જેમ ઘસાઈ છૂટીને સુવાસ પ્રસરાવનાર રસિકભાઈએ કલાક્ષેત્રે આગવી સિદ્ધિ પ્રાપ્ત કર્યા છતાં યે પ્રસિદ્ધિથી તેઓ સદાયે દૂર રહ્યા હતા. તદ્દન નિરપેક્ષભાવે પોતાની કલાસાધના સાથે અનેક નવોદિતોને કલાની દીક્ષા આપીને એમણે ગુજરાતની એક મોટી સેવા કરી છે. ગુજરાતના કલાવિકાસના ઇતિહાસમાં એમનું સર્જન અને એમની સેવા સદાય અવિસ્મરણીય રહેશે. **—શાંતિ શાહ**

સાહિત્યસંપર્ક

નવાં પ્રકાશનો

ધીરુ પરીખ

રંકનું આયોજન : શ્રી વાડીલાલ ડગલી જેમ એક સભાન સાહિત્યસર્જક છે તેમ સભાન અર્થશાસ્ત્રચિંતક પણ છે. અહીં સંગ્રહીત ૧૯ આર્થિક નિબંધોમાં એમણે સ્વાતંત્ર્યોત્તર કાળની ભારતની આર્થિક-રાજકીય પરિસ્થિતિના સંદર્ભમાં દેશની ન હટેલી ગરીબીની ને તેને દૂર કરવાના સૂચિત માર્ગોની સૂત્રપૂર્વકની ચર્ચા કરેલી છે. આ નિબંધોમાં લેખકનું અર્થશાસ્ત્ર-વિષયક ઊંડું જ્ઞાન તો પ્રકટ થાય છે જ, પરન્તુ સાથેસાથે ગદ્યને લાગેલા સર્જનાત્મક પાશથી નિબંધો સુવાચ્ય અને સરસ પણ બન્યા છે. અર્થશાસ્ત્રની પરિભાષાનો ખપપૂરતો ઉપયોગ કરી બહુધા તો સરેરાશ વાચકને સહેલાઈથી સમજાય તેવી રીતે આ નિબંધોનું કાઠું ઘડાયું છે. ગાંધી-વિચાર તરફનો એમનો પક્ષપાત અહીં અછતો રહેતો નથી, (પ્રકા. આર. આર. શેઠની કંપની અમદાવાદ-મુંબઈ, પૃ. ૨૮૪, રૂ. ૨૨-૫૦)

શાહમૃગ અને દેવહુમા : શ્રી વિષ્ણુ પંડયાના આ બીજા નિબંધસમૂહમાં ૧૬ નિબંધો રજૂ થયા છે. ભાષાની રમણા અને આકારની અતંત્રતા જોતાં આ નિબંધો લલિત નિબંધો હોવાની છાપ ઊભી કરે છે, પરન્તુ લગભગ દરેક નિબંધમાં એક યા બીજી રીતે વિચારભારનો તાર સતત ગૂંજ્યા કરે છે અને 'લૅમ્પપોસ્ટ' જેવી રચનામાં એ પ્રતીકીકરણ સુધી પહોંચીને પણ વિચારભારથી રગદોળાઈ જાય છે. ભાષાનો સ્તર બધે જ એકસરખી સર્જનાત્મકતાનો અનુભવ કરાવતો નથી. લેખકની બહુશ્રુતતા ઠેરઠેર ડોકિયાં કરી જાય છે. (પ્રકા. ઉપર મુજબ, પાકું, પૃ. ૧૭૨, રૂ. ૧૫)

વાર્તાવિશ્વ : 'ધૂમકેતુ'થી ઉત્પલ ભાયાણી સુધીના વાર્તાકારોની વાર્તાઓમાંથી સંપાદકોએ પોતાનાં રસરુચિ અનુસાર અહીં ૨૬ ગુજરાતી વાર્તાઓનું સંપાદન રજૂ કર્યું છે. ગુજરાતી સાહિત્યના લગભગ સિદ્ધ-પ્રસિદ્ધ બધા જ વાર્તાકારોની કૃતિને અહીં પસંદ કરવામાં આવી છે. લાભશંકર ઠાકર કે સુરેશ દલાલનું આ સંગ્રહમાં હોવું અને જ્યોતિષ જાની કે અશ્વિન દેસાઈ કે ઉમાશંકર જોશીનું ન હોવું જેટલું વાચક-વિવેચકને આશ્ચર્ય જન્માવશે તેટલું કદાચ સંપાદકોને પણ જન્માવી ગયું હશે! સંપાદકોની એક દૃષ્ટિ અહીં સૌથી વધુ સ્પષ્ટ અને રસરુચિના આત્મલક્ષી પ્રશ્નોથી પર છે, અને તે એ કે અન્ય સંચયોમાં લેવાએલી વાર્તાને છોડી એ સિવાયની જે તે સર્જકની બીજી સારી રચના અહીં રજૂ કરવી. આ દૃષ્ટિએ જે લેવાઈ છે તે વાર્તાઓ બધી જ એકસરખી રીતે તે તે સર્જકની વિશેષતાને ઉપસાવી ન રહે તોપણ એમની વ્યક્તિમુદ્રાનો કંઈક ખયાલ આપી શકે તેવી તો છે જ. (પ્રકા. નવભારત સાહિત્ય મંદિર, ૧૬૨, શામળદાસ ગાંધી માર્ગ, મુંબઈ-૨, સંપા.: અમૃતલાલ યાજ્ઞિક, જયા મહેતા; પાકું પૂઠું, પૃ. ૨૫૯, રૂ. ૨૦)

આસોપાલવ : શ્રી વીનેશ અંતાણીના આ પુસ્તકમાં બે લઘુનવલો સમાવિષ્ટ છે: 'આસોપાલવ' અને 'ચોથા માળે પીપળો', બંને કથા પ્રણયની છે. વિષય સનાતન, પણ અહીં આજના મનુષ્યજીવનમાં પ્રેમના સંદર્ભે આ કથાઓ રચાઈ છે એટલે સવિશેષ આકર્ષક બને છે. 'આસોપાલવ' જેવી રચનામાં તો લેખકની કથાનિરૂપક અને ચરિત્રનિરૂપક તરીકેની બેવડી સિદ્ધિ છતી થાય છે. પ્રયોગોના ધખારાથી પર રહી કે પ્રશિષ્ટતાની સભાનતાથી પણ પર રહી કેવળ સહજરીતે નિજીરીતે કથાકથન અને વસ્તુગૂંથણી થયાં છે તે લેખકની સ્વકીય મુદ્રા ઊભી કરી જાય છે. બંને રચનાઓ સંતર્પક વાચન પૂરું પાડે તેવી છે. નવા નવલકથાકારોમાં આથી જ વીનેશ અંતાણી પાસે વધુ સમર્થ કૃતિની અપેક્ષા રહે તે સ્વાભાવિક છે. (પ્રકા. લોકપ્રિય પ્રકાશન, ૧૧૦ પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨, પાકું પૂઠું, પૃ. ૧૯૬, રૂ. ૧૬-૨૫)

આવકાર

આર. આર. શેઠની કંપની

મુંબઈ-૨ • અમદાવાદ-૧

વિનોદ ટુચકા (૧થી ૮) : (પુનર્મુદ્રણ) લે. ગિજુભાઈ અને તારાબેન. સેટના રૂ. ૧૬.

ગાંઠ છૂટયાની વેળા : (પુનર્મુદ્રણ) લે. વર્ષા અડાલજા. પૃ. ૨૯૨, પાકું પૂઠું, રૂ. ૨૫.

સાગર સમ્રાટ : (પુનર્મુદ્રણ) અનુ. મૂળશંકર મો. ભટ્ટ. પૃ. ૧૫૯, કાચું, રૂ. ૧૨-૫૦.

ખજાનાની શોધમાં : (પુનર્મુદ્રણ) અનુ. મૂળશંકર મો. ભટ્ટ. પૃ. ૧૨૮, કાચું, રૂ. ૧૦.

પાતાળ પ્રવેશ : (પુનર્મુદ્રણ) અનુ. મૂળશંકર મો. ભટ્ટ. પૃ. ૧૨૪, કાચું, રૂ. ૧૦.

શ્રાવણી ઝરમર : લે. સુંદરજી બેટાઈ. પૃ. ૧૦૨, કાચું પૂઠું, રૂ. ૧૫.

તમે જાતે કરી જુઓ : લે. ગટુભાઈ ચોકસી. પૃ. ૧૦૦, કાચું પૂઠું, રૂ. ૧૫.

સાત લોકનું અંતર : લે. પિનાકિન્ દવે. પૃ. ૨૨૮, પાકું પૂઠું, રૂ. ૨૨.

ઋણાનુબંધ : (પુનર્મુદ્રણ) લે. ઈશ્વર પેટલીકર. પૃ. ૪૦૦, પાકું પૂઠું, રૂ. ૩૭-૫૦.

ગુજરાતી સામયિક લેખ-સૂચિ : સં. કનુભાઈ શાહ તથા કિરીટ ભાવસાર. પૃ. ૨૭૫, કાચું પૂઠું, રૂ. ૪૦.

પ્રતિકાર : (પુનર્મુદ્રણ) લે. વિઠ્ઠલ પંડ્યા. પૃ. ૨૬૮, પાકું પૂઠું, રૂ. ૨૬.

હથેળીમાં ચાંદ : (પુનર્મુદ્રણ) લે. વિઠ્ઠલ પંડ્યા. પાકું પૂઠું, રૂ. ૨૨-૫૦.

નદી નાવ સંજોગ : (પુનર્મુદ્રણ) લે. સારંગ બારોટ. પૃ. ૨૯૬, પાકું પૂઠું, રૂ. ૨૮.

અને મૃત્યુ : લે. ઇલા આરબ મહેતા. પૃ. ૧૫૨, પાકું પૂઠું, રૂ. ૧૬.

દૂરના દીવા : લે. સારંગ બારોટ. પૃ. ૯૫, કાચું પૂઠું, રૂ. ૧૦.

સ્ત્રી-સમાનતાની સમસ્યા : લે. ઈશ્વર પેટલીકર. પૃ. ૧૮૬, કાચું પૂઠું, રૂ. ૧૬.

લોકપ્રિય પ્રકાશન

મુંબઈ-૨

વેદનાનો અગ્નિ : લે. હસમુખ શેઠ. પૃ. ૨૦૬, પાકું પૂઠું, રૂ. ૨૦.

વંચના : લે. દિલીપ રાણપુરા. પૃ. ૨૯૯, પાકું પૂઠું, રૂ. ૨૮-૫૦.

અમૃતકુંભ : લે. રામચંદ્ર પટેલ. પૃ. ૨૦૮, પાકું પૂઠું, રૂ. ૨૦.

પ્રયર સેતુ : લે. પ્રિતમલાલ કવિ. પૃ. ૩૩૪, પાકું પૂઠું, રૂ. ૩૨.

સૂની આભઅટારી : લે. પ્રહ્લાદ બ્રહ્મભટ્ટ. પૃ. ૩૧૩, પાકું પૂઠું, રૂ. ૩૦.

સદ્ભાવ પ્રકાશન

૫૭/૬૨, કાપડિયા એસ્ટેટ, રતનપોળ, અમદાવાદ-૧

બાથટબમાં માછલી : લે. લાભશંકર ઠાકર. પૃ. ૧૧૮, કાચું પૂઠું, રૂ. ૧૫.

ત્રીજો પુરુષ : લે. રઘુવીર ચૌધરી. પૃ. ૧૩૨, કાચું પૂઠું, રૂ. ૧૫.

ચિન્તયામી મનસા : લે. સુરેશ હ. જોશી. પૃ. ૧૫૬, પાકું પૂઠું, રૂ. ૩૦.

શબ્દની શક્તિ : લે. ઉમાશંકર જોષી. પૃ. ૨૦૯, પાકું પૂઠું, રૂ. ૩૨.

માનીતી-અણમાનીતી : સં. ડૉ. ગિરીશ પંચાલ. પૃ. ૧૭૧, પાકું પૂઠું, રૂ. ૩૨.

કાવ્ય-વ્યાપાર : લે. હરિવલ્લભ ભાયાણી. પૃ. ૧૧૯, કાચું પૂઠું, રૂ. ૨૫.

મીરાં : લે. નિરંજન ભગત. પૃ. ૧૦૭, પાકું પૂઠું, રૂ. ૨૪.

બાલગોવિંદ પ્રકાશન

ગાંધી માર્ગ, અમદાવાદ-૧

મમ્મી મારી વારતા : (ભાગ ૧-૨) લે. ડૉ. મધુરી શાહ, કિલ્લોલિની હઝરત, સુરેશ દલાલ. દરેકનાં પૃ. ૧૨, કાચું, રૂ. ૧-૫૦.

મહાજનોના મહાજન : લે. ઈશ્વરભાઈ પટેલ. પૃ. ૪૪, કાચું પૂઠું, રૂ. ૩.

ટેડ રુઝવેલ્ટ : લે. ઈશ્વરભાઈ પટેલ. પૃ. ૪૪, કાચું પૂઠું, રૂ. ૩.

હિમાલયની તીર્થયાત્રા : લે. નવનીત પટેલ. પૃ. ૧૪૯, પાકું પૂઠું, રૂ. ૧૨.

નક્ષત્ર ટ્રસ્ટ

A/5, પૂર્ણેશ્વર, અમદાવાદ-૧૫

ભોંય બદલો : લે. દલપત પઢિયાર. પૃ. ૧૧૧, કાચું પૂઠું, રૂ. ૧૨.

કોતરની ધાર પર : લે. કાનજી પટેલ. પૃ. ૯૮, કાચું પૂઠું, રૂ. ૧૦.

મારા હાથની વાત : લે. સરૂપ ધ્રુવ. પૃ. ૯૬, કાચું પૂઠું, રૂ. ૧૦.

ગુજરાતી સાહિત્ય પરિષદ

આશ્રમ રોડ, અમદાવાદ-૯

રણજિતરામ ગદ્યસંચય : ભાગ-૧, પૃ. ૪૩૨, પાકું પૂઠું, રૂ. ૪૦.

રણજિતરામ ગદ્યસંચય : ભાગ ૨, પૃ. ૪૮૬, પાકું પૂઠું, રૂ. ૪૫.

ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ-ગ્રંથ ૪ : સં. ઉમાશંકર જોશી, અનંતરાય રાવળ, યશવંત શુક્લ. પૃ. ૬૪૪, પાકું, રૂ. ૩૨-૫૦.

ડિંગડાંગ ડિંગડાંગ : લે. યૉસેફ મૅકવાન. પૃ. ૩૪, કાચું પૂઠું, રૂ. ૨.

ઝુનઝુન બુલબાબુ : લે. ઇન્દુ પુવાર. પૃ. ૮૪, કાચું પૂઠું, રૂ. ૪.

કોઈનું કંઈ ખોવાય છે : લે. હરિકૃષ્ણ પાઠક. પૃ. ૨૬, કાચું પૂઠું, રૂ. ૧-૫૦.

પરિચય ટ્રસ્ટ

મુંબઈ-૪૦૦ ૦૦૨

કૃત્રિમ ઉપગ્રહોનો ઉપયોગ (પ.પુ. ૫૫૫): લે. પરેશ ર. વૈદ્ય. પૃ. ૩૨, કાચું, રૂ. ૧,

માર્ગારેટ મિડના સંશોધન-પ્રવાસો : (પ. પુ. ૫૫૬) લે. હર્ષિદા પંડિત. પૃ. ૩૨, કાચું પૂઠું, રૂ. ૧.

શાન્તિનિકેતન : (પ. પુ. ૫૫૭) લે. વનમાળા દેસાઈ. પૃ. ૩૨, કાચું પૂઠું, રૂ. ૨.

મોઢાનું કૅન્સર (પ. પુ. ૫૫૮) : લે. ડૉ. સી. પી. બાધાણી. પૃ. ૩૨, કાચું, રૂ. ૨.

બ્રિટનમાં ભારતીય લોકો : (પ. પુ. ૫૫૯) લે. ચૌલા પુરુવા. પૃ. ૩૨, કાચું પૂઠું, રૂ. ૨.

આકાશમાં જોવા જેવું : (પ. પુ. ૫૬૦) લે. નાનાલાલ વસા. પૃ. ૩૨, કાચું, રૂ. ૨.

મંત્રી-અક્ષરા (મુંબઈ)

સી/૯/૭ ગીતાંજલી નગર, એફ. એસ. વી. રોડ, બોરીવલી, વેસ્ટ, મુંબઈ-૯૨

સદ્યતન કવિતા : લે. નલિન પંડયા. પૃ. ૬૬, કાચું પૂઠું, રૂ. ૮.

લઘુકાવ્ય : સં. અવન્તિ દવે, પંકજ શાહ. પૃ. ૬૬, કાચું પૂઠું,

આક્રાંત : લે. અવન્તિ દવે. પૃ. ૭૨, કાચું પૂઠું, રૂ. ૧૦.

આસનાઈ : લે. અવન્તિ દવે. પૃ. ૨૦, કાચું પૂઠું, રૂ. ૩.

નિવેદન : લે. અવન્તિ દવે. પૃ. ૧૦૦, કાચું પૂઠું, રૂ. ૧૫.

અપંગોની દુનિયામાં : લે. અવન્તિ દવે, જ્યોતીન્દ્ર મ. દેસાઈ. પૃ. ૧૬૮, કાચું, રૂ. ૧૬.

અન્ય પ્રકાશનો

રાધાકૃષ્ણ : અનુ. અનીલા દલાલ. પ્ર૦ પોતે. ૩૪, પ્રોફેસર્સ કૉલોની, અમદાવાદ-૯. પૃ. ૧૬૪, પાકું પૂઠું, રૂ. ૬-૫૦.

નલરાય-દવદંતી ચરિત્ર : સં. ડૉ. ર. ચી. શાહ. પ્ર૦ ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધીરોડ, અમદાવાદ-૧. પૃ. ૬૨, પાકું, રૂ. ૧૫.

તિબેટના ભીતરમાં : અનુ. મહેન્દ્ર મેઘાણી. પ્ર૦ લોકમિલાપ ટ્રસ્ટ, ભાવનગર-૧. પૃ. ૧૮૩, કાચું પૂઠું, રૂ. ૮.

તને : લે. ચંપકલાલ સંઘવી. પ્ર૦ પોતે, મહાવીર ચોક, વલસાડ. પૃ. ૯૬, પાકું, રૂ. ૧૩.

સિસિફસ : લે. હરેશ લાલ. પ્ર૦ રંગરેખા પ્રકાશન, ૨ ભક્તિનગર, સ્ટેશન પ્લૉટ, રાજકોટ-૨. પૃ. ૩૨, કાચું પૂઠું, રૂ. ૫.

માણસ અને તેનું પર્યાવરણ : અનુ. વિજયગુપ્ત મૌર્ય. પ્ર૦ ભાષાન્તરનિધિ, બળવંતભવન, ભાવનગર-૧. પૃ. ૧૬૮, કાચું, રૂ. ૧૮.

હું, કાળી છોકરી અને સૂરજ : લે. રાજેન્દ્રસિંહ રાયજાદા. પ્ર૦ વિદ્યાર્થી સમિતિ, શ્રી પટેલ વિદ્યામંદિર, કેશોદ. પૃ. ૨૭, કાચું, રૂ. ૫.

શિવ-સાક્ષાત્કાર : લે. હિંમતલાલ ચુ. દવે. પ્ર૦ પોતે, ૪ કુસુમનગર પ્લૉટ, ગુજ. સોસાયટી પાછળ, અમદાવાદ-૭. પૃ. ૧૭૬, પાકું, રૂા ૧૫.

હવે એવો દિવસ આવે : લે. શાસ્ત્રી જયેન્દ્ર દવે. પ્ર૦ પ્રણવ જયેન્દ્ર દવે, ડી. ૫૮, યુનિ. સ્ટાફ કૉલોની, વલ્લભવિદ્યાનગર. પૃ. ૫૬, કાચું પૂઠું, રૂ. ૧-૫૦.

પ્રેમ પારાવાર : લે. નવલભાઈ શાહ. પ્ર૦ બાલગોવિન્દ પ્રકાશન, ગાંધી માર્ગ, અમદાવાદ-૧. પૃ. ૩૯૨, પાકું પૂઠું, રૂ. ૨૫.

બચપણનાં બાર વરસ : લે. સ્વામી આનંદ. પ્ર૦ એન. એન. ત્રિપાઠી પ્રા. લિ. મુંબઈ-૨. પૃ. ૯૨, પાકું પૂઠું, રૂ. ૧૨.


મનોરથ : લે. માધવ ગોસ્વામી. પ્ર૦ નવપ્રકાશ કાર્યાલય, માધવભવન, પોરબંદર. પૃ. ૧૬૬, પાકું પૂઠું, રૂ. ૬.

જીવનને જીવી તું જાણ : લે. મુનિશ્રી ભદ્રગુપ્ત વિજયજી ગણિવર. પ્ર૦ શ્રી વિશ્વકલ્યાણ પ્રકાશ ટ્રસ્ટ, મહેસાણા. પૃ. ૨૨૫, પાકું પૂઠું, રૂ. ૧૫.

પ્રલંબિતા : સં. રમેશ મ. શુક્લ. પ્ર૦ પૃ. ૪૨૨. પાકું પૂઠું, રૂ. ૪૫. □

શતરંજ · કૉમ્બિનેશન

BUKIC



MINIC

સફેદે રમવાનું

આ સ્થિતિ (r2r2k1/pp3pbp/5pp1/3q4/P2P4/1Q3N2/1P3PPP/R3R1K1) યુગોસ્લાવિયાના બે જાણીતા ખેલાડીની એક રમતમાંથી લેવાઈ છે. બન્ને પક્ષે મ્હોરાં સરખાં જ છે. સફેદ વજીર કંઈ ટેકા વગર લટકતો લાગે છે, જ્યારે કાળા વજીરને તેના હાથીનો ટેકો છે. જો કાળાની ચાલ હોત તો તે 1 ..., Q×Qથી સહેલાઈથી જીતી શકત, પણ ચાલ સફેદની છે અને કાળા વજીરને હાથીનો ટેકો છે તે હાથીને ખસેડીને સહેલાઈથી જીતી શકે છે. તે કેમ તે જોઇએ : 1 R-K8ch!

આ શું ? શું હાથીનો ભોગ આપે છે ? તે ભોગ કાળો સ્વીકારે તો શું થાય ? 1 ..., R×R; 2 Q×Q. આમ, સફેદને હાથીના બદલામાં વજીર મળે અને તે જીતવા માટે પૂરતું છે. જો કાળો હાથીનો ભોગ ન સ્વીકારે તો શું થાય ? 1 ..., B-B1; 2 Q×Q, R×Q; 3 R×R અને સફેદ હાથીનો ભોગ આપવાને બદલે હાથી જીતે છે ને તે રીતે આગળ ઉપર જીત મેળવી શકે છે. માટે 1 ..., Resigns.

સુરેશ દલાલ



માધુકરી

શ્રાવણનું ઘન ગગન સજલ,
ભીનું ભીનું મૃદુ ધરતીનું તલ,
વર્ષી રહ્યાં ફૂલ મધુ ઋજુ ઉજ્જ્વલ,
આજ ભરી મારું હૃદય છલોછલ,
વેરાય પ્રિય હે સુરભિત સ્મૃતિ દલ:
શ્રાવણનું ઘન સજલ ગગન,
પ્રગટત પ્રેમલ કોમલ વદન.

('ભીના શબ્દો'માંથી) —પિનાકિન્ ઠાકોર

એક આદર્શ સેવા-સંસ્થા : ગ્રામસેવા-મંદિર – નારદીપુર

અમદાવાદથી ૪૨ કિલોમીટર ઉત્તરે નારદીપુર નામે એક ગામ છે. એક કાળે અહીંના રંગાટી કામની દૂર પશ્ચિમ એશિયાના દેશો સુધી ખ્યાતિ હતી. અમદાવાદ-દિલ્હીના માર્ગ પર હોઇ મુઘલ સૈન્ય અહીં પડાવ રાખતું. અહીંથી મળેલા શિલ્પાવશેષો પરથી સોલંકી કાળમાં તેનું મહત્ત્વ હોવાનું જણાય છે. સ્વામિનારાયણ સંપ્રદાયના સ્થાપક સહજાનંદ સ્વામીએ અહીં કેટલોક સમય નિવાસ કરેલો. શ્રેયઃસાધક વર્ગના સ્થાપક શ્રીમન્ નૃસિંહાચાર્યનું અહીં મોસાળ હતું અને ગુજરાતના જાણીતા ન્યાયશાસ્ત્રી તથા ગણિતજ્ઞ સાક્ષર લાલશંકર ઉમિયાશંકરનો અહીં જન્મ થએલો. આજે યે આ ગામ બહુ મોટું નથી, કે નથી એનું પોતાનું રેલવે સ્ટેશન, છતાં રોજ ૧૧૮ જેટલી એસ. ટી.ની બસો અહીં આવે-જાય છે ને લોકોની અહીં પુષ્કળ અવરજવર રહે છે. આજે યે આ નારદીપુરની આગવી ખ્યાતિ છે. અહીંના 'ગ્રામસેવા મંદિર'ની બહુવિધ પ્રવૃત્તિઓ એને આગવી પ્રતિષ્ઠા આપે છે.


ઈ. ૧૯૩૦, એટલે કે ગાંધીજીએ મીઠાનો સત્યાગ્રહ કર્યો, એ વર્ષમાં, ૨૭ ઑકટોબરે-સં. ૧૯૮૭ની ભાઈબીજના દિવસથી 'વાનરસેના' અને 'માંજરસેના'ના સ્વરૂપથી આ ગ્રામસેવા મંદિરની પ્રવૃત્તિનો પ્રારંભ થયો. બિનજકાતી મીઠાનું વેચાણ કરીને ઊભા કરેલા ક્ષુલ્લક ભંડોળથી આ પ્રવૃત્તિ આગળ ચાલી એ પ્રદેશની નિરાધાર, ત્યક્તા ને વિધવા બહેનોને તથા બાળકોને શિક્ષિત બનાવવા સાથે આર્થિક સ્વાવલંબન માટેની અનેકવિધ તાલીમ, ગ્રામસેવા અને તે દ્વારા દેશસેવાનો રચનાત્મક યજ્ઞ આરંભાયો. ગયે વર્ષે આ સંસ્થાએ પોતાનો સુવર્ણ-મહોત્સવ ઉજવ્યો એ દરમિયાન અનેક શાળાઓ, છાત્રાલયો, ભગિનીસમાજ અને અન્ય રચનાત્મક પ્રવૃત્તિઓ રૂપે અનેક શાખાઓવાળા ઘેઘૂર વટવૃક્ષ સમો વિકાસ કરી બતાવ્યો છે. 'સેવૈવ મહાવ્રતમ્' એ એમનો ધ્યાનમંત્ર છે અને તે એમણે સર્વથા સાર્થ કરી બતાવ્યો છે. આ યજ્ઞના યશ-અધિકારી છે નારદીપુરના શ્રી નટવરલાલ પંડિત અને એમનાં ધર્મપત્ની દેવીબહેન. છેક આરંભથી આજ સુધીના આ સંસ્થાના વ્યાપક વિસ્તારમાં એમનાં દૃષ્ટિ, કાર્ય અને ભાવના સતત સંકળાએલાં રહ્યાં છે.


અનેક પ્રલોભનો જતાં કરી કેવળ લોકસેવાને જ જીવનધ્યેય બનાવનાર આ લોકસેવક નટવરભાઈ પંડિતના અવિરત શ્રમ થકી સંસ્થાની પ્રવૃત્તિઓ દિન-પ્રતિદિન વિસ્તાર પામતી જ જાય છે. હાલ આ સંસ્થાના સંચાલન તળે બુનિયાદી સ્ત્રી અધ્યાપન મંદિર, ઉચ્ચતર ઉત્તર બુનિયાદી વિદ્યાલય, ભગિની ઉત્તર બુનિયાદી વિદ્યાલયો, પ્રાથમિક શાળા, સંક્ષિપ્ત અભ્યાસક્રમ, શિશુ મંગલ બાલવાડી, ભગિની સમાજ, અને તેનું પુસ્તકાલય, વ્યાયામ કેન્દ્ર, છાત્રાલયો, ગ્રામસેવા-કેન્દ્ર, સેવા વિસ્તરણ વિભાગ દ્વારા પ્રાથમિક શાળાઓનું સંચાલન, ખાદી-ગ્રામોદ્યોગ હાટ, સેવાકાલીન વર્ગ, ચરખા પરિશ્રમાલય, પ્રૌઢશિક્ષણ, ડેરી યોજના, સર્વોદય યોજના અને અભ્યાસ વર્તુલ વગેરેની અનેક પ્રવૃત્તિઓ ચાલી રહી છે, વિકસી રહી છે.


બાલમંદિરથી શરૂ કરીને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સુધીની વિશિષ્ટ જરૂરિયાત પ્રમાણે બહેનોને તાલીમ આપી આદર્શ ગૃહિણીઓ અને ઉત્તમ દેશ-સેવિકાઓ તૈયાર કરવાની આ સંસ્થાની મુખ્ય નેમ છે. અહીં વિશિષ્ટ તાલીમ અને સંસ્કાર પામેલી બહેનો ગ્રામજીવનને અનુરૂપ થઈ ગૌરવભેર રહી શકે છે.

પ્રાયોગિક ખેતી માટે સંસ્થાની તેની પોતાની બેતાલીસ એકર જમીન અને પાતાળ કૂવો છે. ઉદ્યોગ-પ્રધાન બુનિયાદી કેળવણીથી જ ગ્રામ્ય પ્રજાનું ઉત્થાન કરવાનો અહીં યજ્ઞ ચાલે છે. લોકશિક્ષણનો પ્રત્યક્ષ થતો આ પ્રયોગ અપનાવી આપણને શિક્ષણમાં સમૂળી ક્રાન્તિનો માર્ગ ચીંધે છે. સંસ્થામાં તાલીમ લઈ આગળ વધનાર વિદ્યાર્થી પોતાના કુટુંબ તથા સમાજને બોજારૂપ ન થાય પણ મદદરૂપ થાય એ હેતુથી સંસ્થાની માધ્યમિક શાળાઓમાં ખેતીવાડીનું સૈધ્ધાંતિક અને પ્રાયોગિક શિક્ષણ આપવામાં આવેછે જેથી તાલીમ બાદ વિદ્યાર્થી બીજા વ્યવસાયોમાં ન જોડાય તો પણ દેશમાં ખેતીઉત્પાદન વધારવાના મહત્ત્વના કાર્યમાં તો મદદગાર થઇ શકે જ. આ જ રીતે બહેનોના સ્ત્રી અધ્યાપન મંદિરમાં પણ મુખ્ય ઉદ્યોગ ખેતીનો જ રાખવામાં આવ્યો છે. ગ્રામપ્રદેશની બહેનો તો આમે ય ખેતીના કાર્યમાં સક્રિય હોય છે જ, તેમને યોગ્ય શિક્ષણ મળતાં તે વધારે કાર્યક્ષમતા પામી શકે છે. ગુજરાત રાજ્યમાં બહેનોને આવા પ્રકારની તાલીમ આપતું આ સ્ત્રી અધ્યાપન મંદિર પ્રથમ જ છે.

'ગ્રામસેવા પ્રબોધ'નામનો બહેનોને ગ્રામસેવાની પ્રત્યક્ષ તાલીમ આપતો એક આગવો અભ્યાસ-ક્રમ સંસ્થાએ શરૂ કર્યો છે. છેલ્લાં કેટલાંય વર્ષોથી આદિવાસી અને પછાત વિસ્તારોમાં ઝૂંપડેઝૂંપડે ફરીને ગ્રામજનોનો સંપર્ક સાધી લોકજીવનના તથા તેના સામાજિક પ્રશ્નોના અભ્યાસ સાથે આ તાલીમ દ્વારા યોજાય છે. પછાત આદિવાસી વિસ્તારોમાં છાવણી નાખી એ વિસ્તારમાં પ્રત્યક્ષ સેવાકાર્ય કરાવામાં આવે છે. અત્યાર સુધીમાં અંબાજી, શામળાજી, સણાલી, વડથલી વિભાગમાં ૧૧૦ ચોરસ માઈલના વિસ્તારમાં







ગ્રામસફાઈના અને આદિવાસી વિસ્તારમાં બાળસેવાના પ્રત્યક્ષ પાઠ આપતી 'ગ્રામ-સેવા મંદિર'ની બહેનો

પાંચ હજારથી વધુ આદિવાસી બહેનોને આ રીતે પ્રત્યક્ષ સમજણ આપવામાં આવી છે.

સંસ્થાના બાલવાડી વિભાગમાં પણ મૌલિક સૂઝ અને વ્યાવહારિક આયોજન નજરે પડે છે. ગ્રામપ્રદેશમાંથી જ મળી આવતાં સાધનો દ્વારા બાલવાડીનાં બધાં સાધનો બનાવવાનું રાખેલ છે.

હસ્તકલા કારીગરી અને ગૃહઉદ્યોગોની વિશિષ્ટતા જળવાઇ રહે અને તેમને પ્રોત્સાહન મળે એ માટે તાલીમ આપવા એક કાયમી સંસ્થાનું આયોજન પણ વિચારાઇ રહ્યું છે

વળી, લોકશિક્ષણના નવી તાલીમના સિદ્ધાંતોને અનુલક્ષી બહેનોના જીવનવ્યવહારોના જરૂરિયાતોને ધ્યાનમાં લઇ દેશના સંસ્કૃતિ અને સમાજરચનાને અનુરૂપ 'સ્નાતિકા' કક્ષાનું ઉચ્ચ શિક્ષણ આપવાનું આયોજન પણ આ સંસ્થા કરી રહી છે. બહેનોને જીવનલક્ષી પ્રત્યક્ષ શિક્ષણ અપાય તે માટે મહિલા મહાવિદ્યાલય સ્થાપવાની પણ યોજના છે. ગુજરાતમાં બહેનોના શિક્ષણક્ષેત્રે કાર્ય કરતી સંસ્થાઓમાં નારદીપુરના આ ગ્રામસેવા મંદિરે ગ્રામવાસીમાં શિક્ષણ અને સંસ્કાર પ્રસારવા ઉપરાંત અનેક નિરાધાર બહેનોને સ્વાવલંબી અને ગૌરવયુક્ત જીવન જીવતી બનાવી છે. સ્ત્રીઉન્નતિ અને ગ્રામસેવાના ઉચ્ચ આદર્શને સદાય નજરસમક્ષ રાખી સતત પ્રગતિશીલ રહીને આ સંસ્થા આદર્શ સેવાકાર્યનું એક ઉત્તમ અને અનુકરણીય દૃષ્ટાંત પૂરું પાડે છે.

—માધવ મો. ચૌધરી

લક્ષદ્વીપની દીવાદાંડીઓ

કેરાળાની પશ્ચિમે અરબી સમુદ્રમાં નાનાનાના સંખ્યાબંધ ટાપુઓનો એક સમૂહ છે. અગાઉ લકદીવ, મિનિકોય અને અમીનદીવી નામે ત્રણ જૂથમાં આ ટાપુઓ ઓળખાતા હતા. ઈ. ૧૯૭૩ની ૧ નવેમ્બરથી આ સમગ્ર જૂથને લક્ષદ્વીપ નામ અપાયું છે. સદીઓથી આ



તરફના જલમાર્ગે પસાર થતાં જહાજો અહીં મીઠું પાણી લેવા રોકાતાં રહ્યાં છે. આ સંખ્યાબંધ ટાપુઓમાં બધા પર વસ્તી નથી, કે નારિયેળ અને હમણાંહમણાં ચાલુ થએલી ડાંગરની ખેતી સિવાય બીજી ખાસ કોઈ પેદાશ પણ ત્યાં થતી નથી. મચ્છીમારી એ અહીંનો મુખ્ય વ્યવસાય એટલે અહીંથી બહાર મોકલાતી ટૂના માછલીના પૅકિંગ માટે, તથા નાની નાવડીઓ બનાવવા-સમારવા માટેનાં બેએક કારખાનાં અહીં ખરાં. મત્સ્યોદ્યોગના પ્રશિક્ષણ માટે એક કેન્દ્ર પણ છે, અને નારિયેળી પુષ્કળ થતી હોઈ કાથીનો ગૃહઉદ્યોગ પણ ખરો. સ્વાતંત્ર્ય પછી આમાંના કેટલાક બેટ પર વીજળીની સગવડ પણ થઈ છે.

આ તરફના સાગરી માર્ગ પર સીમાસ્તંભ રૂપ સ્થાને આવેલા હોઈ આ ટાપુઓનું એ રીતે આગવું મહત્ત્વ રહ્યું છે, પણ ભારતની તળભૂમિથી દૂર પડી જવાને કારણે અનેક રીતે એ પરાવલંબી રહ્યા છે. જહાજાતમાં તેના સ્થાનનું મહત્ત્વ હોઈ ઈ. ૧૮૮૫માં બ્રિટિશ શાસકોએ અહીં મિનિકોય ટાપુ ઉપર એક દીવાદાંડી બંધાવી હતી (જુઓ સાથેની છબિ). આજે યે તે કામ આપે છે. સ્વાતંત્ર્ય બાદ ભારત સરકારે અહીં કાલ્પેની, કિલતાન અને સુહેલપુર ટાપુ પર ત્રણ નવી દીવાદાંડી બનાવી. લગભગ ૩૦ મીટર કે તેથી વધુ ઊંચી આ દીવાદાંડીઓમાંની બે ઉપર કેરોસીનના દીવા છે, અને તેની દેખભાળ માટે પાંચેક માણસો છે. સુહેલપુર ટાપુ પર વસ્તી નથી એટલે ત્યાંની દીવાદાંડી માટે કાયમ કોઈ ત્યાં રહેતું નથી. તેનો દીવો ઍસિટિલિન ગૅસનો છે. આમાંથી ફેંકાતો પ્રકાશનો શેરડો લગભગ ૨૬ કિ. મિ. સુધી જ જોઈ શકાય છે. અહીંના રહેવાસીઓનો ઘણોખરો વહેવાર તળભૂમિ પર કોચીન-કાલિકટ વગેરે કેરાળાનાં સ્થાનો સાથે હોઈ એમને સતત માર્ગદર્શન આપી શકે તે સારુ વધુ શક્તિશાળી દીવાદાંડીની જરૂરત સમજી બિત્રા, અગાટ્ટી, કિલતાન, કવરત્તિ, આન્દ્રોથ પૂર્વ અને આન્દ્રોથ પશ્ચિમ એમ છ ટાપુઓ પર આપમેળે કામ કરતી છ નવી દીવાદાંડીઓ ઊભી કરવામાં આવી છે. અને વલીઅક્રા, ચેતલાથ તથા કદમાથ ટાપુઓ પર પણ નવી દીવાદાંડીઓ બનાવવાની યોજના છે. પેરિયર, સુરત્કલ

અને મિનિકોય પરની ૪૦૦ કિ. મિ. સુધી રેડિયો સંકેતો આપી શકતી દીવાદાંડીઓ અને કિલતાન પર બનનારી આવી જ એક શક્તિશાળી દીવાદાંડી બની જતાં સગવડ વધીને ભારતની તળભૂમિ સાથેનો આ ટાપુઓનો વહેવાર વરસાદી ઋતુઓમાં પણ સલામત બનતો જાય છે.

ઇતિહાસ-ધારા

સર વિલિયમ જોન્સ ઈ. ૧૭૮૩માં કલકત્તા આવ્યો. સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ તરીકે કામચલાઉ હિંદી તો તેણે શીખી લીધી, પણ પછી સંસ્કૃત શીખવાનું મન થયું. સંસ્કૃત હિન્દુઓને મન દેવભાષા હતી, જ્યારે અંગ્રેજો તેમને મન મ્લેચ્છ. આવા મ્લેચ્છોને દેવ-ભાષા શીખવી, ને કોઈ પાપમાં પડવા નહોતું માગતું. જોન્સે કૃષ્ણનગરના મહારાજા કૃષ્ણચન્દ્રને તે માટે વિનંતિ કરી, પણ સંસ્કૃતશિક્ષક મેળવી આપવામાં તેમના પણ સઘળા પ્રયત્નો નિષ્ફળ ગયા.

અંતે રામલોચન કવિભૂષણ જોન્સને સંસ્કૃત શીખવવા તૈયાર થયા, પણ તે તેમની પોતાની શરતે. એમણે મહિને સો રૂપિયા વેતન માગ્યું, જે મંજૂર રાખવામાં આવ્યું. એ જમાનામાં સો રૂપિયા પગાર ઘણો ભારે લેખાય, અને પંડિતજીએ એ જ વિચારે એટલો પગાર માગેલો કે મ્લેચ્છને સંસ્કૃત શીખવવા બદલ પોતાને સમાજથી બહિ-સ્કૃત થવું પડે તો ય વાંધો ન આવે. પોતે ચિકિત્સક હતા એટલે રોગી-ઓ પાસેથી નિર્વાહ પૂરતી આવક મળી રહેવાની તેમને ખાતરી હતી.

પણ માત્ર સો રૂપિયાના વેતનથી જ એમની શરત અટકતી નહોતી, છતાં જોન્સને સંસ્કૃત શીખવાની તાલાવેલી એટલી બધી હતી કે તેણે તે બધી માન્ય રાખી. એ શરત મુજબ પંડિતજીને લેવા માટે અને લઈ જવા માટે દરરોજ ચાર હિંદુ ઊંચકનારાઓ સાથે પાલખી મોકલવી, દરરોજ હુગલીના જળથી અભ્યાસખંડની જમીન, દીવાલો, ટેબલ-ખુરશી વગેરે ધોવામાં આવે, એક અલગ રૂમ રાખવો જેમાં પંડિતજી કપડાં બદલી ભણાવવા માટે જુદાં કપડાં પહેરે, જે ધોવરાવીને એમના માટે બીજે દિવસે બદલવા સારુ તૈયાર રાખવાં, વગેરે.

ભણાવવાનો સમય પંડિતજીએ સવારનો નક્કી કરેલો. જોન્સને બરાબર નિર્ધારીત સમયે ભણવા બેસી જવું પડતું, અને તે પણ માત્ર એક કપ ચા પીને, કારણ, પંડિતજીના કહેવા પ્રમાણે, ભર્યા પેટે વિદ્યા-ગ્રહણ થઈ ન શકે. એ જ્યાં સુધી ભણાવવા આવે ત્યાં સુધી જોન્સને માંસાહાર કરવાની તો મનાઈ હતી, પરંતુ તેના નિવાસમાં ક્યાં યે માંસ લાવવા દેવાની મનાઈ હતી. પંડિતજીની ભણાવવાની પદ્ધતિ પુરાણી હતી, ઉપરાંત સ્વભાવે પણ ક્રોધી હતા. જોન્સની જરાક ભૂલ થતાં કહી ઊઠતા કે, 'તમને મ્લેચ્છોને દેવભાષા ક્યાંથી અવગત થાય?' તેમાં યે સંસ્કૃત શબ્દોનો અશુદ્ધ ઉચ્ચાર થતાં તે એવો તો મિજાજ ગુમાવતા કે જોન્સને ગાળો સુદ્ધાં દઈ બેસતા. જોન્સ સ્વભાવે સહન-શીલ હોઈ હસતે મોંએ બધું સહી લેતો.

આ બધી મુશ્કેલીઓ વચ્ચે સર વિલિયમ જોન્સ સંસ્કૃત શીખ્યા, 'શાકુંતલ' અને અન્ય સંસ્કૃત ગ્રંથોનો અંગ્રેજી અનુવાદ કર્યો, અ-ભ્યાસ-સંશોધન સાટે 'બેંગાલ એશિયાટિક સોસાયટી'ની સ્થાપના કરી, અને એમના પ્રયાસે યુરોપભરમાં સંસ્કૃત ભાષા શીખવાની ધૂમ મચી ગઈ. એ પછી પદ્ધતિસરના અભ્યાસ માટે ઈ. ૧૮૦૦માં ફૉર્ટ વિલિયમ કૉલેજની સ્થાપના કરવામાં આવી.

'વનફૂલ'ની લઘુકથા

પ્રયોજન

સુકન્યા ઝવેરી

જીવનમાં બે સત્યઘટના મેં પ્રત્યક્ષ જોઈ હતી. પહેલી સાવ જ સામાન્ય હતી, તમેય ઘણાએ આવી જાતનું દશ્ય જોયું હશે. મેળામાં એક માગણ છોકરો ભીખ માગતો ફરતો હતો, જીર્ણ-શીર્ણ શરીર, આંખમાં ચીપડાં, માથે જીંથરા વાળ અને સાવ ઉઘાડો દેહ; ક્ષીણ કંઠ મોટો કરી સહુ પાસે એ હાથ લંબાવી માગતો હતો. પણ મેળાની ભીડમાં કોઇનેય એની સામે નજર નાખવાની ફુરસદ નહોતી. મને અચાનક દયા આવી. પાકીટ ખોલી પહેલાં તો હું એક પૈસો આપવા જતો હતો, પણ મનમાં થયું કે એક પૈસામાં એનો શો દિ' વળશે? ભૂખ સમશે ખરી? કમ સે કમ ચાર આના દીધા વિના કંઈ નહિ વળે. એક પાવલી આપી. એના ચહેરા પર હાસ્ય ખીલી ઊઠ્યું. એ દોડ્યો. પણ જઇને એણે જે ખરીદ્યું તે ખાવાનું નહોતું, વાંસળી હતી. એક વાંસળી ખરીદી એ મનની મોજે વગાડવા માંડ્યો.

બીજી ઘટના જરાક અસાધારણ છે. તે વખતે હુલ્લડ ચાલતાં હતાં. અમે બધાએ લાઠી-ભાલા વગેરે હથિયાર ભેગાં કરી રાખ્યાં હતાં. કેવળ એકઠાં જ નહોતાં કર્યાં, મેં તો વહેંચ્યાં પણ હતાં. ભાત વેરો તો કાગડા એકઠા થાય જ. ઘણા જણ લાઠી માગવા આવી ગયા હતા. વહેંચતાં-વહેંચતાં છેવટે એક લાઠી રહી હતી. મેં નક્કી કર્યું કે આ તો હવે કોઇને નહિ આપું. તે દિવસે જબરદસ્ત અફવા હતી કે હુલ્લડ-ખોરો રાતે અમારા મહોલ્લા પર હુમલો કરશે. કરફ્યુ યે લાગી ગએલો એટલે રસ્તા પર લોકોની અવરજવર બંધ હતી. રાતના દસ વાગ્યા હતા. હું મારા બહારના ઓરડાની સ્ટોપર લગાડી એક નવલકથા લઈ વાંચવા બેઠો. એવામાં કોઇએ ધીમેથી બારણું ઠોક્યું.

'કોણ?' 'હું, કેનારામ.'

કેનારામ મારો મિત્ર છે. એ લાઠી નહોતો લઈ ગયો. મને થયું. લાઠી લેવા જ આવ્યો હશે. મેં બારણું ખોલી પૂછ્યું, 'શું લાઠી જોઇએ છે?'

'ના, બીડી છે તારી પાસે? બે દિવસથી બીડીની દુકાન બંધ છે. પેટ ફૂલી ગયું છે મારું...'

જાનની પરવા કર્યા વિના આટલી રાતે અને કરફ્યુમાં એ કેનારામાં, આવ્યો હતો, લાકડી માટે નહિ, બીડી માટે!

સહુનું પ્રયોજન સરખું હોતું નથી-જરૂરીઆત સરખી હોતી નથી. મારે કશાની યે ખોટ નથી, બેંકમાં અઢળક ધન છે, હાથમાં ઘણી બધી ફુરસદ. કામ કરીને ખાવું નથી પડતું. પગ પર પગ ચડાવી બેઠોબેઠો આ-રામથી દિવસ પસાર કરું છું. પૈસા વડે જેટલા પ્રકારનાં ખુશી-આનંદ ખરીદી શકાય એ બધાં જ આનંદ-સુખ મેં માણ્યાં છે. તોય હું આત્મ-હત્યા કરી રહ્યો છું. કારણ, એનું પ્રયોજન હતું. સહુનું પ્રયોજન સમાન નથી હોતું.

ઉપર કહેલી બંને વાર્તા ધ્યાનથી વાંચજો-વિચારજો.

પિસ્તોલની ગોળીથી જેમનું માથું વીંધાઇ ગયું હતું એ મૃત્યુંજય સિંહ, જેના પર મસ્તક રાખી ચિર નિદ્રામાં અભિભૂત થયા હતા, એ લોહી-તરબોળ ઓશિકા નીચેથી આ ઉપર આપ્યો તે લેખ મળ્યો હતો.

ગુલબદનબાનુ પ્રથમ મુગલ બાદશાહ ઝહીરૂદ્દીન બાબરની પુત્રી. બાબર, હુમાયૂં અને અકબર એ ત્રણ પેઢીનો અમલ તેણે પોતાના જીવનકાળમાં જોયેલો. અકબરના સમયમાં તો એ વૃદ્ધાવસ્થાએ પહોંચી ગયેલી. એનો પૂરો માનમર્તબો જાળવતા અકબરે જ એક દિવસ તેને કહ્યુ, 'તમે અબ્બાજાન ને દાદાજાનનો ઇતિહાસ લખો તો?' ગુલબદનને આ સૂચન ગમી ગયું. તે પોતે ફારસી ભાષામાં નિષ્ણાત હતી. ફારસીમાં તેણે કાવ્યરચના સુધ્ધાં કરેલી.

બાબરની ત્રણ બેગમો પૈકી દિલદાર બેગમને પેટે જન્મેલી ગુલબદન

બાબરની બહુ લાડકી હતી. અકબરના સૂચન પરથી તેણે 'અહવાલે બાબર' તથા 'અહવાલે હુમાયૂં' લખી કાઢયાં જે ઇતિહાસની નજરે મૂલ્યવાન ગણાય છે. અકબર પર તેને ખૂબ જ પ્રેમ હતો, અને તેની અંતિમ બીમારી દરમિયાન અકબરે પણ તેની ખૂબ કાળજી રાખેલી પણ તે બચી શકી નહિ. તે પરણેલી કે આજીવન કુંવારી રહેલી તે પર કશો પ્રકાશ પડતો નથી, અબુલફઝલ જેવાએ પણ તે ઉચ્ચ પ્રકારની કવયિત્રી હોવાના નિર્દેશ સિવાય આ બાબત કશી માહિતી નથી આપી.

ઈ. ૧૬૦૩માં ૮૯ વર્ષની ઉંમરે તે મરણ પામી ત્યારે મૃત્યુ સમયે અકબરના મસ્તક પર હાથ મૂકી આશીર્વાદ આપેલા, 'હું તો જાઉં છું, પણ તું ચિરંજીવ રહેજે.'

ગોદાવરીના કાંઠે નિઝામુલ્મુલ્ક અને બાજીરાવ પેશવા વચ્ચે ઈ. ૧૮૨૮માં ચાલેલા યુદ્ધમાં છેવટે નિઝામનું સૈન્ય હાર્યું. આ યુદ્ધની ખુવારી ઉપરાંત સૈન્યને માટે અનાજની પણ તંગી ઊભી થઈ અને સૈનિકોને ભૂખમરો વેઠવાનું આવ્યું. એવામાં મુસ્લિમ તહેવારનો દિવસ આવ્યો, અને એ સપરમા દિવસે પણ પોતાના સૈનિકોને ભૂખમરો વેઠવો ન પડે એટલા માટે નિઝામે પેશવાને પોતાના સૈનિકોને અન્નના અભાવે વેઠવા પડતા ભૂખમરાની હકીકત જણાવી તેની મદદ માગી. પેશવાના મંત્રીઓએ તો દુશ્મનને મદદ કરવાને બદલે તેની આ સ્થિતિનો લાભ લઈ તેની સેના પર આક્રમણ કરી ખલાસ કરવાની તક સાધવાની સલાહ આપી, પણ બાજીરાવે જવાબ આપ્યો, 'ભૂખથી અશક્ત બનેલા સૈન્ય પર આક્રમણ કરવું એ તો કાયરતા છે' અને તેણે નિઝામના સૈન્ય માટે અનાજ મોકલી આપ્યું. પેશવાના આ ઉદારતાથી નિઝામનું હૃદય કૃતજ્ઞતાથી ભરાઈ ઊઠયું અને તેણે સંધિ કરી લીધી.

અશોક હર્ષ

સેણ સગાયું કીજીએ, જેવી કુળની રીત,
સરખેસરખાં ગોતીએ, વેર વેવાઈ ને પ્રીત.

વૈદરાજ ઝંડુ ભટ્ટજી દરદીઓમાં ફરતાફરતા એક વાર સૌરાષ્ટ્રમાં ચૂડા મુકામે ગયેલા ત્યાં એક દરદીને તપાસીને પોતાના મદદનીશને કહ્યું કે, 'આને સુવર્ણ વસંતમાલતી આપો.' મદદનીશે અચકાતાં અચકાતાં કહ્યું કે, 'વસંતમાલતી બહુ જ થોડી – વાલ બે વાલ જેટલી રહી છે; બીજી મંગાવી છે તે આજકાલમાં આવી જશે.' ઝંડુ ભટ્ટજીનું કરુણાર્દ્ર હૈયું તરત બોલી ઊઠ્યું : 'ચિ. નર્મદાશંકર બીમાર હોય તો તમે એને આ વસંતમાલતી આપો કે નહિ? આપણો કોઈ દરદી દીકરા કરતાં ઓછો નથી.'

ગણિતગમ્મત : ૧ થી શરૂ કરીને કોઈ પણ આંકડા સુધીની રકમના બધા જ આંકડાઓનો સરવાળો કરવા માટે તેની બરાબર વચ્ચેના તથા તેના સૌથી મોટા આંકડાનો ગુણાકાર કરવો. જેમ કે ૧થી ૯ સુધીની રકમના બધા જ આંકડાઓનો સરવાળો કરવા માટે ૫ અને ૯નો ગુણાકાર કરવો; ૧ થી ૮ સુધીના અંકના સરવાળા માટે ૪ાા અને ૮નો ગુણાકાર કરવો.

કહેવતોના અર્થ: 'છાણના દેવને કપાસિયાની આંખો (કે ખાસડાની પૂજા)'–કોઈ પણ વ્યક્તિની યોગ્યતા અનુસાર તેની સાથે વર્તાવ કરવો જોઈએ એવો આ કહેવતનો ગર્ભિત અર્થ. દેવ જો છાણના બનાવેલા હોય તો તેમની આંખો કપાસિયા જેવી હલકી ચીજોની જ હોય એ રૂપક દ્વારા ચોટદાર બને છે.

ડેઝર્ટ સ્નેઈલ નામે ઓળખાતી રણપ્રદેશની ગોકળગાય પોતાના કોચલામાં સતત ચાર વર્ષ સુધી એકધારી ઊંઘ ખેંચી શકે છે.

जीर्यन्ते जीर्यतः केशा दन्त जीर्यन्ति जीर्यतः।
चक्षुःश्रोत्रे च जीर्येते तृष्णैका तरुणायते ॥

ઢળતી વયે મનુષ્યના વાળ-દાંત જીર્ણ થઈ ખરવા પડવા માંડે છે, આંખ-કાનનાં તેજ ને શક્તિ ઓછાં થઈ જાય છે, ને અવયવોમાં આવી બીજી અનેક ઊણપો આવવા માંડે છે; માત્ર માનવીની તૃષ્ણા જ એક એવી છે જે આથમતી વયે ઊલટી વધુ ન વધુ તરુણ બનતી જાય છે!

પૃથ્વી ઉપર આજે ૧૪૦ લાખ જેટલી જાતનાં નાનાંમોટાં પ્રાણી તથા ૫ લાખ જેટલી જાતના છોડ છે. પણ અત્યાર સુધીમાં થએલાં વિવિધ પ્રાણીઓ અને વિધવિધ છોડની સંખ્યાનું આ તો માત્ર એક શતાંશ જેટલું જ પ્રમાણ છે. બાકીની જાતના પ્રાણીઓ અને છોડ હવે તો નાશ પામી ગયાં છે.

સાંજે જ્યારે રમેશ ઑફિસેથી ઘેર આવ્યો કે તરત જ તેની પત્ની બોલી ઊઠી: 'કાલે તમે બબીને માટે જે રમકડું લાવ્યા હતા તે તદ્દન નવી જાતનું છે અને કોઈ દિવસ તૂટે તેવું નથી એમ તમે કહેતા હતા ને?'

રમેશે ગભરાયેલા સ્વરે કહ્યું : 'તો શું એ તૂટી ગયું? હું હમણાં જ જઈને દુકાનદારને'

'અરે પૂરી વાત તો સાંભળો : બબીએ એ વડે ઘરનાં બીજાં બધાં રમકડાં તોડી નાખ્યાં.'

એક પાઉન્ડ જેટલા પાણીનું ઉષ્ણતામાન એક અંશ ફેરનહાઈટ જેટલું વધારવામાં જે શક્તિ વપરાય તેટલી શક્તિથી ૭૭૮ પાઉન્ડ જેટલું વજન ૧ ફૂટ અદ્ધર ઊંચકી શકાય.

સૂર્યાસ્ત સમયે જ્યારે સૂર્યબિંબ ક્ષિતિજ રેખાને સ્પર્શ કરતું દેખાય છે ત્યારે ખરેખર તો સૂર્ય ક્ષિતિજ રેખાની નીચે ઊતરી ચૂક્યો હોય છે. જે સૂર્યબિંબ દેખાય છે એ તો પ્રકાશનાં કિરણો વાતાવરણમાં જે વળાંક લે છે તેનાથી પેદા થતો ભ્રમ છે.

પોતાના કદના પ્રમાણમાં ચાંચડ સૌથી વધુ કૂદી શકે છે. તેનો એક કૂદકો ૧૨ ઇંચ જેટલો હોય છે, જે એના પોતાના કદ કરતાં ૧૨૦ ગણો થાય છે. આ જ રીતે જો માણસ કૂદી શકે તો તેના એક કૂદકા માટે બે ફૂટબોલ-ગ્રાઉન્ડ જેટલી જગ્યા જોઈએ.

ઉત્તર ધ્રુવ પાસેના ટુન્ડ્રા પ્રદેશમાં ૧૦ ચોરસ માઈલમાં એટલી જાતનાં જીવડાં થાય છે કે એટલાં સસ્તન પ્રાણીઓ સમસ્ત ઉત્તર અમેરિકામાં પણ નથી.



કલાકણિકા : ૪૫૦૦ વર્ષ પહેલાંનું ક્રીટનું સુશોભિત પાત્ર